


# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ 5 | મ્યુચ્યુઅલ ફંડ SIP ચૂકવાથી રોકાણ પર પડે છે અસર

14 JANUARY-2025 TUESDAY

'આપણો દેશ બિકાઉ નથી, અમને તેના પર ગર્વ છે; અમે તેના...





શુભકામનાઓ | વર્ષ-14 | અંક-058 | વિક્રમ સંવત-2081 | પોષ વદ-01 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# મહાકુંભમાં 1.65 કરોડ શ્રદ્ધાળુએ ડૂબકી લગાવી




**હેલિકોપ્ટરથી ભક્તો પર 20 ક્વિન્ટલ ફૂલોનો વરસાદ કરાયો**

મહાકુંભનો પ્રારંભ થઈ ગયો છે. આજે પોષ પૂર્ણિમાના દિવસે ભક્તોએ પહેલું સ્નાન કર્યું. સાંજે 6 વાગ્યા સુધીમાં 1.65 કરોડ શ્રદ્ધાળુઓએ 44 ઘાટ પર સ્નાન કર્યું હતું. હેલિકોપ્ટરથી ભક્તો પર 20 ક્વિન્ટલ ફૂલોનો વરસાદ કરવામાં આવ્યો. 144 વર્ષ પછી એક દુર્લભ ખગોળીય સંયોગમાં મહાકુંભ મેળો યોજાઈ રહ્યો છે. ભીડ એટલી મોટી હતી કે 3700 લોકો તેમના પ્રિયજનોથી અલગ થઈ ગયા. બાદમાં લોસ્ટ એન્ડ ફાઉન્ડ સેન્ટરની મદદથી મોટાભાગના લોકો મળી ગયા. લોકો પર હેલિકોપ્ટર અને NSG કમાન્ડો નજર રાખી રહ્યા છે.

# આર્થિક સમૃદ્ધિનો મહાકુંભ : 1 હજાર કરોડ રૂપિયાના તો ફૂલ જ વેચાશે...!

(એજન્સી) પ્રયાગરાજ | તા.13

આજથી શરૂ થઈ રહેલા મહાકુંભ મેળો હકીકતે તો આર્થિક સમૃધ્ધિનો મહાકુંભ બની રહેવાનો છે. મહાકુંભને મહા બિઝનેસ સાથે સરખાવી શકાય છે. જ્યાં 40 કરોડ લોકો કુંભ સ્નાન માટે આવશે ત્યારે તેમની મોક્ષની ડૂબકીની સાથે તે કુંભ મેળા સાથે સંકળાયેલા આર્થિક ચક્રને પણ વેગવંતુ બનાવશે. કુંભમેળા સાથે સંકળાયેલા લોકોને રૂ. 2.5 લાખ કરોડની આવક થવાનો અંદાજ છે.

જેમાં ટુરીઝમ, હોટલ ઉદ્યોગ, નાના પાથરણા વાળા, ખુમચાવાલા અને મિઠાઈની  તેમજ પ્રસાદની દુકાનોને 45 દિવસમાં ભારે ઘરાકીનો અનુભવ થશે. 2013માં આયોજિત કુંભ મેળામાં  2013ના કુંભમેળામાં 12,000 કરોડની આવક થઈ હતી, 2019માં રૂ. 1.2 લાખ કરોડની આવક થઈ હતી. આ વખતનું આયોજન અને પ્રચાર પ્રસાર એટલો બધો છે કે કમાણી વધી રૂ. 2.5 લાખ કરોડથી વધવાનો અંદાજ છે.



**અઢી લાખ કરોડની આવકનો અંદાજ**

### રૂ. 2000 કરોડની પૂજા સામગ્રી વેચાશે

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સે કહ્યું છે કે રોજીંદા જીવનની ચીજો ખરીદવાની માત્રા 17310 કરોડ પર પહોંચવાની ધારણા છે. આ ફેડરેશન કહે છે કે પૂજા માટેની સામગ્રીનો વેચાણનો આકડો 2000 કરોડ, જ્યારે 1000 કરોડથી વધુની કિંમતના ફૂલો વેચાશે.

### 3000 વિશેષ ટ્રેનો રેલવે તરફથી

રેલ્વે તરફથી 3000 વિશેષ ટ્રેનો સહિત 13,000 ટ્રેનોની સવલતો ઉભી કરાઈ છે. 200 એ.સી બસો સહિત 7000થી વધુ બસો તેમજ 200થી વધુ ચાર્ટર્ડ ફ્લાઈટ પણ તૈયાર રખાઈ છે.

### 40 કરોડ માટે ભંડારાનું આયોજન

કુંભ મેળામાં 40 કરોડ શ્રદ્ધાળુઓ આવશે તે જાણીને આખું વિશ્વ કુંભ મેળાનું મેનેજમેન્ટ જાણવા મથી રહ્યા છે. વિશ્વમાં ક્યાંય આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભેગા થતા નથી. અનેક ધાર્મિક અને સેવાભાવી સંગઠનો શ્રદ્ધાળુઓને જમવા માટેના ભંડારા ખોલીને બેઠા છે. નાના વેપારીઓ અને ખુમચાવાળા કમાઈ શકે તે માટે તેમને બેસવાની વિશેષ વ્યવસ્થા કરાઈ છે. ગુજરાતના સેવાભાવી લોકો પણ કુંભમેળાના સ્થળે ભંડારા ખોલીને બેઠા છે. આ ભંડારામાં લોકોને વિનામૂલ્યે જમવાનું તેમજ આરામ કરવાની સવલતો ઉભી કરાઈ છે.

**દિલ્હીની સીલમપુર બેઠક પર એક રેલીમાં રાહુલ ગાંધીએ કહ્યું...**

# PM મોદી અને કેજરીવાલ વચ્ચે કોઈ ફરક નથી

(એજન્સી) નવી દિલ્હી | તા.13

રાહુલ ગાંધીએ દિલ્હીની સીલમપુર બેઠક પર એક રેલી સાથે વિધાનસભા ચૂંટણી માટે પોતાનો પ્રચાર શરૂ કર્યો છે. પોતાની પહેલી રેલીમાં તેમણે પોતાનું આક્રમક વલણ બતાવ્યું અને ભાજપ પર જોરદાર પ્રહારો કર્યા. રાહુલે કહ્યું કે દેશમાં વિચારધારાની લડાઈ ચાલી રહી છે. આપણે બંધારણનું રક્ષણ કરવું પડશે. રાહુલે ભાજપ અને આમ આદમી પાર્ટી બંને પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે કેજરીવાલે કહ્યું હતું કે તેઓ દિલ્હીને પેરિસ જેવું બનાવશે અને ભ્રષ્ટાચારનો અંત લાવશે. જેમ મોદીજી ખોટા વચનો આપે છે, તેમ કેજરીવાલ પણ ખોટા વચનો આપે છે. બંને વચ્ચે કોઈ ફરક નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપ અને આરએસએસના લોકો બંધારણને નુકસાન પહોંચાડી રહ્યા છે. આ લોકો નફરત ફેલાવી રહ્યા છે. અમે બંધારણ બચાવવા માટે કન્યાકુમારીથી કાશ્મીર સુધી 4000 કિલોમીટરની મુસાફરી કરી. વડા પ્રધાન મોદી, ભાજપ અને આરએસએસ દરરોજ ડૉ. ભીમરાવ આંબેડકરના બંધારણ પર હુમલો કરે છે.



### દેશના ગરીબો વધુ ગરીબ થઈ રહ્યા છે

રાહુલ ગાંધીએ કહ્યું, પીએમ મોદી અને અરવિંદ કેજરીવાલે મોંઘવારી ઘટાડવાનું વચન આપ્યું હતું પરંતુ તે કરવામાં નિષ્ફળ ગયા. દેશમાં ગરીબો વધુ ગરીબ અને અમીરો વધુ અમીર બની રહ્યા છે.

### પ્રેમ જ નફરતને હરાવી શકે

તેમણે કહ્યું કે દેશમાં ફક્ત પ્રેમ જ નફરતને હરાવી શકે છે. મને એવું ભારત નથી જોઈતું જ્યાં અબજોપતિ કંઈ પણ કરી શકે. રાહુલ ગાંધીએ ફરી એકવાર અંબાણી અને અદાણીના નામ લઈને હુમલો કર્યો. તેમણે કહ્યું કે અંબાણી અને અદાણી જેવા લોકોએ આખો દેશ ખરીદી લીધો છે.

### દેશમાં 50 ટકા લોકો પછાત વર્ગના છે

ભારત દરેક ભારતીયનું છે. ભલે તેની જાતિ કે ધર્મ કોઈ પણ હોય. દરેકને સુરક્ષા મળવી જોઈએ. નરેન્દ્ર મોદી અને કેજરીવાલે કહ્યું હતું કે તેઓ મોંઘવારી ઘટાડશે. શું મોંઘવારી ઘટી? આ દેશમાં ઓછામાં ઓછા ૫૦ ટકા લોકો પછાત વર્ગના છે. દલિતોની વસ્તી ૧૫ ટકા છે. ૫૦૦ સૌથી મોટી કંપનીઓની યાદી જુઓ, તમને એક પણ દલિત કે પછાત વ્યક્તિ નહીં મળે. રાહુલ ગાંધીએ કહ્યું કે કેજરીવાલે અદાણી વિશે એક પણ શબ્દ નથી કહ્યું. પીએમ મોદી અને કેજરીવાલ નથી ઈચ્છતા કે એક પણ ગરીબ, આદિવાસી અને દલિતને તેમનો હિસ્સો મળે.

# 15 મિસાઈલો તહેનાત, ઈરાને ફ્રાંસ-બ્રિટન સાથે તાબડતોબ બેઠકો કરી

**ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિ પહેલા ગભરાયું ઈરાન**

(એજન્સી) નવી દિલ્હી | તા.13

ઈઝરાયલ-ગાઝા યુદ્ધ અને અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિ સમારોહ પહેલા મિડલ-ઈસ્ટમાં હલચલ વધી છે. જ્યારે બીજી તરફ, ઈરાનને ડર છે કે અમેરિકા તેમના પરમાણુ સાઈટને નિશાનો બનાવીને હુમલો કરી શકે છે. જેને લઈને ઈરાની સેના અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ તેમના બે શહેરોમાં સ્થિત બે પરમાણુ સાઈટની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે. પરિસ્થિતિ એવી છે કે, કોમ પ્રાંતના ફોર્ડો અને ખોનબ શહેરોને મિસાઈલ શહેરો તરીકે અભેદ્ય કિલ્લા બનાવવામાં આવ્યા છે. ઈરાને ખોરદાદ-15 એર ડિફેન્સ સિસ્ટમ મિસાઈલ તૈનાત કરીને રાખી છે.



### શું છે ખોરદાદ 15 એર ડિફેન્સ સિસ્ટમ?

ખોરદાદ 15 એર ડિફેન્સ સિસ્ટમ સૈયદ-3 મિસાઈલનો ઉપયોગ કરીને 200 કિલોમીટર સુધીની રેન્જમાં ડ્રોન, ક્રુઝ મિસાઈલ અને માનવયુક્ત વિમાન સહિત 6 મિસાઈલોને એકસાથે શોધી કાઢવા, અટકાવવા અને નિશાનો બનાવવા સક્ષમ છે. આ ડિફેન્સ સિસ્ટમ 45 કિલોમીટર સુધીના અંતરે દુશ્મનના લડાકુ વિમાનોને નિશાન બનાવી શકે છે. ખોરદાદ 15એ ઈરાનના એર ડિફેન્સ યુનિટમાં સૌથી નવી અને આધુનિક એન્ટી મિસાઈલ સિસ્ટમ છે.

# PM મોદીએ સોનમર્ગ ટનલનું ઉદ્ઘાટન કર્યું



(એજન્સી) સોનમર્ગ | તા.13

PM મોદી સોમવારે સવારે 11:45 વાગ્યે જમ્મુ-કાશ્મીરના ગાંદરબલમાં Z-Morh ટનલનું ઉદ્ઘાટન કર્યું. શ્રીનગર-લેહ હાઈવે NH-1 પર બનેલી 6.4 કિલોમીટર લાંબી ડબલ લેન ટનલ શ્રીનગરને સોનમર્ગથી જોડશે. હિમવર્ષાના કારણે આ હાઈવે 6 મહિના સુધી બંધ રહે છે. ટનલ બનવાથી લોકોને દરેક હવામાનમાં કનેક્ટિવિટી મળશે. અગાઉ શ્રીનગર-લેહ હાઈવે પર ગગનગીરથી સોનમર્ગ વચ્ચે 1 કલાકથી વધુ સમય લાગતો હતો. આ ટનલના કારણે હવે આ અંતર 15 મિનિટમાં કાપી શકાશે. આ ઉપરાંત વાહનોની સ્પીડ પણ 30 કિમી પ્રતિ કલાકથી વધીને 70 કિમી પ્રતિ કલાક થઈ જશે.

# મહાકુંભના પ્રથમ દિવસે શેરબજારની મંદીમાં ડૂબકી

## સેન્સેક્સમાં 1048 પોઈન્ટનો કડાકો, નિફ્ટી 341 અંકનો ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી | તા.13

કારોબારી સપ્તાહનો પ્રથમ દિવસ એટલે કે સોમવાર અને મહાકુંભની શરૂઆત. ત્યારે મહાકુંભના પ્રથમ દિવસે જ શેરબજારમાં કડાકો જોવા મળ્યો. શેરબજાર બપોરે 3.30 કલાકે લાલ નિશાનમાં બંધ થયું. ત્યારે સેન્સેક્સ 1048 પોઈન્ટના ઘટાડા સાથે 76,348 અંક પર બંધ થયુ છે. જ્યારે 345.55 પોઈન્ટના ઘટાડા સાથે 23,085 અંક પર બંધ થયો છે.



### માર્કેટ કેમ ડાઉન?

અમેરિકાના મજબૂત રોજગાર ડેટાએ વ્યાજ દરમાં વહેલા ઘટાડાની સંભાવનાઓને મોટો ફટકો આપ્યો છે. આ ઉપરાંત બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ $81 પર પહોંચી ગયો છે. આ બંને કારણોએ બજારના સેન્ટિમેન્ટને પણ અસર કરી છે.  સોમવાર સવારથી બજારમાં સતત ઘટાડા વચ્ચે રોકાણકારોની સંપત્તિમાં 8 લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને રૂ. 4,21,29,900 કરોડ થયું છે. શુક્રવારે તે 4,29,67,835 કરોડ રૂપિયા હતું.

### કુંભ મેળા દરમિયાન સેન્સેક્સ ઘટ્યો

સેમકો સિક્યોરિટીઝે મહાકુંભ મેળા દરમિયાન ભારતીય શેરબજારના વર્તનનું એક રસપ્રદ ઉદાહરણ રજૂ કર્યું છે. સેમ્કો સિક્યોરિટીઝના માર્કેટ પર્સ્પેક્ટિવ્સ અને રિસર્ચના વડા અપૂર્વ શેઠે છેલ્લા 20 વર્ષ દરમિયાન શેબજારના પર્ફોમન્સનું વિશ્લેષણ કર્યું છે . જેમાં કુંભ મેળો છ વખત ઉજવવામાં આવ્યો હતો. અહેવાલ દર્શાવે છે કે આ તમામ છ પ્રસંગોએ, કુંભ મેળાની શરૂઆતથી અંત સુધી BSE ના મુખ્ય સૂચકાંક સેન્સેક્સનું વળતર નકારાત્મક રહ્યું છે. કુંભ મેળાના 52 દિવસ દરમિયા સેન્સેક્સમાં 3.4 ટકાનો ઘટાડો જોવા મળ્યો.

# 15 જાન્યુઆરીએ યોજાનારી UGC નેટની પરીક્ષા મોકૂફ

નવી દિલ્હી | નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ 15 જાન્યુઆરીએ યોજાનારી રાષ્ટ્રીય પાત્રતા પરીક્ષા (NET) ને મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. મકરસંક્રાંતિ અને પોંગલના કારણે પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. NTAએ જણાવ્યું કે, થોડા દિવસો બાદ નવી તારીખની જાહેરાત કરવામાં આવશે. NTAએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, 'પોંગલ, મકરસંક્રાંતિ અને અન્ય તહેવારોને કારણે એનટીએએ 15 જાન્યુઆરીએ યોજાનારી યુજીસી-એનઈટી ડિસેમ્બર-2024ની પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.

**અંક બંધ**

**14મી જાન્યુઆરી 2025 મકરસંક્રાંતિ પર્વના દિવસે અખબારી કાર્યાલય બંધ રહેશે જેથી 15મી ઓગસ્ટ 2025નો અંક પ્રસિદ્ધ થશે નહીં. જેની વાચકમિત્રો, વિજ્ઞાપનકારો અને વિતરકબંધુઓએ નોંધ લેવી. ■ વ્યવસ્થાપક**

# સરહદ પર તણાવ વધ્યો: ફેન્સિંગ મુદ્દે ભારતે બાંગ્લાદેશ સરકારને આપ્યો જડબાતોડ જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા.13

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સરહદ પર ફેન્સિંગ મુદ્દે ભારે વિવાદ ચાલી રહ્યો છે. બાંગ્લાદેશે માલદાના બૈશ્નબનગરના સુકદેવપુરા વિસ્તારમાં ફેન્સિંગનું કામ અટકાવવાનો પ્રાયસ કર્યા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. ભારત સરકારે આ વિવાદ મુદ્દે બાંગ્લાદેશી રાજદ્વારી મોહમ્મદ નુરાલ ઈસ્લાને બોલાવ્યા છે. ઉલ્લેખનીય છે કે, બંને દેશોની સરહદ નવાદા ચોકી પર 10 જાન્યુઆરીએ ગોળીબારની ઘટના બની હતી, જેમાં બાંગ્લાદેશે ભારતીય સેના દ્વારા ગોળીબાર કરાયો હોવાનો આક્ષેપ કર્યો હતો ત્યારબાદ ગઈકાલે (12 જાન્યુઆરી) ભારતીય હાઈકમિશનર પ્રણય વર્માને બોલાવ્યા હતા.



### ભારતની બાંગ્લાદેશને સ્પષ્ટ ચેતવણી

ભારતીય હાઈ કમિશનર પ્રણવ વર્માએ બાંગ્લાદેશને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, સરહદ પર સુરક્ષા માટે ફેન્સિંગ ખૂબ જ જરૂરી છે. તેમણે કહ્યું કે, આપણે સુરક્ષાને ધ્યાને રાખી સરહદ પર ફેન્સિંગ મામલે સમજૂતી કરાર કર્યા છે. બંને દેશોના બોર્ડર સિક્યુરિટી ફોર્સ, BSF અને BGB નિયમિત ચર્ચાઓ કરતા રહે છે. અમને આશા છે કે, આ સમજૂતીને લાગુ કરવામાં આવશે.

### યુનૂસ સરકારે અગાઉની સરકારને જવાબદાર ઠેરવ્યા

બીજીતરફ બાંગ્લાદેશના ગૃહકાર્ય સલાહકાર જહાંગીર આલમ ચૌધરીએ આ વિવાદ મુદ્દે અગાઉની સરકારને જવાબદાર ઠેરવ્યા છે. તેમણે કહ્યું કે, અગાઉની સરકાર દરમિયાન કેટલાક સામાન્ય સમજૂતી કરારે બંને દેશોની સરહદ પર અનેક ગૂંચવણો ઉભી કરી છે. આ સમજૂતીના કારણે આજે બંને દેશોની સરહદ પર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# ડિસેમ્બરમાં મોંઘવારી દર ઘટીને 5.22% થયો

(એજન્સી) નવી દિલ્હી | તા.13

દેશની છૂટક મોંઘવારીમાં સતત બીજા મહિને ઘટાડો જોવા મળ્યો છે. ડિસેમ્બર મહિનાના ડેટા જોઈને સરકાર અને રિઝર્વ બેન્કને રાહત મળી શકે છે. આનું એક કારણ છે. દેશની છૂટક મોંઘવારી 4 મહિનાના નીચલા સ્તરે આવી ગઈ છે. સરકારી આંકડા અનુસાર ખાદ્ય પદાર્થોના ભાવમાં ઘટાડાના કારણે ડિસેમ્બરમાં ભારતની છૂટક મોંઘવારી નવેમ્બરમાં 5.48 ટકાથી થોડી ઘટીને 5.22 ટકા થઈ છે.

ઓક્ટોબરમાં ભારતની છૂટક મોંઘવારી વધીને 14 મહિનાની ઊંચી સપાટી 6.2 ટકા પર પહોંચી હતી, જ્યારે ખાદ્ય ફુગાવો વધીને 10.9 ટકાની 15 મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. એક સર્વેમાં અંદાજ



લગાવવામાં આવ્યો હતો કે ડિસેમ્બરમાં ભારતનો ફુગાવો ઘટીને 5.3 ટકા થઈ શકે છે. જોકે ભાવવધારામાં થોડો ઘટાડો થયો છે, જો આપણે ગ્રામીણ ફુગાવાની વાત કરીએ તો તે નવેમ્બરમાં 9.10 ટકાની સરખામણીમાં ઘટીને 5.76 ટકા થઈ ગયો છે, જ્યારે શહેરી ફુગાવો પાછલા મહિનામાં 8.74 ટકાથી ઘટીને 4.58 ટકા થઈ ગયો છે.

### ખાદ્ય ફુગાવામાં થયો ઘટાડો

ડિસેમ્બર મહિનામાં સૌથી મોટી રાહત ખાદ્ય ફુગાવામાં ઘટાડો થવાથી મળી, જે એકંદર ફુગાવાના બાસ્કેટનો લગભગ અડધો ભાગ છે. ડિસેમ્બરમાં ખાદ્ય ફુગાવો ઘટીને 8.39 ટકા થયો છે જે અગાઉના મહિનામાં 9.04 ટકા હતો. દેશના CPI બાસ્કેટનો લગભગ અડધો હિસ્સો ધરાવતા ખાદ્ય પદાર્થોના ભાવે તાજેતરના મહિનાઓમાં ફુગાવાનો દર ઊંચો રાખ્યો છે, જે મુખ્યત્વે શાકભાજીના ભાવને કારણે છે. જોકે અનુકૂળ ચોમાસાના ટેકાથી ઉનાળુ પાકનો બમ્પર પાક થવાથી તેમને રાહત મળવા લાગી છે, જેનાથી આગામી મહિનાઓમાં વધુ નરમાઈની આશા જાગી છે.

# અદાણી ગ્રુપ: છત્તીસગઢમાં ₹.75000 કરોડનું રોકાણ, રોજગારોનું સર્જન થશે

(એજન્સી) રાયપુર | તા.13

અદાણી ગ્રુપે છત્તીસગઢમાં મોટા રોકાણની જાહેરાત કરી છે. ત્યારે આ ગ્રુપ દ્વારા વિવિધક્ષેત્રમાં ઉદ્યોગોના વિસ્તરણ માટે 75,000 કરોડના રોકાણની જાહેરાત કરી છે. તદુપરાંત વધુમાં, કંપની સિમેન્ટ પ્લાન્ટના વિસ્તરણ માટે વધારાના 5,000 કરોડનું પણ રોકાણ કરશે. શિક્ષણ, આરોગ્ય, કૌશલ્ય વિકાસ અને પર્યટનમાં વિકાસ સાથે રોજગારોનું સર્જન થશે.


છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈ સાથેની મુલાકાતમાં અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ રાજ્યની ઔદ્યોગિક અને માળખાગત ક્ષમતાઓને વધારવા માટે એક મોટી યોજનાનું અનાવરણ કર્યું હતું. અદાણી ગ્રુપે જણાવ્યું છે કે તે રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા 6,120 મેગાવોટ સુધી વધારવાના ઉદ્દેશ્યથી કોરબા, રાયપુર અને રાયગઢમાં તેના પાવર પ્લાન્ટનું વિસ્તરણ કરવા 60,000 કરોડનું રોકાણ કરશે.

પાવર સેક્ટરને પ્રોત્સાહન આપવા ઉપરાંત અદાણી ગ્રુપ રાજ્યમાં તેના સિમેન્ટ પ્લાન્ટને આગળ વધારવા માટે 5,000 કરોડનું રોકાણ કરશે. ગૌતમ અદાણી સાથેની આ મુલાકાતમાં આ માહિતી છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈના કાર્યાલય દ્વારા સોશિયલ મીડિયા X પર એક પોસ્ટમાં આપવામાં આવી હતી.

# કચ્છના ધોરડોમાં આજે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ 2025નો શુભારંભ : વિદેશી પતંગબાજો ઉમટ્યાં






કચ્છનું ધોરડો સફેદરણના લીધે આજે વિશ્વ વિખ્યાત બની ચૂક્યું છે. રણોત્સવ દરમ્યાન લાખો ની સંખ્યામાં દેશ વિદેશના પર્યટકો ઉમટી પડતા હોય છે ત્યારે ધોરડો ખાતે આજે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૫નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ભાગ લેવા દેશ વિદેશના પતંગબાજો ઉમટી પડયા છે.

**- મહેશ એલ.સોની નખત્રાણા**

## ચાણસ્મા | ગોગા મહારાજ મંદીર ને 25 વર્ષ પૂર્ણ થતા ત્રી દિવસિય રજત જયંતી ઉત્સવની ઉજવણી કરાશે



નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા ખાતે રબારી વાસ માં પૌરાણિક ગોગા મહારાજ નું મંદીર આવેલું છે જેને 25વર્ષ પૂર્ણ થતા ગોગા પરિવાર દ્વારા 16 જાન્યુઆરી થી 18 જાન્યુઆરી દરમિયાન ત્રી દિવસિય રજત જ્યંતી મહોત્સવ ની ઉજવણી નું ભવ્ય આયોજન કરાયું સે ત્યારે આ મહોત્સવ દરમિયાન અતિરુદ્ર મહા યજ્ઞ સહિત ઉતરગુજરાત કાઠિયાવાડ ના સુપ્રસિદ્ધ લોક કલાકારો ના લોકડાયરા સાથે સંતો ભુવાજી ઓ ના સામેયા સાથે ધાર્મિક કાર્યક્રમો નું ભવ્ય આયોજન કરાયું હોવાનું ગોગા પરિવાર ના મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ ભુવાજી એ જણાવ્યું હતું.

## પીરોટન ટાપુ પર ઊભા કરી દેવાયેલા ગેરકાયદેસર દબાણોના અતિક્રમણ સામે તંત્રની નક્કર કાર્યવાહી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિ માટે અત્યંત મહત્વપૂર્ણ એવા પીરોટન ટાપુ પર થયેલા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં આ પ્રકારના ગેરકાયદેસર દબાણો પર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. પીરોટન ટાપુ પર અંદાજે 4000 ચોરસ ફૂટમાં ફેલાયેલા ધાર્મિક સ્થળોનું અતિક્રમણ દૂર કરવામાં આવ્યું છે.

પીરોટન ટાપુને પુન: મૂળ સ્થિતિમાં લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહી દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિના રક્ષણ માટે મહત્વપૂર્ણ સાબિત થશે. પીરોટન ટાપુના આ દબાણો રાષ્ટ્રીય સુરક્ષા, સમુદ્રી જીવસૃષ્ટિ અને આસપાસના વિસ્તારમાં આવેલા મહત્વના ઉદ્યોગો માટે ખતરારૂપ સાબિત થઈ રહ્યા હતા.



### આ કડક કાર્યવાહી પાછળના કારણો

- **રાષ્ટ્રીય સુરક્ષા:** પીરોટન ટાપુ પાસે 5 SPM આવેલા છે. જે દેશનો 60% ક્રૂડ ઓઇલનો પુરવઠો સપ્લાય થાય છે.
- **સમુદ્રી જીવસૃષ્ટિ:** પીરોટન મરીન નેશનલ પાર્કનો હિસ્સો છે. અહીંના કોરલ જેવા સમુદ્રી જીવોને ગેરકાયદેસર દબાણોને કારણે ખૂબ મોટું નુકસાન થતું હતું.
- **લોકોની અવરજવર:** અતિક્રમણને કારણે લોકોની અવરજવર વધી જતાં રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા.
- **NDPS સંબંધી પ્રવૃત્તિઓ:** NDPS સંબંધી પ્રવૃત્તિઓ માટે લેન્ડિંગ પોઈન્ટ બનવાનું જોખમ ધરાવતું હતું.
- **સમુદ્રી વનસ્પતિને નુકસાન:** અતિક્રમણને કારણે સમુદ્રી વનસ્પતિને મોટા પાયે નુકસાન થઈ રહ્યું હતું.

## સંખેડા ગામના બસ સ્ટેન્ડમાં પાર્કિંગ અને ફેરીયાઓ તેમજ લારીઓ પર વેચાણ કરતાઓનો જમાવડો



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા ગામમાં જે બસ સ્ટેન્ડ આવેલું છે તેમાં દર વાર તહેવારે પ્રાઈવેટ ગાડીઓ જેમતેમ પાર્કિંગ કરીને જતા રહે છે તેથી પેસેન્જર ભરેલી બસને બસ સ્ટેન્ડમાં આવવા માટે તેમજ બહાર નીકળવા માટે ખૂબ મુશ્કેલી પડે છે. તેમજ દર તહેવારે બસ સ્ટેન્ડમાં ફેરિયાઓ અને લારીઓ વાળા પોતાનો સામાન વેચવા માટે બસ સ્ટેન્ડના ગેટ પાસે તેમજ અંદર ઊભા રહે છે જેના લીધે ટ્રાફિકની સમસ્યા ઊભી થાય છે.

**ગામમાં ટ્રાફિકની સમસ્યા વકરી**

સંખેડા બસ સ્ટેન્ડના ટ્રાફિક કંટ્રોલ આર.સી.રાઠવા સાહેબ દ્વારા પોલીસ સ્ટેશન તેમજ ડેપો મેનેજરને કેટલીક વાર મૌખિક તેમજ લેખિત રજૂઆત કરી છે તેમ છતાં ટ્રાફિક પોલીસ કે પોલીસ સ્ટેશન દ્વારા કોઈપણ પગલાં ભરવામાં આવતા નથી. વારે ઘડીએ આને આજ પરિસ્થિતિ રહે છે. ટ્રાફિક કંટ્રોલ સાહેબ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે બસ દ્વારા અંદર કે બહાર નીકળતા કોઈ જાનહાની થશે તો તેના જવાબદાર કોણ?

## ડાંગ | આયુષ ડોક્ટરો સિવાય અન્ય ઝોલાછાપ ડૉક્ટરોએ હાટડી ખોલી

ડાંગ | તા.13



**ડાંગ જિલ્લામાં BAMS,BHMS,BUMS ડોક્ટરોને પ્રેક્ટિસ કરતા અટકાવવા ડાંગ જિલ્લા આયુષ ડૉક્ટર એસોસિએશન દ્વારા જિલ્લા પોલીસ વડા સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત**

ડાંગ જિલ્લા આયુષ ડોક્ટર એસોસિએશન દ્વારા ક્લિનિક એસ્ટાબ્લિશમેન્ટ અંતર્ગત ક્લિનિક્સ અને હોસ્પિટલના રજીસ્ટ્રેશન ધરાવતા ડોક્ટરો BAMS,BHMS,BUMS ડોક્ટરોને પ્રેક્ટિસ કરતા અટકાવવામાં ન આવે તે માટે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક સહીત ઉચ્ચ કક્ષાએ આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી. ડાંગ જિલ્લાનાં આયુષ જનરલ ડોક્ટરોની રજુઆતો મુજબ કલીનીકલ એસ્ટાબ્લિશમેન્ટ એકટ અંતર્ગત તમામ ડોક્ટરો જે કિલનીક, હોસ્પીટલ ચલાવી રહ્યા છે.તેમણે સરકારના પોર્ટલ Clinical establishment, gipl.in પર જરૂરી તમામ ડોકયુમેન્ટ સાથે રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. તથા ડિગ્રી વગરના ડોકટરોની પ્રેકટીશ પર પ્રતિબંધ લાદવાનો છે.આ રજીસ્ટ્રેશનની સુચના બાદ ઘણી જગ્યાએ રજીસ્ટ્રેશન ધરાવતાં ડોકટરો BAMS, BHMS, BUMS ડોકટરો પ્રેકટીસ કરતા અટકાવવા તેમજ તેમને બોગસ ડીગ્રી વગરના કે ઉટવૈધ, ઝોલાછાપ કહી ગેરકાયદેસર રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. તથા અમુક લેભાગુ તત્વો દ્વારા હેરાનગતિ કરવામાં આવી રહી છે. વધુમાં આયુષ ડોકટરો ની PHC, CHC, RBSK સેન્ટરમાં નિમણુંક થાય છે. સાથે ગુજરાત રાજયની ડી.જી.પી. કચેરી દ્વારા એસ.પી.પોલીસ કમિશ્નરોને નોંધાયેલ પ્રેક્ટિશનર ડોકટરને હેરાન ના થાય તેમના પર ખોટા કેસો ન કરવા સુચના આપવામાં આવેલ છે. ત્યારે હેરાનગતિ ઘટતુ કરવા માટે ડાંગ આયુષ ડોકટર એસોસિએશન દ્વારા ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી.

## ટીના અંબાણીએ પંચતીર્થ તરીકે જાણીતા નિરોણાની મુલાકાત લીધી



મહેશ એલ.સોની | નખત્રાણા

ભારતના ટોચના ઉદ્યોગપતિ સ્વ.ધીરૂભાઈ અંબાણી પરિવારના પુત્રવધૂ તેમજ એક સમયના અભિનેત્રી ટીના અનિલ અંબાણી તેમજ રાજ કપૂર પરીવારના સદસ્યો કચ્છની મુલાકાત આવ્યા છે ત્યારે પ્રથમ માંડવી બાદ આજે માતાનામઢ પધાર્યા હતા અને કચ્છના કુળદેવી આશાપુરા માતાજીના મંદિરે શિશ નમાવી માતાજીના આર્શીવાદ મેળવ્યા હતા. તેઓના નારાયણ સરોવર, કોટેશ્વર, સફેદ રણ સહિતના કચ્છના પ્રવાસ દરમ્યાન પંચતીર્થ તરીકે જાણિતા પાવરપટ્ટીના નિરોણાની મુલાકાત લીધી હતી ત્યારે અહિના પત્રકાર તેમજ ગામનાં અગ્રણી બાબુભાઈ માતંગની કચ્છમિત્ર બ્યુરોની ખાસ મુલાકાત લીધી હતી ત્યારે બાબુ ભાઈએ તેમને કચ્છની પ્રખ્યાત રોગાન કલા કૃતિ ભેટ સ્વરૂપે આપી સન્માન કર્યુ હતું. બાબુભાઈએ નિરોણાની પ્રખ્યાત પાંચ હસ્તકલા વિશે પણ વિસ્તૃત જાણકારી આપી હતી ટીના અંબાણી રોગાન કલાકૃતિ નિહાળી પ્રભાવિત થયા હતા.

## ડેડીયાપાડાના મેડિયાસાગ પાસેથી રોયલ્ટી વગરની બ્લેક ટ્રેપ ભરેલી ત્રણ ટ્રકો ખાણખનીજ વિભાગે ઝડપી પાડી

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના મેડિયાસાગ ગામ પાસે નર્મદા ખાણખનીજ વિભાગ ની ટીમે ચેકિંગમાં કરતા ત્યાથી રોયલ્ટી વગરની બ્લેક ટ્રેપ ભરેલી ત્રણ ટ્રકો ઝડપી પાડી હતી, જેમાં સુરતના એક જ વેપારીની ત્રણેય ટ્રકો હોવાની માહિતી મળતા 45 લાખ ના મુદ્દામાલ ઝડપી કાર્યવાહી હાથ ધરી છે.

રેતી ખનન અને બ્લેક ટ્રેપ ની ચોરીની રાયલ્ટી વગર દોડતી ગાડીઓ ની માહિતી મળતા



નર્મદા મદદનીશ ભૂસ્તર શાસ્ત્રી જે.કે.ગોર ની સૂચનાથી નર્મદા ખાણખનીજ વિભાગની ટીમ માઈન્સ સુપરવાઈઝર રવિ મોરી સાથે ચેકીંગ કરતા ડેડીયાપાડા સાગબારા રોડ પર મીડિયાસાગ ગામ પાસે થી ત્રણ ટ્રકો જતી હતી જેને અટકાવી પૂછપરછ કરતા તેમની પાસે કોઈ રોયલી ન હતી અને હાઈવા ટ્રક જેમાં કપચી ભરી તે સુરત તરફ જતી હતી ત્યારે આ ટ્રકોને અટકાવી ડ્રાઈવરો ની પુછરછ કરતા અને અને આર.સી.બુક જોતા સુરતના ચંપક પરમાર નામની આ ત્રણેય ટ્રકો હોવાનું જાણવા મળતા ખાણખનીજ વિભાગે ત્રણેય ટ્રકો ઝડપી ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં ટ્રકો સોંપી કાયદેસરની કાર્યવાહી કરી છે.

આ બાબતે માઈન્સ સુપરવાઈઝર રવિ મોરી એ જણાવ્યું હતું કે મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી ગોર ની સૂચનાથી ચેકીંગ કરવામાં આવી રહ્યું હતું તેમાં ડેડીયાપાડા રોડ પરથી ત્રણ હાઈવા ટ્રક ઝડપાઈ જે રોયલ્ટી વગરની હતી જેમાં GJ 19 Y 7842 નંબરની ટ્રક માં 32.885 મેટ્રિક ટન કપચી હતી. જ્યારે બીજી ટ્રક GJ 19 Y 9997 માં 33.170 મેટ્રિક ટન કપચી હતી. ત્રીજી ટ્રક GJ 19 Y 8142 નંબરની ટ્રક માં 31.380 મેટ્રિક ટન કપચી ભરેલી હતી. ટ્રકો સાથે કુલ 45 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સુરતના ચંપક પરમાર નામના વ્યક્તિની ની આ ટ્રકો હોવાનું હાલ માલુમ પડ્યું છે. આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## નર્મદા | 18મી એ નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક




ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લા કલેકટર એસ. કે. મોદીની અધ્યક્ષતામાં તા.૧૮ મી જાન્યુઆરીના ને શનિવારના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે કલેકટર કચેરીના, કોન્ફરન્સ હોલમાં નર્મદા જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે. આ બેઠકમાં પુરવઠા અંગે નિયમિત્તા અને તપાસણી, જિલ્લા/તાલુકાવાર યોજનાવાર રેશનકાર્ડ, જાહેર વિતરણ યોજના હેઠળ નર્મદા જિલ્લામાં થયેલું વિતરણ, મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીઓની કચેરી નર્મદા દ્વારા કરવામાં આવેલી કામગીરી, ડેઝીન્ગ્રેટેડ ઓફિસર ખોરાક અને ઔષધિ નિયમનતંત્ર ભરૂચ તરફથી ફુડ સેફ્ટી એંન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ હેઠળ કરવામાં આવેલ કામગીરી, ગ્રાહક સુરક્ષાના કેસોની સમીક્ષા કરવામાં આવશે. આવી બેઠક માં પુરવઠા વિભાગ દ્વારા લોકો ને પડતી તકલીફ અને રેશનકાર્ડ સંચાલકો ને અપાતા અનાજ માં ઘટ આવતી હોવા બાબતે નર્મદા કલેક્ટર ખાસ ધ્યાન આપી લાગતા વળગતા અધિકારીઓ ને કડક સૂચના આપી વર્ષો ની આ બદી દૂર થાય તેવા પગલાં લે તેવી લોકલાગણી છે.

## વડોદરા MS યુનિ.માં 15 જાન્યુઆરી સુધી અગ્નીવીર આર્મી ભરતીનું આયોજન

દિપક રાવલ | દાહોદ લીમખેડા

એ.આર.ઓ. અમદાવાદ દ્વારા વડોદરા એમ. એસ. યુ. પેવેલીયન ગ્રાઉન્ડ ખાતે ૫ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી સુધિ અગ્નીવીર આર્મી ભરતી યોજાઈ રહી છે. જેમા તારીખ 13 જાન્યુઆરીના રોજ દાહોદ જિલ્લાના લેખિત પરીક્ષા પાસ થયેલા 457 ઉમેદવારોને ફીઝકલ ટેસ્ટ માટે બોલાવેલ હતા, જેમાંથી 309 ઉમેદવારો ભરતી રેલીમા હાજર રહ્યા હતા. જેમાંથી 133 ઉમેદવારોએ ફીઝકલ એકઝમ પાસ કરેલ છે. આ ભરતી રેલીમા જિલ્લા રોજગાર કચેરી દ્વારા આપવામા આવતી 30 દિવસની ફ્રી નિવાસી તાલીમના કુલ 34 ઉમેદવારો પાસ થયેલ છે. આવતીકાલે 14 જાન્યુઆરીએ ઉમેદવારોના મેડીકલ ટેસ્ટ કરવામા આવશે. આ સમગ્ર અગ્નીવીર ભરતી રેલીમા દાહોદ જીલ્લા ઉમેદવારોને મુશ્કેલી ન પડે તે માટે વડોદરા જીલ્લા વહીવટી તંત્ર અને રોજગાર કચેરી દ્વારા ઉમેદવારોને રહેવા તેમજ જમવાની મફત વ્યવસ્થાઓ પણ કરવામા આવેલ છે.

**દાહોદ જિલ્લાના લેખિત પરીક્ષા પાસ થયેલા 457 ઉમેદવારોની ફીઝકલ ટેસ્ટ લેવાતાં 133 પાસ**



## રાજ્ય પત્રકાર એકતા પરિષદનું 31મું મહાઅધિવેશન પાટણ ખાતે યોજાયું






કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પાટણ ખાતે આવેલ ઉત્તર ગુજરાત યુનિવર્સીટી ના રંગભવન હોલમાં ગુજરાત રાજ્ય પત્રકાર એકતા પરિષદનું ૩૧ મુ મહાઅધિવેશન પ્રદેશ અધ્યક્ષ શ્રીલાભુભાઈ કાત્રોડીયાની હાજરીમાં યોજાયું હતું જેમાં આગળના દિવસે સુપ્રસિદ્ધ રોટલીયા હનુમાન મંદિર ખાતે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

પાટણ શહેરમાં આવેલ યુનિવર્સિટી માં રંગભવન હોલમાં રવિવારે ગુજરાત રાજ્ય પત્રકાર એકતા પરિષદનું ૩૧ મુ મહાઅધિવેશન પ્રદેશ અધ્યક્ષ શ્રી લાભુભાઈ કાત્રોડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું જેમાં પ્રથમ યુનિવર્સિટી થી ટીબી ત્રણ રસ્તા સુધી શરણાઈના સુર સાથે તિરંગા યાત્રા યોજાઈ હતી જ્યાં સ્થાપિત સંત શ્રી સદારામ બાપાની પ્રતિમાને મહાનુભાવો દ્વારા માલ્યાર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ તિરંગા યાત્રા યુનિવર્સિટીમાં પરત પહોંચી બાલીકાઓ દ્વારા તલવારબાજી નૃત્ય સાથે પધારેલ મહેમાનોનું સ્વાગત કરી લોકોના મન જીતી લીધા હતા.મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરી હતી જેમાં ઉપસ્થિત મહાનુભાવો તથા સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા મહાનુભાવોનું વિશિષ્ટ સન્માન કરાયું હતું ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પોતાના ઉદબોધન રજૂ કર્યા હતા કાર્યક્રમના અધ્યક્ષ શ્રી લાભુભાઈ કાત્રોડીયાએ જણાવ્યું હતું કે આજે પત્રકારોને એક કરવા આ સંગઠન કમર કસી રહ્યું છે પત્રકારોના લાભ છીનવાઈ રહ્યા છે ત્યારે પત્રકાર એકતા પરિષદ દ્વારા છેક મુખ્યમંત્રી ને રૂબરૂ મુલાકાત કરી પડતર પ્રશ્નો અંગે રજૂઆત કરતા મુખ્યમંત્રીએ પ્રશ્નોનું સુખદ્ સમાધાન માટે કહ્યું છે જેનું ટુંક સમયમાં જ નિરાકરણ આવી જશે આપણું સંગઠન દેશમાં પહેલું એવું સંગઠન છે જેમાં દસ હજાર થી પણ વધુ પત્રકારો જોડાયેલા છે.


### વિવિધ સેવાકીય પ્રવૃતિઓમાં જોડાયેલ મહાનુભવોનું કરાયું વિશિષ્ટ સન્માન...

કાર્યક્રમ દરમિયાન ભોજન દાતા તરીકે કાયમી પત્રકાર એકતા પરિષદના સેવાકીય પ્રવૃતિઓમાં દાન આપી માનવતાનું ઉદાહરણ પૂરું પાડતા હારીજના જલીયાણ પરિવારના શ્રી ફરશુરામભાઈ ડાહ્યાભાઈ ઠક્કર પરિવાર ભોજનદાતા તરીકે દાન અર્પણ કર્યું હતું.કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી લાભુભાઈ કાત્રોડીયા, મનોજભાઈ સોની. આઈ ટી સેલના નિતીનભાઈ ઘેલાણી, વસંતભાઈ, જલીયાણ પરિવારના નિલેશભાઈ ઠક્કર, વર્ધિલાલ ઠક્કર, જીલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન ઠાકોર,આશારો સેવાકીય સંસ્થાના રોહિત પટેલ,સહિત પાટણના સિનિયર પત્રકારો હાજર રહ્યા હતા.

## પરીક્ષા પે ચર્ચા 2025 કાર્યક્રમમાં ભાગ લેવા અમદાવાદ ગ્રામ્યની દીકરીની પસંદગી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા સંદર્ભે અનોખી પહેલ સમાન ઈન્ટરેકટીવ કાર્યક્રમ ‘પરીક્ષા પે ચર્ચા’નું પ્રતિવર્ષ આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમની આઠમી કડી ‘પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫’ આગામી સમયમાં યોજાનાર છે.



આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા અમદાવાદ-ગ્રામ્ય જિલ્લાની ‘ન્યુ એલ. ડી. આર. સ્કુલ’ સાઉથ બોપલ શાળાની દીકરી કુ. પલ નીલેશભાઈ પટેલની પસંદગી થઈ છે. તારીખ ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ થી ૧૮ જાન્યુઆરી ૨૫ દરમ્યાન કુલ સાત સેશનમાં દેશભરમાંથી પસંદ થયેલ વિદ્યાર્થીઓ વિવિધ થીમ - મુદ્દાઓ પર સ્ટુડિયો ડિસ્કશનમાં ભાગ લેશે. અમદાવાદ-ગ્રામ્ય જિલ્લાની દીકરી કુ. પલ નીલેશભાઈ પટેલની પસંદગી પહેલા જ સેશનમાં થઈ છે. તેણીએ દિલ્હી ખાતે ગઈકાલે તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ છે.

અમદાવાદ-ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કૃપાબહેન જહાએ દીકરીની આ સિદ્ધિ બદલ ખુશી વ્યક્ત કરી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## સમગ્ર કેસની તપાસ SMCના વડા નિર્લિપ્ત રાય કરશે, સુરતમાં ધાનાણી-દૂધાત ધરણા પર બેસે તે પહેલા જ અટકાયત

# અમરેલી લેટરકાંડ: પાયલ ગોટી દ્વારા DGPને રજૂઆત કરવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલીના લેટરકાંડનો મામલો હવે સુરત સુધી પહોંચ્યો છે. રાજકીય અને સામાજિક આંદોલનના કેન્દ્રમાં રહેલા માનગઢ ચોકમાં પરેશ ધાનાણી, પ્રતાપ દૂધાત સહિતના નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. તો બીજી તરફ રાજ્યભરમાં ચકચાર જગાવનારા આ લેટરકાંડની તપાસ હવે SMCના ડીઆઈજી નિર્લિપ્ત રાયને સોંપી દેવામાં આવી છે. એક તરફ અમરેલી લેટરકાંડ મામલે રાજનીતિ ગરમાઈ છે તો બીજી તરફ પોલીસ પણ હવે એક્શનમાં જોવા મળી રહી છે. પાયલ ગોટી તેમના વકીલ અને કોંગ્રેસ તેના જેની ઠુંમર ગાંધીનગર પહોંચ્યાં છે. અહીં તેઓએ રાજ્ય પોલીસ વડા સાથે બેઠક કરી રજૂઆત કરી છે. જેનીબેને જણાવ્યું હતું કે, અમે શનિવારે ગાંધીનગર ખાતે ડીજીપીને રજૂઆત કરવા ગયા હતા, પણ ડીજીપીને મળી નહોતા શક્યા. આજનો ટાઇમ લીધો હતો, જેથી અમે મળીને રજૂઆત કરી છે.

હાલ જે પણ મુદ્દો ચાલી રહ્યો છે તેના કાગળો જોવામાં આવશે. જે તપાસ થઈ છે તે તમામ મુદ્દાની ફરીથી



તપાસ કરવામાં આવશે. સ્થળ તપાસ પણ કરવામાં આવશે. કોંગ્રેસે આજે (13 જાન્યુઆરી) માનગઢ ચોક ખાતે અમરેલીમાં ભોગ બનનારી યુવતીને ન્યાય અપાવવા માટે ધરણાંની જાહેરાત કરી હતી. સુરત પોલીસે ધરણાં માટે મંજૂરી આપી ન હતી, એને લઈને પરેશ ધાનાણીએ કહ્યું હતું કે અમે ગમે ત્યારે ધરણાં પર આવીને બેસી જઈશું, જેના પરિણામે ગઈકાલથી જ વરાછા પોલીસ સહિત અન્ય પોલીસ સ્ટેશનની પોલીસ માનગઢ ચોક ખાતે ગોઠવી દેવામાં આવી હતી. ત્યાર બાદ આજે વહેલી સવારથી જ પોલીસ ખૂબ મોટા પ્રમાણમાં માનગઢ ચોક ખાતે ખડકી દેવામાં આવી હતી.



### પાયલ ગોટીના આક્ષેપો બાદ SITની કરાઈ હતી રચના

અમરેલીના લેટરકાંડ મામલે પોલીસ પર સવાલો ઉઠી રહ્યા છે. જ્યારે પાયલ ગોટી જેલથી બહાર આવી ત્યારે તેણે પોલીસ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. જેમાં પાયલે કહ્યું હતું કે, તેને પોલીસ દ્વારા પટ્ટા મારવામાં આવ્યા હતા. ત્યારે પાયલ ગોટીના પોલીસ સામેના આક્ષેપોને લઈને SITની રચના કરવામાં આવી હતી. જેમાં Dysp એ.જી.ગોહિલ, મહિલા P.I. આઈ.જે. ગીડા, મહિલા PSI એચ.જે.બરવાડીયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### માનગઢ ચોકમાં આજે સવારથી રાજકીય ગરમાવો

અમરેલી ખાતે પરેશ ધાનાણીએ લેટરકાંડમાં ભોગ બનનાર યુવતીને ન્યાય અપાવવા માટે ધરણાનો કાર્યક્રમ કર્યો હતો. પરંતુ તે પહેલા જ તેમની અટકાયત કરી લેવામાં આવી હતી. ત્યારબાદ તેમણે દીકરીને ન્યાય આપવા માટે સુરત શહેરનો માનગઢ ચોકની પસંદગી કરી છે. સરકાર સુધી અવાજ પહોંચાડવા માટે તેમણે માનગઢ ચોક ખાતે સરદાર પ્રતિમાના શરણે આવી પોતાનો અવાજ દીકરીના સમર્થનમાં ઉઠાવ્યો છે. કોંગ્રેસ નેતા અને પાટીદાર અગ્રણી પરેશ ધાનાણી સુરતના માનગઢ ચોકની મહત્વતા ખૂબ સારી રીતે સમજે છે. ગુજરાતના ઈતિહાસમાં માનગઢ ચોક સામાજિક અને રાજકીય આંદોલનોનું સાક્ષી રહ્યું છે.

ખાસ કરીને પાટીદાર અનામત આંદોલનની શરૂઆત માનગઢ ચોકને માનવામાં આવે છે. સુરતના માનગઢ ચોકમાં ઉઠાવેલા અવાજ રાજ્યના તમામ પાટીદારો સુધી પહોંચે છે. ખાસ કરીને સુરતની રાજકીય સ્થિતિ અને સામાજિક પ્રશ્નોની ચર્ચા સમગ્ર સૌરાષ્ટ્રમાં થતી હોય છે. પરેશ ધાનાણીએ માનગઢ ચોકની ધારણા માટે પસંદગી કરીને સમગ્ર રાજ્યના સામાજિક અને રાજકીય રીતે જોડાયેલા પાટીદાર અગ્રણીઓ સુધી અવાજ પહોંચાડી દીધો છે. પાટીદાર અગ્રણી અને કોંગ્રેસ નેતા સુરેશ સુહાગીયાએ જણાવ્યું હતું કે, અમરેલી ખાતે કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીને ધરણા કરવા દેવામાં આવ્યા ન હતા એવી જ રીતે સુરતના માનગઢ ચોક ખાતે પણ ધરણા કરતા રોકી દેવામાં આવ્યા છે. લોકશાહીમાં કોઈપણ વ્યક્તિ પોતાનો અવાજ ઉઠાવી શકે છે.

---

#### નવસારીમાં 24 કલાકમાં આગની બીજી ઘટના

## નવી વસાહતમાં કચરામાંથી શરૂ થયેલી આગે શ્રમિકના ઘરને લપેટમાં લીધું

(એજન્સી) નવસારી | તા.13

નવસારીના તીઘરા વિસ્તારમાં આવેલી નવી વસાહતમાં છેલ્લા 24 કલાકમાં બીજી વખત આગની ઘટના સામે આવી છે. આજે સવારે શ્રમિક વિસ્તાર નવી વસાહતની બાજુમાં નાખવામાં આવેલા કચરામાં



અચાનક આગ લાગી હતી. કચરામાં લાગેલી આગે ધીમે ધીમે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને બાજુમાં આવેલા શ્રમિકના રહેણાંક સુધી પહોંચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ નવસારી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો સતત મારો ચલાવીને આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. નોંધનીય છે કે ગઈકાલે પણ આ જ વિસ્તારમાં આગ લાગવાની ઘટના બની હતી, જે ચિંતાજનક બાબત છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. સ્થાનિક તંત્ર દ્વારા આ વિસ્તારમાં વારંવાર આગ લાગવાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ શ્રમિક પરિવારને આર્થિક નુકસાન થયું છે.

## તાંત્રિક વિધિના બહાને મહિલા પર દુષ્કર્મ:કેશોદના પંચાળા ગામમાં મહિલાને ધમકી આપી દુષ્કર્મ આચરનાર તાંત્રિક ઝડપાયો

જૂનાગઢ | કેશોદ તાલુકાના પંચાળા ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં તાંત્રિક વિધિના નામે એક મહિલા સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું. પોલીસે આરોપી રણજીત પરમારની ધરપકડ કરી છે.

ઘટના મુજબ, પીડિત મહિલાએ પોતાના ઘરમાં સુખ-શાંતિ અને આર્થિક સમૃદ્ધિ માટે તાંત્રિક વિધિ કરાવવાનું નક્કી કર્યું હતું. ગત શુક્રવારે રાત્રે આરોપી રણજીત પરમાર મહિલાના ઘરે વિધિ કરવાના બહાને આવ્યો હતો.

ત્યારબાદ તેણે ઘરનો દરવાજો બંધ કરી, મહિલાને થપ્પડો મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું. પીડિત મહિલાએ આ ઘટના અંગે પોતાના જેઠાણી અને પતિને જાણ કરી, જેમણે તેને હિંમત આપી. ત્યારબાદ મહિલાએ પ્રથમ કેશોદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી અને પછી કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી લીધી છે. કેશોદ પોલીસે આરોપી રણજીત પરમાર વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે .

#### અમદાવાદ સહિત ચાર મહાનગરોમાં ગુજરાતીઓ 1 લાખ 40 હજાર કિલો ઊંધિયું ઝાપટી જશે; જલેબીનું પણ ધૂમ વેચાણ થશે

# આ વર્ષે ઉંધિયું કિલોએ 50થી 100રૂપિયા મોંઘુ

સુરત | સમગ્ર ગુજરાતમાં ઉત્તરાયણ પર્વ ગુજરાતીઓ ભારે ઉત્સાહથી ઉજવતા હોય છે. મોટાભાગે મકરસંક્રાતિના દિવસે તમામ લોકો લીલા શાકભાજીથી બનેલું ઊંધિયું અને ખીચડો આરોગતા હોય છે. દર વર્ષે 14 જાન્યુઆરીના દિવસે ઊંધિયું ખાવાનું ખુબજ મહત્ત્વ છે. ત્યારે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરામાં વસતા ગુજરાતીઓ 1 લાખ 40 હજાર કિલોથી પણ વધુ ઉંધિયું ઝાપટી જશે તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. જ્યારે આ વર્ષે ઉંધિયાના ભાવમાં પણ રૂપિયા 50થી 100નો વધારો જોવા મળી રહ્યો છે. જલેબીની વાત કરવામાં આવે તો અમદાવાદમાં 25થી 30 હજાર કિલો જલેબી વેચાવાનો અંદાજ છે. જેનો ભાવ કિલોએ 800 રૂપિયા સુધી પહોંચ્યો છે.

અમદાવાદમાં આ વર્ષે 450થી લઈને 650 રૂપિયા કિલો સુધીનું ઊંધિયાની અમદાવાદીઓ લિજ્જત માણશે. આ ઉપરાંત અમદાવાદીઓ આ વર્ષે અંદાજિત 35થી 40 હજાર કિલો ઊંધિયું ઝાપટી જશે. ઊંધિયાની સાથે સાથે જલેબીનું વેચાણ પણ તેટલા પ્રમાણમાં જ થતું હોય છે. ત્યારે અમદાવાદીઓ આ વર્ષે 25થી 30 હજાર કિલો જલેબી ઝાપટી જાય તેવો અંદાજ વેપારીઓ લગાવી રહ્યા છે.

અમદાવાદના પ્રખ્યાત દાસ ખમણના વ્યાપારિક કૃણાલભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, આ વર્ષે કાચા માલ સામાનના ભાવ અને શાકભાજીના ભાવ પણ ગત વર્ષની સરખામણીએ વધુ હોવાથી ઊંધિયાના ભાવમાં 40 રૂપિયા જેટલો વધારો થયો છે. ગત વર્ષે 480 કિલો ભાવ હતો. ત્યારે આ વર્ષે દાસ ખમણમાંથી ઊંધિયું લેવા માટે 520 રૂપિયા ચૂકવવા પડશે. આ ઉપરાંત જલેબીનો પણ 800 રૂપિયા કિલોનો ભાવ છે. કાચા માલસામાનની સાથે સાથે શાકભાજી સહિતની વસ્તુઓ સુધારવા માટે જે કારીગરની જરૂર પડે છે તેમની દૈનિક વેતનમાં પણ વધારો થતા તેનો ભાર ગ્રાહકોને ભોગવવો પડશે. મોટા ભાગના સ્થળ પર ઊંધિયાના ભાવમાં ગત વર્ષની સરખામણીએ 30થી 40 રૂપિયાનો વધારો થયો છે.



### વડોદરામાં 30 હજાર કિલો વેચાણનો અંદાજ

વડોદરામાં ફરસાણના વેપારી બાલકૃષ્ણ શાહે જણાવ્યું હતું કે, ઉત્તરાયણમાં ઉંધિયું અને જલેબી ખાવાનો મહિમા છે. ત્યારે ઉત્સવપ્રિય વડોદરામાં ઉત્તરાયણના બે દિવસ દરમિયાન 25 હજારથી 30 હજાર કિલો ઉંધિયાનું વેચાણ થવાનો અંદાજ છે. તે સાથે જલેબી પણ હજારો કિલો વેચાશે. વડોદરામાં ગુજરાતી, પંજાબી, કાઠિયાવાડી અને માટલા ઉંધિયું વેચાશે. હવે લોકો ઓનલાઈન ઉંધિયું, જલેબીના ઓર્ડર આપીને મંગાવી રહ્યા છે.

### લીલોતરી શાકભાજી ખાવાની સિઝન

વેપારી નીતિન ભજીયાવાળાએ જણાવ્યું હતું કે, ઉંધિયું સુરતીઓની એક સ્પેશિયલ આઈટમ છે. સુરતથી જ ઊંધિયાની આઈટમ દેશ-વિદેશમાં પ્રચલિત થઈ છે. શિયાળો એટલે લીલોતરી શાકભાજી ખાવાની મોસમ કહેવાય. દુબઈની ફ્લાઈટ શરૂ થઈ છે ત્યારે આ ફ્લાઈટમાં જનાર લોકો ઉત્તરાયણ પહેલાથી જ ઊંધિયું ખરીદીને લઈ જતા હોય છે. રોજ દસ ગ્રાહકો એવા છે જે દુબઈ ફ્લાઈટમાં અમારા ત્યાંથી ઊંધિયા ખરીદીને લઈ જતા હોય છે. આ વખતે લીલા શાકભાજીના ભાવમાં વધારો હોવાના કારણે 100 રૂપિયા પ્રતિ કિલો ઊંધિયાના ભાવમાં પણ વધારો છે. આ વખતે સુરત સિવાય અન્ય શહેરોમાંથી પણ ઓર્ડર મળ્યા છે. કેટલાક લોકોએ દુબઈ અને અમેરિકામાં પોતાના પ્રિયજનોને પણ આ ઊંધિયું મોકલ્યું છે.

## ATM છેતરપિંડીનો માસ્ટરમાઈન્ડ ઝડપાયો : વલસાડમાં 4.06 લાખની છેતરપિંડી કરનાર પાસેથી 99 ATM કાર્ડ મળ્યા

(એજન્સી) વલસાડ | તા. 13

વલસાડ સીટી પોલીસે ATM છેતરપિંડીના કેસમાં મોટી સફળતા મેળવી છે. પોલીસે હરિયાણાના હાસી તાલુકામાંથી 44 વર્ષીય જીતેન્દ્ર ઉર્ફે રાજેશ રાઘબિર માહલાની ધરપકડ કરી છે. આરોપી પાસેથી 99 જેટલા વિવિધ બેંકોના ATM કાર્ડ, એક મોબાઈલ, 4.06 લાખ રોકડા અને એક કાર સહિત કુલ 9.11 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ કેસની વિગતો મુજબ, 19મી નવેમ્બરે વલસાડના તિથલ રોડ પર આવેલા BOB બેંકના ATMમાં ઉર્મિલાબેન પટેલ રૂ.20 હજાર ઉપાડવા ગયા હતા. આરોપીએ મદદ કરવાના બહાને તેમનો ATM પાસવર્ડ મેળવી, કાર્ડ બદલી નાખ્યું હતું. ત્યારબાદ વિવિધ સ્થળોએથી કુલ 4.07 લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. આ છેતરપિંડી 25મી નવેમ્બરે ત્યારે બહાર આવી જ્યારે ઉર્મિલાબેને બેંકમાં ચેક દ્વારા પૈસા ઉપાડવા જતાં તેમના ખાતામાં માત્ર 4 રૂપિયા જ બાકી હોવાનું જાણવા મળ્યું.

પોલીસ તપાસમાં ખુલાસો થયો કે આરોપીએ બે વર્ષ પહેલા ATM બદલી કરતી ગેંગના ડ્રાઈવર તરીકે કામ કરીને આ ટ્રિક શીખી હતી અને પછી પોતાની ગેંગ બનાવી હતી. આરોપીએ કબૂલાત કરી છે કે



તેણે રાજસ્થાન, મહારાષ્ટ્ર અને સંઘ પ્રદેશમાં પણ આવી છેતરપિંડી આચરી છે. તેનું મુખ્ય ટાર્ગેટ વૃદ્ધો અને ઓછી જાણકારી ધરાવતા ATM ઉપયોગકર્તાઓ હતા.

#### ઉત્તરાયણને લઈને સિવિલ સજ્જ: વધારાનાં ડૉક્ટર્સ અને મેડિકલ સ્ટાફ તૈનાત રહેશે

## રાજકોટમાં 20 બેડનો ખાસ વોર્ડ ઉભો કરાયો

(એજન્સી) રાજકોટ | તા. 13

આવતીકાલે ઉત્તરાયણનો તહેવાર છે. જેમાં એકતરફ આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. પણ બીજી તરફ પતંગના આ ઉત્સવમાં અનેક દુર્ઘટનાઓ પણ સામે આવતી હોય છે અને ઈમરજન્સી કેસોમાં વધારો થાય છે. ત્યારે ઉતરાયણના તહેવારમાં અકસ્માતના વધતા બનાવોને પહોંચી વળવા સિવિલ હોસ્પિટલ તંત્ર સજ્જ બન્યું છે. જેમાં 20 બેડનો ખાસ વોર્ડ ઉભો કરાયો છે. તેમજ સ્ટાફની રજાઓ રદ્દ કરવામાં આવી છે. ઈએનટી અને ઓર્થોપેડીક વિભાગોમાં સર્જનો અને વધારાના નર્સિંગ સ્ટાફની ટીમ તૈનાત રાખવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ, મકરસંક્રાતિના તહેવારમાં પતંગની દોરોથી ગળામાં ઈજા થવાના અને ધાબા ઉપરથી પડી જવાના કેસો વધુ નોંધાતા હોય છે. દર વર્ષે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં 14 જાન્યુઆરીના દિવસે 30-40 જેટલા કેસો નોંધાતા હોય છે. આવા કેસો ઘણીવખત ઉપરાઉપરી આવતા થોડીવાર માટે અફરાતફરી સર્જાય છે. જેને લઈને આ વખતે અત્યારથી જ ઉત્તરાયણમાં પતંગના દોરાથી, પડી જવાથી કે વીજ શોક લાગવાથી થતી ઈજાઓમાં તુરંત સારવાર મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલનાં મીડિયા કો-ઓર્ડીનેટર અને એકાઉન્ટ ઓફિસર ડો. મહેન્દ્ર ચાવડાનાં જણાવ્યા મુજબ મકરસંક્રાંતિનાં દિવસે દોરાથી ગંભીર ઈજા થવી, અગાસી કે ધાબા પરથી પડી જતા ઈજા તેમજ અમુક કિસ્સાઓમાં વિજશોક લાગવાથી ઈજા થવાના વિવિધ બનાવો સામે આવતા હોય છે. જેને પહોંચી વળવા માટે ખાસ 20 બેડનો વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. તેમજ ઈમરજન્સી વિભાગમાં નાના-મોટા સ્ટીચીસ વગેરે લઈ શકાય તે માટેનું મીની ઓપરેશન અને મેડિકલ ઓફિસર સહિતની ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે.

મકરસંક્રાંતિને લઈને સિવિલ હોસ્પિટલનાં બધા ડૉક્ટર્સ અને નર્સિંગ સ્ટાફની રજાઓ રદ્દ કરવામાં આવી છે. આ દિવસે સામાન્ય રીતે દસેક ગંભીર ઘટનાઓ સામે આવતી હોય છે. જેની સામે 20 બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહીં ઈએનટી અને ઓર્થોપેડીક વિભાગમાં સર્જનો અને વધારાના નર્સિંગ સ્ટાફની ટીમ પણ તૈનાત રાખવામા આવી છે. આ ઉપરાંત તમામ જરૂરી દવાઓ અને ઈન્જેક્શનો પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ પ્રકારની ઈજાઓમાં બધી સારવાર એક જ સ્થળે મળી જાય તે માટેનું આયોજન કરાયું છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે અને ઉતરાયણના દિવસે આવતા કેસોને પહોંચી વળવા ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં સિવિલ હોસ્પિટલમાં તંત્ર દ્વારા ઈએનટી તબીબ-2, સર્જરી તબીબ-2, ઓર્થોપેડિક સર્જન-2 અને વધારાના બે નર્સિંગ સ્ટાફને ખડેપગે રહેવા સૂચના આપવામા આવી છે.

#### પુત્રવધૂને ઘરમાં બંધ કરી સસરા પર તીક્ષ્ણ હથિયાર લઈ તૂટી પડ્યો, 108 હોસ્પિટલ પહોંચાડે તે પહેલાં જ મોત

## પાડોશીની પત્નીની ટિપ્પણી બાબતે રહેંસી નાખ્યો

(એજન્સી) જુનાગઢ | તા. 13

કેશોદ તાલુકાના ચર ગામમાં એક ચકચારી ઘટના સામે આવી છે, જ્યાં વાડી વિસ્તારમાં રહેતા 55 વર્ષીય ખેડૂત ખીમાભાઈ માલદેભાઈ બોરખતરિયાની નિર્મમ હત્યા કરવામાં આવી છે. આ ઘટના ત્યારે બની જ્યારે તેમના પરિવારના ઘરના અન્ય સભ્યો જૂનાગઢ હોસ્પિટલમાં હતા. ત્યારે ખેતરના ભાગ્યાએ જ ખીમજીભાઈની હત્યા કરી હોવાની ફરિયાદ મૃતકના દીકરા કૌશિક બોરખતરીયાએ કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

આ ઘટનાની વિગતે વાત કરીએ તો જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ચર ગામના ખેડૂત ખીમાભાઈના ખેતરમાં છેલ્લા ત્રણ વર્ષથી લીલાભાઈ ડાભી નામનો શખ્સ ભાગ રાખીને વાવણી કરતો હતો. જે અવાર નવાર ખીમાભાઈના પાડોશીની પત્નીના ચારિત્ય વિષે ખરાબ વાતો કરતો હતો. જેથી પાડોશીએ આ બાબતે ખીમાભાઈને જાણ કરી હતી કે, તમારો ભાગીયો મારી પત્ની વિષે જે ટીપ્પણીઓ કરે છે એ યોગ્ય નથી.

પાડોશીએ વાત કરતાં ખીમાભાઈએ લીલા ડાભીને બોલાવીને આવું ન કરવા ઠપકો આપ્યો હતો. જેથી લીલા ડાભીને મનમાં લાગી આવ્યું હતું અને એણે મનમાં ખીમાભાઈને પતાવી દેવાનું નક્કી કરી લીધુ હતું. આ દરમિયાન ગતરોજ ખીમાભાઈનો પરિવાર જૂનાગઢ હોસ્પિટસ ખાતે સંબંધીની ખબર કાઢવા ગયો હતો, ત્યારે ઘરમાં ખીમાભાઈ અને એમની પુત્રવધૂ જ હાજર હતા. આ દરમિયાન લીલા ડાભી ઘરે આવ્યો હતો, જેણે ખીમાભાઈની પુત્રવધૂ ઘરમાં હતી ત્યારે બહારથી દરવાજો બંધ કરી દીધો હતો અને તિક્ષ્ણ હથિયારો વડે ખીમાભાઈની હત્યા કરીને ફરાર થઈ ગયો હતો.



### પાડોશી ઘરે આવ્યા ત્યારે હત્યાની જાણ થઇ

પુત્રવધૂને ઘરમાં બંધ હતી જેથી આ હત્યાની એને જાણ થઇ નહોતી. જોકે, આ દરમિયાન પાડોશી ઘરે આવતાં ખીમાભાઈને લોહીલુહાણ હાલતમાં જોતા એમણે તુરંત 108ને જાણ કરી હતી. જોકે, 108 પહોંચે એ પહેલાં જ ખીમાભાઈનું પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. આ અંગે જાણ કરાતા પોલીસ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં આ હત્યા પાછળ મૃતકના ખેતરમાં ભાગ રાખનાર લીલા ડાભીનો હાથ હોવાનું જણાઈ આવ્યું હતું. આ અંગે મૃતકના દીકરાએ કેશોદ પોલીસ સ્ટેશનમાં લીલાડાભી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે વિવિધ ટીમો બનાવીને હત્યારાને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

આ અંગે DySP બી.સી ઠક્કરે જણાવ્યું હતું કે, મૃતક ખીમાભાઈના ખેતરમાં ભાગ રાખતો લીલા ડાભી એમના પાડોશીની પત્ની વિષે ખરાબ કમેન્ટ કરતો રહેતો હતો. જેથી પાડોશીએ ફરિયાદ કરતાં ખીમાભાઈએ લીલા ડાભીને ઠપકો આપ્યો હતો, જેનું મનદુખ રાખીને લીલા ડાભીએ આ ઘટનાને અંજામ આપ્યો હોવાની મૃતકના દીકરાએ ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસની અલગ અલગ ટીમો આરોપીને શોધી રહી છે અને આગળની તપાસ ચાલુ છે.

## વાહન ચેકિંગ દરમિયાન થયેલી બોલાચાલી બાદ બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવી

(એજન્સી) દાહોદ | તા. 13

ઝાલોદની ધાવડિયા ચેકપોસ્ટ પર ગઈકાલે બપોરે પોણા બાર વાગ્યે એક ગંભીર ઘટના સામે આવી છે. વાહન ચેકિંગ દરમિયાન BSF જવાન અને પોલીસ કર્મચારીઓ વચ્ચે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જે મારામારી સુધી પહોંચી ગઈ હતી.

ઘટના દરમિયાન ત્રણ પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈ લલ્લુભાઈ, કુંવરસિંહ શ્રવણસિંહ અને ભરતભાઈ માસાજી વાહન ચેકિંગની કામગીરી કરી રહ્યા હતા. બંબેલા ગામના BSF જવાન વિજયભાઈ ચરપોટ, જે ગાંધીનગરના ચિલોડા ખાતે ફરજ બજાવે છે, તેઓ મોટરસાયકલ પર અન્ય એક વ્યક્તિ સાથે પસાર થઈ રહ્યા હતા.

પોલીસની ફરિયાદ મુજબ, BSF જવાને ચેકપોસ્ટ પર રોકાવાનો ઈનકાર કર્યો અને પાછળથી આવીને પોલીસ કર્મચારીઓ સાથે ઝઘડો કર્યો હતો. વિજયભાઈએ પોલીસ કર્મચારીઓને મારમારી તેમના યુનિફોર્મ ફાડી નાખ્યા હતા. બીજી તરફ, BSF જવાનની ફરિયાદમાં આરોપ છે કે પોલીસ કર્મચારીઓએ તેમને થપ્પડો અને લાકડીઓ વડે માર માર્યો હતો. આ ઘટના બાદ બંને પક્ષે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે સરકારી કામમાં રૂકાવટ અને મ રામારીના આરોપસર કેસ નોંધ્યો છે.

## વાલિયામાં સોલાર પ્લાન્ટમાંથી કેબલ ચોરી કરનાર ગેંગ ઝડપાઈ

(એજન્સી) ભરૂચ | તા. 13

ભરૂચ જિલ્લાના વાલિયા વિસ્તારમાં સોલાર પ્લાન્ટમાંથી થયેલી કેબલ ચોરીનો ભેદ લોકલ ક્રાઈમ બ્રાંચે ઉકેલ્યો છે. પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે ત્રણ આરોપીઓ હજુ ફરાર છે. પકડાયેલા આરોપીઓમાં પણસોલી ગામનો અરૂણ વિનુભાઇ વસાવા અને માંગરોળનો નિલેશ ફતેસિંગ વસાવાનો સમાવેશ થાય છે.


એલસીબીના PSI એમ.એમ. રાઠોડની ટીમને બાતમી મળી હતી કે બંને આરોપીઓ મેરા ગામના ટર્નિંગ પાસે બ્લ્યુ કલરની આર.વન ફાઈવ મોટરસાકલ (GJ-16-DB-4672) સાથે હાજર છે. પોલીસે બંને આરોપીઓને ઘેરી લઈને પકડી પાડ્યા હતા.પૂછપરછમાં અરૂણ વસાવાએ કબૂલાત કરી હતી કે તેણે પૈસાની જરૂરિયાત માટે ચોરી કરવાનું નક્કી કર્યું હતું.

તેણે પોતાના મિત્રો નિલેશ વસાવા, જીગો વસાવા, મેહુલ વસાવા અને વિશાલ વસાવા સાથે મળીને છેલ્લા એક મહિનામાં વાલિયા વિસ્તારમાં પાંચ અલગ-અલગ સોલાર પ્લાન્ટમાંથી કેબલ ચોરી કરી હતી. ચોરી કરેલા કેબલમાંથી નીકળેલું કોપર મોસાલી ખાતે ભંગારનો વેપાર કરતા મોઈન સૈયદને વેચ્યું હતું.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ
અમદાવાદ એક્સપ્રેસ
TUESDAY • 14-01-2025

# પતંગરસિયાઓનું ટેન્શન વધારતી હવામાન વિભાગની આગાહી, ગુજરાતમાં ઠંડીનું જોર વધશે!

## નલિયામાં 5.6 ડિગ્રી સુધી તાપમાન પહોંચી જતાં લોકો ઠુઠવાયા હતા



(એજન્સી) ગાંધીનગર । તા.13

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના પગલે ગુજરાતમાં ઠંડીના ચમકારામાં ફરી વધારો થયો છે. જેના પગલે છેલ્લા 24 કલાકમાં અનેક શહેરોના સરેરાશ લઘુતમ તાપમાનમાં 6 ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાતા લોકો ઠુંઠવાયા હતા. બીજી બાજુ આજે સવારથી સુસવાટાભેર પવન ફૂંકાતા ઠંડીમાં ચમકારો વધી ગયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી પાંચ દિવસ વાતાવરણ શુષ્ક રહે તેવી શક્યતા છે. જ્યારે અંબાલાલ પટેલ ભરશિયાળે માવઠાની આગાહી કરી રહ્યા છે. ત્યાં હવામાન વિભાગ અનુસાર આગામી 24 કલાકમાં તાપમાનમાં 3 ડિગ્રીનો ઘટાડો નોંધાવાની શક્યતા છે. જોકે ત્યારપછી તાપમાનમાં 2-3 ડિગ્રીનો ફરી વધારો થશે તેવી પણ આગાહી છે પરંતુ ત્યાં સુધીમાં ઉતરાયણ આવી જશે અને પતંગરસિયાઓને ભારે ઠંડીનો સામનો કરવો પડી શકે છે.

માહિતી અનુસાર નલિયામાં 5.6 ડિગ્રી સુધી તાપમાન પહોંચી જતાં લોકો ઠુઠવાયા હતા. આ સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં 5 ડિગ્રીનો ઘટાડો હતો. જોકે બીજી બાજુ પોરબંદર, રાજકોટ, અમરેલી, ભુજ, ડીસા, જામનગરમાં પણ તાપમાન ગગડ્યું હતું. જ્યારે અમદાવાદની વાત કરીને તો અહીં શુક્રવારની રાતે 13.9 ડિગ્રી સુધી તાપમાન પહોંચ્યું હતું. નિષ્ણાતોના મતે અહીં પણ પારો ગગડી શકે છે.

### પતંગનો દોરો તોડી નાંખવા મુદ્દે મહિલાને કુટુંબીઓએ માર માર્યો

ગાંધીનગર : ઉતરાયણના દિવસે પતંગ ચગાવવાની વાતે માથાકુટના બનાવો નોંધાતા હોય છે. પરંતુ ગાંધીનગરના શેરથા ગામે થયેલી આગોતરી બબાલ પોલીસ સ્ટેશન સુધી પહોચી હતી. અહી પતંગની દોરી તોડી નાંખવાની વાતે બોલાચાલી થયા બાદ મહિલાને પાડોશમાં રહેતા તેના કુટુંબી ભાઈ સહિત પરિવારજનોએ માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાતા અડાલજ પોલીસે તપાસ શરૂ કરી હતી.શેરથા ગામે કસ્તુરીનગરમાં રહેતી સોનલબેન ભાઈલાલ ઠાકોર નામની મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના કુટુંબી ભાઈ વિક્રમ રાજુજી ઠાકોર, મધુબેન રાજુજી ઠાકોર અને તેજલબેન ગૌતમભાઈ ઠાકોરના નામ લખાવ્યાં છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે સોનલબેન તેના ભત્રિજા અને જમાઈ સાથે ઘરના ધાબા પરથી પતંગ ચગાવી રહ્યા હતાં. જ્યારે આરોપીઓ તેના ઘરના ધાબા પરથી પતંગ ઉડાડી રહ્યા હતાં. ત્યારે પતંગની દોરી કાપી નાંખવા બાબતે આરોપીઓએ ઝગડો કર્યો હતો અને ઘર પાસે આવી નીચે બોલાવી વિક્રમ ઠાકોરનું ઉપરાણુ લઈને તમામ આરોપીએ ગડદા પાટુનો માર માર્યો હતો. વધારામાં અમારા ઘરનું નામ લેશઓ તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપી હતી. માર પડવાના કારણે ઈજાગ્રસ્ત બનેલી મહિલાને ખાનગી દવાખાનામાં સારવાર માટે ખસેડવામાં આવતાં નાકના ભાગે ફ્રેક્ચર થયાનું નિદાન થયુ હતું. પોલીસે ફરિયાદના પગલે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### નડિયાદ ફતેપુરા રોડ પરની જમીન પચાવી પાડવા મુદ્દે

# નડિયાદમાં ભાજપના પૂર્વ કાઉન્સિલર ગીતાબેન તળપદા સહિત 21 વિરૂદ્ધ લેન્ડગ્રેબિંગની ફરિયાદ



### મકાનો બનાવ્યા તે જમીન પણ ગેરકાયદેસર હડપી

આ સમગ્ર મામલે હાલ આ ઈસમોએ સર્વે નં.૧૦૬૫ વાળી મનુભાઈ માધાભાઈ તળપદાની જગ્યામાં પાક્કા મકાનો બનાવી વસવાટ કરે છે. જે મામલે પણ મનુભાઈ સતત કોર્ટ અને કચેરીઓની રાહે પોતાની આ જમીન ખાલી કરાવવા માટે લડત ચલાવી રહ્યા છે. જેના કારણે કોર્ટના આદેશ બાદ આ જમીનની ૭/૧૨માં પણ આ ઈસમો દ્વારા બાંધવામાં આવેલા ગેરકાયદેસર બાંધકામો દૂર કરવાનો આદેશ છે. છતાં તંત્ર દ્વારા આ બાંધકામો દૂર ન કરાવાતા હોવાના આક્ષેપ ઉઠયા છે.

(એજન્સી) નડિયાદ । તા. 13

નડિયાદ શહેરમાં ફતેપુરા રોડ પર આવેલી ચકલાસી પાર્ટીની જમીન પચાવી પાડવાના હેતુથી નડિયાદ પાલિકાના ભાજપના પૂર્વ કાઉન્સિલર ગીતાબહેન મનોજભાઈ તળપદા, કાર્યકર્તા ચંદ્રેશભાઈ તળપદા સહિત ૨૧ માથાભારે ઈસમો સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો છે. આ ઈસમો જમીનના સંયુક્ત માલિકોને જમીનમાં પ્રવેશવા દેતા ન હતા. એટલું જ નહીં, ખેડૂતની જમીનની બાજુમાં અન્ય જમીન પચાવી પાડી તેમાં ઝૂંપડા બનાવ્યા છે. આ જમીન માલિકને બાજુમાં આવેલી તેમની જ જમીનમાં ઘુસવા દેતા નહોતા. જેથી મામલે કલેક્ટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગની અરજી કર્યા બાદ ખેડૂતના હક્કમાં નિર્ણય આવ્યો છે.નડિયાદ અમદાવાદી બજાર ભાવસારવાડમાં રહેતા ગૌરાંગભાઈ ચીમનભાઈ કાપડીયાના દાદા હરજીવનદાસ આણંદજી કાપડીયાની માલીકીની નડિયાદ ચકલાસી પાર્ટી સીમ સર્વે નં. ૧૦૬૨/૧ જેનું ક્ષેત્રફળ ૦૧-૦૬-૨૪ જે વડીલો પાર્જીત જમીન આવેલી છે. સાદા વીલમાં નામ હોવાથી દાદાનું ૧૯૮૮માં અવસાન થયા બાદ વ્હીલના આધારે ગૌરાંગભઆઈએ માલિક તીરેક પોતાનું નામ દાખલ કરાવ્યું હતું. ગૌરાંગભાઈને આ વિસ્તારમાં વડીલોપાર્જીત મળેલી આશરે ૧૮૦ ગુંઠા જેટલી જમીનની બાજુમાં મનુભાઈ માધાભાઈ તળપદા રહે. નડિયાદની સર્વે નં.૧૦૬૫વાળી જમીનમાં ભાજપના પૂર્વ કાઉન્સિલર ગીતાબેન મનોજભાઈ તળપદા તેમજ ભાજપના કાર્યકર્તા ચંદ્રેશભાઈ તળપદા સહિત ૨૧ શખ્સો (તમામ રહે. નડિયાદ, બાબુ અમરાનો ચોતરો, ફતેપુરા રોડ ચકલાસી ભાગોળ)એ પાકા મકાનો બનાવીને રહે છે. આ તમામ ઈસમો ગૌરાંગભાઈ કાપડીયાની સંયુક્ત માલિકીની જમીન તેઓની માલીકીની હોવાનું જાણવા છતા આશરે છેલ્લા ૨૦ વર્ષથી ઉપરોક્ત ઈસમો ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાડવાના હેતુથી જમીનના સંયુક્ત માલીકોને જમીનમાં પ્રવેશવા દેતા નથી. આ ઈસમોએ જમીન પચાવી પાડવાના હેતુથી જમીનમાં કાચા ઝુંપડા બનાવ્યા હોય આ બાબતે લેન્ડ ગ્રેબીંગ કાયદા મુજબ ૧૩ મે, ૨૦૨૪ના રોજ કલેકટરને ફરિયાદ કરી હતી.

### કયા 21 શખ્સો વિરૂદ્ધ લેન્ડગ્રેબિંગનો ગુનો નોંધાયો

ગીતાબેન મનોજભાઈ તળપદા (નડિયાદ પાલિકાના ભાજપના પૂર્વ કાઉન્સિલર), ચંદ્રેશભાઈ જશભાઈ તળપદા (ભાજપના કાર્યકર્તા), ભયજીભાઈ બાબુભાઈ તળપદા, વિઠ્ઠલભાઈ બાબુભાઈ તળપદા, પુનમભાઈ બાબુભાઈ તળપદા, પ્રવિણભાઈ પુનમભાઈ તળપદા, , રાજુભાઈ જશભાઈ તળપદા, મુકેશભાઈ ભઈજીભાઈ તળપદા, કિરણ દેસાઈભાઈ તળપદા, સંજયભાઈ દેસાઈભાઈ તળપદા, ગગનભાઈ દેસાઈભાઈ તળપદા, અજીતભાઈ પી. તળપદા, મનોજભાઈ દેસાઈભાઈ તળપદા, દિલીપ મંગળભાઈ તળપદા, ભોલાભાઈ દેસાઈભાઈ તળપદા, શાંતાબેન વિઠલભાઈ તળપદા, કોકીલાબેન ભયજીભાઈ તળપદા, મિનાબેન પ્રવિણભાઈ તળપદા, સુરેશભાઈ પુનમભાઈ તળપદા, વિજયભાઈ મનોજભાઈ તળપદા તથા લીલાબેન મંગળભાઈ તળપદા વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

### શનિવારના ૧૫.૫ ડિગ્રીની તુલનામાં રવિવારે ૧૫.૧ ડિગ્રી ઉષ્ણતામાન નોંધાયું

# ભાવનગરમાં લઘુતમ તાપમાનમાં 0.4 ડિગ્રીનો ઘટાડો : ઠંડીના પ્રમાણમાં વધારો

(એજન્સી) ભાવનગર । તા. 13

ભાવનગરમાં એક જ દિવસમાં લઘુતમ તાપમાનનો પારો ૦.૪ ડિગ્રી ગગડયો હતો તો મહત્તમ ઉષ્ણતામાનમાં પણ ૨.૨ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે પવનની ઝડપમાં પણ ઘણો વધારો નોંધાયો હતો. જેના પરિણામે ઠંડીના પ્રકોપમાં વધારો થયો હતો. હવામાન વિભાગ દ્વારા પ્રાપ્ય વિગત અનુસાર ગઈ તા.૧૦ને શનિવારે લઘુતમ ઉષ્ણતામાન ૧૫.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે મહત્તમ તાપમાન ૨૯.૨ ડિગ્રી રહ્યું હતું. ભેજનું પ્રમાણ ૩૩ ટકા અને પવનની ઝડપ ૧૨ કિમી પ્રતિ કલાક નોંધાઈ હતી. તેની સરખામણીમાં ગઈ કાલ તા.૧૧ના રોજ નિમ્નતમ ઉષ્ણતામાન ૧૫.૫ ડિગ્રી રહ્યું હતું. આમ, તાપમાનમાં ૦.૧ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે મહત્તમ તાપમાન ૨૯.૪ ડિગ્રી રહ્યું હતું. જે ૦.૨ ડિગ્રીનો વધારો સૂચવતું હતું. ગઈ કાલ તા.૧૧ના રોજ સવારે ભેજનું પ્રમાણ ૮૦ ટકા અને સાંજે ૪૮ ટકા તો સવારે પવનની ઝડપ ૪ કિમી પ્રતિ કલાક અને સાંજે ૧૦ કિમી પ્રતિ કલાક રહી હતી. આ રીતે સવારની સરખામણીએ ભેજનું પ્રમાણ ઘટયું હતું પરંતુ પવનની ઝડપ વધી હતી. જ્યારે આજે સવારે નિમ્નતમ ઉષ્ણતામાનનો પારો ગગડીને ૧૫.૧ ડિગ્રી પર પહોંચી ગયો હતો.

### કર્મચારીને ચા લેવા મોકલી પળવારમાં આત્મઘાતી પગલું

# ભુજમાં સુથાર કારીગરે ઈલેક્ટ્રીક કટર ગળે ફેરવીને આપઘાત કર્યો

(એજન્સી) ભુજ । તા. 13

શહેરના મહાવીરનગર ખાતે રહેતા સુથારીકામના કારીગરે જાતે ગળે ઈલેક્ટ્રિક કટર પોતાના ગળા ઉપર ફેરવી દઈને આપઘાત કર્યાનો આંચકારૂપ બનાવ બન્યો છે. એ ડિવિઝન પોલીસની પ્રાથમિક તપાસમાં એવી પ્રાથમિક વિગતો ખુલી છે કે, ચેતનભાઈ જોટાણિયા નામના ૩૬ વર્ષના યુવકને પત્ની સાથે વિવાદ થયો હતો. બે દિવસ પહેલાં જ પત્ની પિયર જતી રહી હતી. રવિવારે સવારે સુથારી કામના કારખાના ઉપર કારીગરને ચા લેવા મોકલી ઈલેક્ટ્રિક કટરથી પોતાનું ગળું કાપી ચેતનભાઈએ અંતિમ પગલું ભરી લીધું હતું. કોઈ સ્યુસાઈટ નોટ મળી નથી અને પોલીસ વધુ તપાસ કરી રહી છે.

જાણવા મળતી વિગતો મુજબ ભુજના વાલદાસનગર ખાતે રહેતા ૩૬ વર્ષિય ચેતન જેન્તીભાઈ જોટાણીયા રવિવારે સવારે ૯ વાગ્યે પોતાની મહાવીરનગર ખાતે આવેલી ચામુંડા વુડન ફર્નિચર નામની દુકાન ખોલીને કર્મચારીને ચા લઈ આવવા જણાવ્યું હતું. કર્મચારી ચા લેતા ગયો ત્યારબાદ ચેતને પુશબટનવાળી લાકડા કાપવાની કટર પોતાના ગળાના ભાગે ફેરી દઈને જિંદગીનો કરૂણ અંત આપી દીધો હતો. કર્મચારી ચા લઈને આવ્યો ત્યારે ચેતનને લોહીથી લથબથ જોતા આસપાસના લોકોને જાણ કરી હતી, ચેતને આત્મહત્યા કરી છે તેની જાણ ભુજ એ ડિવિઝન પોલીસને કરવામાં આવતા સ્થળ પર પોલીસની ટીમ પહોંચી આવી હતી, હતભાગીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભુજની જનરલ હોસ્પિટલમાં લઈ અવાયો હતો, ચેતને ગળે કટર ફેરવી હોવાથી જમીન પર લોહી જોવા મળ્યા હતા.

### ગાંધીનગર સહિત રાજ્યના 11 વેપારીઓ સાથે રૂપિયા 3.47 કરોડની છેતરપિંડી કરતાં ફરિયાદ

ગાંધીનગર : કેમિકલના વેપારીએ ગાંધીનગરના સહિત ૧૧ વેપારીઓને રૂપિયા ૩.૪૭ કરોડનો ચુનો લગાવ્યાનો કિસ્સો ઉજાગર થયો છે. ભાડાની ઓફિસ રાખીને વેપારીઓને ફસાવનાર શખ્સ આખરે નાણા નહીં ચૂકવીને તેના પરિવાર સાથે આરોપી ફરાર થઈગયાની ફરિયાદ સીઆઈડી ક્રાઈમની આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા નોંધીને તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. ફરિયાદી સહિતના વેપારીઓ પાસેથી આરોપી અને તેમના મળતિયાઓ દ્વારા કોપર સલ્ફેટ, ઝીંક સલ્ફેટ, ફેરસ સલ્ફેટ, બ્રાસેસ સલ્ફેટ જેવા કેમિકલની ખરીદી કર્યા બાદ નાણા ચૂકવવામાં ગલ્લા તલ્લા કરીને છેતરપિંડી કરી હતી.

# મેઘપર-બો.માં ઘરમાં ઘુસી વૃદ્ધાને માર મારી 1.15 લાખની લૂંટ કરનાર શખ્સ ઝડપાયો

### ક્રાઈમ પેટ્રોલ જોઈ મોટો હાથ મારવા જતા પોતાની સ્ત્રી બોડી લેન્ગવેજ પરથી પકડાઈ ગયો

(એજન્સી) ગાંધીધામ । તા. 13

અંજાર તાલુકાનાં મેઘપર-બો.માં ધોળા દિવસે વૃદ્ધાની એકલતાનો લાભ લઈ વૃદ્ધાને માર મારી લૂંટી જવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. જેમાં લેડીસ ટોપ-જીન્સ અને મોઢે ચુન્ની બાંધી આવેલા શખ્સે વૃદ્ધાની આંખમાં મરચું નાખ્યા બાદ માર માર્યો હતો અને બાદમાં સોનાની ચેઈન અને રોકડ સહિત ૧.૧૫ લાખની માલમત્તા લૂંટી ફરાર થઈ ગયો હતો.જે બનાવમાં પૂર્વ કચ્છ પોલીસ દ્વારા અંજાર - આદિપુર વિસ્તારમાં લાગેલા અલગ અલગ કુલ ૧૯૮ જેટલા સી. સી. ટી. વી કેમેરા ચકાસી અને લૂંટ કરનાર શખ્સની તેની બોડી લેન્ગવેજ પરથી ઓળખ કરી તેને ગાંધીધામનાં રેલવે સ્ટેશન પાકગમાંથી પોલીસે ઝડપી પાડી લૂંટનાં ગુનાનો ભેદ ૧૩ દિવસોમાં જ ઉકેલી લીધો હતો. પોતાના પરિવારને રૂપિયા આપવા અને ક્રાઈમ પેટ્રોલ જોઈ રૂપિયા કમાવવા મોટો હાથ મારવા જતા ગ્રેજ્યુએટ યુવક પોતાની । બોડી લેન્ગવેજ પરથી પકડાઈ ગયો હતો.

જેમાં ફરિયાદી પોતાના ઘરમાં એકલા હતા ત્યારે ।ના વેશમાં આવેલા અજાણ્યો ઈસમ ફરિયાદીનાં ઘરમાં ઘુસી આવ્યો હતો અને ફરિયાદી કંઈ સમજે તે પહેલાં જ તેમની આંખમાં મરચા પાવડર નાખી માર કુટ કરવા લાગ્યો હતો અને ફરિયાદીની ગળામાં પહેરેલી ૮૦ હજાર કિંમતની સોનાની ચેઈન ઝૂંટવી લીધી હતી. તેમજ મહિલાને મોઢાના ભાગે રૂમાલથી બાંધી ફરિયાદીને ડાબા હાથની આંગળીમાં છરી મારી ઈજાઓ પહોંચાડી હતી અને ફરિયાદી પાસે રાખેલા રોકડા રૂપિયા ૩૫ હજાર પણ લૂંટ કરી અજાણ્યો ઈસમ ઘરમાંથી નાસી ગયો હતો.જેથી વૃદ્ધાએ બનાવ અંગે અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જેમાં ગુનાની ગંભીરતાને જોઈ પૂર્વ કચ્છ પોલીસ દ્વારા એસ. આઈ. ટી ટીમની રચના કરી અંજાર - આદિપુર વિસ્તારમાં લાગેલા અલગ અલગ કુલ ૧૯૮ સી.સી.ટી.વી કેમેરા ચેક કરી તેમાંથી ૯૦૦ જી.બી જેટલો ડેટા લઈ તેનુ એનાલીસીસ કરી અંજારનાં જ મેઘપર બોરીચી વિસ્તારમાં આસપાસનાં વિસ્તારોમાં તપાસ કરતા લૂંટ કરનાર આરોપી મૂળ નખત્રાણાનાં સાંયરા હાલે અંજારનાં મેઘપર બોરીચીમાં રહેતો ૨૭ વર્ષીય હર્ષ ભરતભાઈ પટેલ (હળપાણી)ની પોલીસે ઓળખ કરી લીધી હતી.જેમાં પૂર્વ કચ્છ પોલીસે આરોપીની તપાસ કરતા બાતમી મળી હતી કે, આરોપી હર્ષ અમદાવાદથી ટ્રેનમાં ગાંધીધામ આવી રહ્યો છે. જે બાતમી આધારે પોલીસે અલગ અલગ ટીમો બનાવી તેને ગાંધીધામ રેલવે સ્ટેશનનાં પાકગમાંથી ઝડપી પાડયો લીધો હતો. જેમાં પોલીસે તેની પૂછપરછ કરતા આરોપીએ લૂંટ કર્યાની કબૂલાત કરી હતી અને લૂંટ કરેલી સોનાની ચેઈન પર ગાંધીધામની ફેડબેંકમાં ગીરવે મૂકી તેના પર ૫૫ હજાર રૂપિયા ગોલ્ડ લોન લીધી હોવાનું જણાવ્યુ હતુ તેમજ લૂંટનાં બનાવ સમય પહેરેલા લેડીસ કુર્તો અને દુપટ્ટો સાંઈ રેસીડેન્સી પાછળ બાવળોની ઝાડીમાં ફેંકી દીધો હતો.

### મિત્રે જ પોતાના મિત્રની માતાને નિશાન બનાવ્યો



### રાણપુરમાં માંજો પીવડાવવામાં કાચનો ઉપયોગ કરનારા સામે ગુનો નોંધાયો

# ભાવનગર અને બોટાદમાં ચાઈનિઝ દોરી અને તુક્કલ વેચનારા 10 ઝડપાયા

(એજન્સી) ભાવનગર । તા. 13

ઉત્તરાયણ પર્વ દરમિયાન પ્રતિબંધિત ચાઈનિઝ દોરી અને તુક્કલ વેચાનારા શખ્સો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ભાવનગર અને બોટાદ જિલ્લામાં પ્રતિબંધિત ચાઈનિઝ દોરી અને તુક્કલ વેચવાના ૯ બનાવોમાં પોલીસે કુલ ૧૦ શખ્સો સામે ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરની ફાતિમા કોન્વેન્ટ સ્કૂલ પાસે જાહેરમાં ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેચાણ કરતા ટેમાભ જયવંતસિંહ ગોહિલ અને સુનીલ ખોડાભાઈ ચુડાસમાને ચાઈનિઝ દોરીની રીલ અને તુક્કલ સાથે, જ્યારે ગાયત્રીનગર શિવજી સર્કલ પાસે ચાઈનીઝ દોરીના રીલ અને તુક્કલનું વેચાણ કરતા શૈલેષ વનભાઈ સોલંકીને ભરતનગર પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ કુમુદવાડી લાલટાંકી વિસ્તારમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના રીલનું વેચાણ કરતા રાહુલ જેન્તીભાઈ બારૈયાને, ચિત્રા એસટી વર્કશોપ



પાસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના રીલનું વેચાણ કરતા સુનિલ ઉર્ફે જગદીશ ચંદુભાઈ મકવાણાને અને કુંભારવાડા આવેડા પાસેથી દીપેશ ગણેશભાઈ રાઠોડને ચાઈનીઝ દોરીના રીલ સાથે બોરતળાવ પોલીસે ઝડપી લઈ ગુનો નોંધ્યો હતો. ઉપરાંત જિલ્લામાં વલ્લભીપુર નજીક કલ્યાણપર ચોકડી પાસેથી સંજય બાવચંદભાઈ ગોહિલ (રહે. તોતણીયાળા)ને ચાઈનિઝ દોરીની રીલ સાથે વલ્લભીપુર પોલીસે ઝડપી લઈ વલ્લભીપુર પોલીસ મથકમાં ગુનો નોંધ્યો હતો. ઉપરાંત બોટાદ જિલ્લાના રાણપુર ગીબરોડ મનુભાઈ સ્કુલની સામેની દુકાનમાં માંજો પીવડાવવા માટે કાચનો ઉપયોગ કરનારા અલ્તાફ અબ્દુલભાઈ પાયક (રહે. રાણપુર) ને રાણપુર પોલીસે ઝડપી લઈ ગુનો નોંધ્યો હતો. તેમજ બોટાદ શહેરમાં ભાવનગર રોડ સ્વામી નારાયણ મંદિર પાસે પિયુષ હિંમતભાઈ જતાપરા (રહે.સમઢિયાળા નં.-૧) ને ચાઈનિઝ દોરીની બે રીલ સાથે બોટાદ એસઓજીએ તથા બોટાદ શહેરના સાળંગપુર રોડ હાઈસ્કુલ ત્રણ રસ્તા પાસેથી ભાવિન જશવંતભાઈ શાહને ચાઈનિઝ દોરીની રીલ સાથે બોટાદ પોલીસે ઝડપી લઈ બોટાદ પોલીસ મથકમાં ગુનો નોંધ્યો હતો.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ)**
સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો.

**મિથુન (ક,છ,ઘ)**
તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે.

**કર્ક (ડ,હ)**
ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.

**સિંહ (મ,ટ)**
સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**કન્યા (પ,ઠ,ણ)**
તાણની અવગણના કરતા નહીં. તે ઝડપથી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે.

**તુલા (ર,ત)**
સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય)**
આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો.

**ધન (ભ,ધ,ફ)**
લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જે તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**મકર (ખ,જ)**
ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**કુંભ (ગ,શ,સ)**
ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ.

**મીન (દ,ચ,ઝ,થ)**
મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો.

# નદીઓના વહેણમાં વધશે દેશની અર્થવ્યવસ્થા, જળમાર્ગોથી થશે કાર્ગો પરિવહન

(એજન્સી) મુંબઈ તા 13

રાષ્ટ્રીય જળમાર્ગો પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા માટે આગામી પાંચ વર્ષમાં રૂ. 50,000 કરોડનું રોકાણ કરવામાં આવશે. શુક્રવારે એક સરકારી નિવેદનમાં જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. નિવેદન અનુસાર, કાઝીરંગાના કોહોરા ખાતે ઈનલેન્ડ વોટરવેઝ ડેવલપમેન્ટ કાઉન્સિલ (IWDC) ની બેઠકમાં રોકાણ પ્રસ્તાવોની જાહેરાત કરવામાં આવી હતી. આસામના કાઝીરંગામાં ઈનલેન્ડ વોટરવેઝ ડેવલપમેન્ટ કાઉન્સિલ (IWDC) ની બીજી બેઠક દરમિયાન નેશનલ રિવર ટ્રાફિક એન્ડ નેવિગેશન સિસ્ટમ (NRT&NS) લોન્ચ કરી હતી. આ પહેલનો હેતુ સમગ્ર ભારતમાં આંતરદેશીય જળમાર્ગ પરિવહનની સલામતી અને કાર્યક્ષમતા વધારવાનો છે.



## દેશના 15 શહેરમાં મેટ્રો પ્રોજેક્ટ વિકસાવાશે

IWDC રાષ્ટ્રીય જળમાર્ગો પર મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કરવા માટે પાંચ વર્ષમાં રૂ. 50,000 કરોડનું રોકાણ કરશે. IWDC નું આયોજન ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) દ્વારા કરવામાં આવ્યું હતું. IWAI એ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય (MOPSW) હેઠળના જળમાર્ગોના વિકાસ માટેની નોડલ એજન્સી છે. IWAI ની આ બેઠક પ્રસંગે, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે આંતરિક જળમાર્ગો પર ગ્રીન શિપિંગને પ્રોત્સાહન આપવા માટે આગામી પાંચ વર્ષમાં 1,000 ગ્રીન શિપનું સંચાલન કરવામાં આવશે. સોનોવાલે કહ્યું કે કોચીના વોટર મેટ્રો પ્રોજેક્ટની સફળતા બાદ તેને ગુવાહાટી સહિત દેશના 15 શહેરોમાં વિસ્તારવામાં આવશે. વર્ષ 2023માં સ્થપાયેલ IWDC એ અંતર્દેશીય જળ સંસ્થાઓમાંથી મહત્તમ આર્થિક ક્ષમતા હાંસલ કરવાનો પ્રયાસ છે.

## આંતરિક જળમાર્ગોના વિકાસે વેપાર અને પર્યટનને નવી ઊંચાઈ આપી

ભારતમાં આંતરિક જળમાર્ગોના વિકાસે વેપાર અને પર્યટનને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે. એપ્રિલ-નવેમ્બર 2024 વચ્ચે જળમાર્ગના ઉપયોગમાં 7%નો વધારો નોંધવામાં આવ્યો હતો. રિવર ક્રુઝ ટુરિઝમમાં પણ નોંધપાત્ર પ્રગતિ થઈ છે, 2013-14માં માત્ર 3 જહાજ હતા જ્યારે 2023-24માં 25 છે એટલે કે 10 વર્ષમાં 22 જહાજનો વધારો થયો. ભારત બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન અને મ્યાનમાર જેવા પડોશી દેશો સાથે વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સ અને કરારો દ્વારા વેપાર અને સીમલેસ ટ્રાન્સપોર્ટેશનને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. આ પહેલ માત્ર આર્થિક સમૃદ્ધિ જ નહીં, પરંતુ પર્યાવરણીય રીતે ટકાઉ અને પ્રાદેશિક સંબંધોને મજબૂત બનાવશે.

# તૈયાર રહેજો ! આ અઠવાડિયે આવી રહ્યા છે 5 નવા IPO ! જાણો પ્રાઈસ બેન્ડ અને અન્ય વિગતો

(એજન્સી) મુંબઈ તા 13

આવતા અઠવાડિયે, પ્રાથમિક બજારમાં 5 નવા IPO સબસ્ક્રિપ્શન માટે ખુલશે, જેમાં SME સેગમેન્ટના 4 IPOનો સમાવેશ થાય છે. આ નવા IPO ઉપરાંત, આ અઠવાડિયે 8 IPOનું લિસ્ટિંગ પણ થશે. 2025નું વર્ષ પણ IPO દ્વારા પ્રભુત્વ ધરાવતું રહેવાની શક્યતા છે, જેમાં 28 કંપનીઓએ 46,000 કરોડ રૂપિયા એકત્ર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેને હાલમાં સેબીની મંજૂરી મળી ગઈ છે અને અન્ય 80 કંપનીઓ આશરે 1,32,000 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે, જે મંજૂરીની રાહ જોઈ રહ્યા છે. ત્યારે આ અઠવાડિયે મુંબઈ સ્થિત ડેન્ટલ પ્રોડક્ટ્સ કંપની લક્ષ્મી ડેન્ટલનો IPO સોમવાર, 10 જાન્યુઆરીના રોજ જાહેર બોલી માટે ખુલશે. કંપનીનો ઉદ્દેશ ફ્રેશ ઈક્વિટી ઈશ્યુ અને




ઓફર ફોર સેલ (OFS) ના સંયોજન દ્વારા રૂ. 698 કરોડ એકત્ર કરવાનો છે અને તેનો સ્ટોક 20 જાન્યુઆરીએ NSE અને BSE બંને પ્લેટફોર્મ પર લિસ્ટેડ થશે. આ ઈશ્યૂમાંથી એકત્ર કરાયેલા ભંડોળનો ઉપયોગ કંપની અને પસંદગીની પેટાકંપનીઓ દ્વારા દેવાની ચુકવણી, નવી મશીનરી ખરીદવા માટે મૂડી ખર્ચને ભંડોળ પૂરું પાડવા, પેટાકંપની બિઝડેન્ટ ડિવાઈસીસ પ્રાઈવેટ લિમિટેડમાં રોકાણ અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. SME સેગમેન્ટમાં, કુલ 4 IPO સબસ્ક્રિપ્શન માટે ખુલવા જઈ રહ્યા છે. Kabra Jewels IPO, જેની કિંમત પ્રતિ શેર રૂ. 128 છે, તે 15 જાન્યુઆરીએ લોન્ચ થશે. તે સિવાય Rikhav Securities SME IPO પણ 15 જાન્યુઆરીએ ખુલશે અને 88.82 કરોડ રૂપિયા એકત્ર કરશે, જેની કિંમત 82-86 રૂપિયા પ્રતિ શેર હશે. Land Immigration SME IPO 16 જાન્યુઆરીએ ખુલશે અને 40.32 કરોડ રૂપિયા એકત્ર કરશે. તેની પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર રૂ. 70-72 છે. દરમિયાન, EMA પાર્ટનર્સ SME IPOની જાહેર ઓફર 17 જાન્યુઆરીથી બોલી લગાવવા માટે ઉપલબ્ધ થશે.

## ઈવીના સેગમેન્ટમાં ભારતના નવા આકર્ષણ એમજી વિન્ડસરને આઈસીઓટીવાય 2025માં ગ્રીન કાર ઑફ ધી યરનો તાજ એનાયત

(એજન્સી) ગુરુગ્રામ તા 13

જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાને એ જાહેર કરતાં ખૂબ જ ગર્વ થઈ રહ્યો છે કે, ભારતની પ્રથમ ઈન્ટેલિજેન્ટ સીયુવી એમજી વિન્ડસરને 10 જાન્યુઆરી 2025ના રોજ નવી દિલ્હીમાં એરોસિટી ખાતે યોજાયેલા ઈન્ડિયન કાર ઑફ ધી યર એવોર્ડ્સ 2025માં ખૂબ જ પ્રતિષ્ઠિત ગ્રીન કાર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.આઈસીઓટીવાય એવોર્ડને ભારતનું સૌથી પ્રતિષ્ઠિત ઑટોમોટિવ સન્માન માનવામાં આવે છે અને ઘણીવાર તેને ભારતીય ઑટોમોટિવ ઈન્ડસ્ટ્રીનો 'ઓસ્કાર' પણ કહેવામાં આવે છે. નિષ્ણાત ઑટોમોટિવ પત્રકારોની પેનલ દ્વારા શ્રેષ્ઠ નવી કારને આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. તેના મૂલ્યાંકનની આકરી પ્રક્રિયામાં કિંમત, ઈંધણ કાર્યક્ષમતા, સ્ટાઈલિંગ, આરામદાયકતા, સલામતી, પર્ફોમન્સ, વ્યવહારિકતા, ટેકનિકલ નવીનીકરણ, વેલ્યૂ ફોર મની અને ભારતમાં ડ્રાઈવિંગની પરિસ્થિતિઓ માટે અનુકૂળતા જેવા પરિબળોને ધ્યાન પર લેવામાં આવે છે. આ




સીમાચિહ્ન વિશે વાત કરતાં જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાના સન્માનપૂર્વક નિવૃત્ત થયેલા સીઈઓ રાજીવ ચાબાએ જણાવ્યું હતું કે, "એમજી વિન્ડસર યોગ્ય કિંમત અને યોગ્ય પેકેજિંગની સાથે યોગ્ય સમયે લૉન્ચ થયેલું યોગ્ય ઉત્પાદન છે. તેણે ખરેખર આ સેગમેન્ટમાં ખળભળાટ મચાવી ઈવી અંગેના ગ્રાહકોના દ્રષ્ટિકોણને બદલી નાંખ્યો છે. તેના લૉન્ચથી જ તેના વેચાણમાં જોવા મળેલા મજબૂત વેગે ગ્રાહકોની બદલાઈ રહેલી પ્રાથમિકતા પર પ્રકાશ પાડ્યો છે. એમજી વિન્ડસર વિચારણા હેઠળના તમામ પાસાંઓ પર ખરી ઉતરે છે, ખાસ કરીને તે જે વેલ્યૂ ફોર મની આપે છે, તેની પર. એમજી વિન્ડસર અમારા માટે વધુ ખાસ છે, કારણ કે, તે બેટરી-એઝ-એ-સર્વિસ અને બેટરીની આજીવન વૉરન્ટી જેવી અગ્રણી પહેલ મારફતે ઈવી ખરીદવાની ઊંચી કિંમતો સાથે સંકળાયેલી ખોટી માન્યતાઓને દૂર કરવામાં સફળ રહી છે. આ તમામ પરિબળો એમજી વિન્ડસરને ખૂબ જ પ્રતિષ્ઠિત આઈસીઓટીવાય 2025માં ગ્રીન કાર ઑફ ધી યરનો પુરસ્કાર પ્રાપ્ત કરવામાં મદદરૂપ થયાં છે.

## લણણીની સિઝનની કેલિફોર્નીયા બદામના પોષણક્ષમ સ્વાદ સાથે ઉજવણી કરો



(એજન્સી) મુંબઈ તા 13

ભારતભરમાં લણણીની સિઝનની ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવે છે જે વિવિધ નામો જેમ કે બંગાળમાં મકર સંક્રાંતિ, દક્ષિણમા પોંગલ, અને અન્ય પ્રદેશોમાં લોહરી,બિહુ અથવા બૈસાખી તરીકે ઓળખાય છે. પરંપરાઓ અને નામો બદલાતા હોવાથી તહેવારના ડેઝર્ટ્સ અને ડીશ તૈયાર કરવાનો આનંદ દરેકને સિઝનના ઔદાર્યપણાની ઉજવણીમાં એકઠા કરે છે. 2025માંચાલો આપણે વિશ્વમાં સૌથી લોકપ્રિય એવી કેલિફોર્નીયા બદામનો સમાવેશ કરીને તંદુરસ્ત અભિગમ અપનાવીએ. સૂકા મેવાનો રાજા એવી કેલિફોર્નીયા બદામ 15 આવશ્યક પોષણોથી સમૃદ્ધ છે, જેમાંપ્રોટીન, તંદુરસ્ત ફેટ્સ, ડાયેટરી ફાઈબર, વિટામીન્સ અને ખનિજનો સમાવેશ થાય છે જે અસંખ્ય આરોગ્યને લગતા ફાયદાઓ આપે છે. લણણીની સિઝન પ્રિય વ્યક્તિ સાથે ઉજજવી તે એક ખુશનુમા પ્રસંગ છે, પરંતુ તેની સાથે, તેમાંયે ખાસ કરીને ભારતમાં ડાયાબિટીઝ, ઊંચું કોલેસ્ટરલ અને સ્થૂળતા હોવાની ઘટનાઓ બનવાનું પ્રમાણ ઊંચુ છે ત્યારે ખોરાકની પસંદગી પરત્વે સભાન રહેવુ પણ અગત્યનું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબ્લ્યુએચઓ)ના અનુસાર 60 લાખ ભારતીયોને વાર્ષિક ધોરણે આવી સ્થિતિની માઠી અસર થાય છે, અને 2030 સુધીમાં લાંબા ગાળાની માંદગી માટે રાષ્ટ્રને 6 ટ્રિલીયન ડોલરનું ખર્ચ કરવુ પડશે.

# ડિવિડન્ડ અને બોનસ શેર મેળવવાની છેલ્લી તક ! આ અઠવાડિયે ખરીદી લેજો આ સ્ટોક

(એજન્સી) મુંબઈ તા 13

ઘણી કંપનીઓએ તેમના શેરધારકો માટે ડિવિડન્ડની જાહેરાત કરી છે. આમાં ટાટા ગ્રુપની આઈટી કંપની TCS, PCBL, CESC અને અન્ય કંપનીઓનો સમાવેશ થાય છે. આ શેરો આ અઠવાડિયે એક્સ-ડિવિડન્ડમાં ટ્રેડ થવાના છે. ત્યારે તમે પણ ડિવિડન્ડ મેળવવા માંગતા હોય તો ખરીદી કરવાનો છેલ્લો મોકો છે. આ સાથે કેટલીક કંપનીઓએ બોનસ ઈશ્યુ, EGM અને સ્ટોક સ્પ્લિટ જેવા અન્ય કોર્પોરેટ પગલાંની પણ જાહેરાત કરી છે. જો તમે આ બધામાંથી પૈસા કમાવવા માંગતા હોવ તો આટલું જાણી લેજો જ્યારે કંપનીઓ સારા પરિણામો દર્શાવે છે, ત્યારે તેઓ તેમના શેરધારકોને ડિવિડન્ડનો લાભ આપે છે. આમાં, શેરધારકોને પ્રતિ શેર અમુક રકમ આપવામાં આવે છે. જો તમે ભૂતપૂર્વ ડિવિડન્ડ તારીખ પહેલાં કંપનીના શેર ધરાવો છો, તો તમે



ડિવિડન્ડ માટે પાત્ર છો. જો તમે પણ ડિવિડન્ડનો લાભ લેવા માંગતા હો, તો તમે આ તારીખ પહેલા શેર ખરીદી શકો છો. ગુરુવાર, 16 જાન્યુઆરીના રોજ એક્સ-ડિવિડન્ડ પર સ્ટોક્સનું ટ્રેડિંગ કરશે. CESC લિમિટેડ: 4.5 નું વચગાળાનું ડિવિડન્ડ આપશે તે સાથે PCBL લિમિટેડ: 5.5 નું વચગાળાનું ડિવિડન્ડ આપશે શુક્રવાર, 17 જાન્યુઆરી, 2024 ના રોજ એક્સ-ડિવિડન્ડ પર સ્ટોક્સનું ટ્રેડિંગ: Tata Consultancy Services Ltd: 10 નું વચગાળાનું ડિવિડન્ડ આપશે અને તેની સાથે 66ના સ્પેશલ ડિવિડન્ડની પણ જાહેરાત કરી છે. TCS સિવાય Vantage Knowledge Academy Ltd: 0.1 નું વચગાળાનું ડિવિડન્ડ આપશે આ સ્ટોક થશે સ્પ્લિટ: શાર્દુલ સિક્યોરિટીઝ લિમિટેડના શેર રૂ. 10 ના ફેસ વેલ્યુથી રૂ. 2 ના ફેસ વેલ્યુમાં વિભાજીત થશે. આ શેર 13 જાન્યુઆરીના રોજ એક્સ-સ્પ્લિટ ટ્રેડ થશે. રેજીસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના શેર રૂ. 10 ના ફેસ વેલ્યુથી રૂ. 1ના ફેસ વેલ્યુમાં વિભાજીત થશે. આ શેર 16 જાન્યુઆરીના રોજ એક્સ-સ્પ્લિટ ટ્રેડ થશે. આ સાથે અરુણજ્યોતિ બાયો વેન્ચર્સ લિમિટેડના શેર રૂ. 10 ના ફેસ વેલ્યુથી રૂ. 1 ના ફેસ વેલ્યુમાં વિભાજીત થશે. આ શેર 17 જાન્યુઆરીના રોજ એક્સ-સ્પ્લિટ ટ્રેડ થશે. જય બાલાજી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના શેર રૂ. 10 ફેસ વેલ્યુથી રૂ. 2 ફેસ વેલ્યુમાં વિભાજીત થશે. આ શેર 17 જાન્યુઆરીના રોજ એક્સ-સ્પ્લિટ ટ્રેડ થશે.

## ધ્રુવે મલ્ટી-મોડલ પ્રોજેક્ટ માટેનો પ્રથમ સુપરવિઝન કોન્ટ્રાક્ટ મેળવીને પ્રવેશ કર્યો

મુંબઈ : ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડ (ડીસીએસએલ) (બીએસઈ - 541302: એનએસઈ - DHRUV, જે ભારતની અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કન્સલ્ટન્સી કંપનીઓમાંની એક છે, તે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) તરફથી પ્રતિષ્ઠિત લેટર ઑફ એક્સેપટન્સ પ્રાપ્ત થયાની જાહેરાત કરીને ગર્વ અનુભવે છે. આ રૂ.1.35 કરોડના કરાર હેઠળ, મુંબઈ મેટ્રો લાઈન 5 (તબક્કો I: બાલકુમ નાકાથી ધમણકર નાકા)ના છ સ્ટેશનો પર મલ્ટી-મોડલ ઈન્ટિગ્રેશન (એમએમઆઈ) સુવિધાઓની દેખરેખ અને નિરીક્ષણ માટે ડીસીએસએલને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટને 12 મહિનાની અંદર પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. મલ્ટી-મોડલ સુવિધાઓનું એકીકરણ આધુનિક શહેરી માળખાગત સુવિધાઓમાં કનેક્ટિવિટી વધારી, પરિવહન પ્રણાલીઓને સુવ્યવસ્થિત બનાવી અને મુખ્ય મેટ્રોપોલિટન વિસ્તારોમાં ભીડ ઘટાડીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ સિદ્ધિ ધ્રુવ કન્સલ્ટન્સીની અનુકૂલનક્ષમતા અને નવીનતા પર ભાર મૂકે છે, જે રોગચાળા પછીના યુગમાં તેની સ્થિતિસ્થાપકતા અને વૃદ્ધિ દર્શાવે છે. મલ્ટી-મોડલ ઈન્ટિગ્રેશન સેક્ટરમાં કંપનીના પ્રથમ પ્રોજેક્ટ તરીકે, આ સફળતા જટિલ, ઉચ્ચ-અસરકારક શહેરી પ્રોજેક્ટ્સ માટે વિશ્વસનીય ભાગીદાર તરીકે ધ્રુવ કન્સલ્ટન્સીની વિશ્વસનીયતાને મજબૂત બનાવે છે. તે કંપનીના પોર્ટફોલિયોમાં વૈવિધ્યકરણ લાવવા તથા મેટ્રો ટ્રાન્ઝિટ સિસ્ટમ્સ અને મલ્ટી-મોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ઉચ્ચ વૃદ્ધિ વાળા સેક્ટરમાં પ્રવેશ કરવાના વ્યૂહાત્મક ઉદ્દેશ્યને અનુરૂપ છે.

# 13 જાન્યુઆરીથી શરૂ થયેલા એમેઝોનના 'ગ્રેટ રીપબ્લિક ડે સેલ' 2025માં ખરીદી કરીને મોટી બચત કરો

(એજન્સી) બેંગલુરુ તા 13

જેની ખૂબ જ આતુરતાપૂર્વક રાહ જોવાતી હોય છે તે એમેઝોન ઈન્ડિયાનો 'ગ્રેટ રીપબ્લિક ડે સેલ' 13 જાન્યુઆરી, 2025ના રોજ બપોરે 12 વાગ્યાથી શરૂ થવા જઈ રહ્યો છે, જેમાં ખાસ પ્રાઈમના સભ્યોને 12 કલાક વહેલું ઍક્સેસ પ્રાપ્ત થશે. ગ્રાહકો સ્માર્ટફોન્સ, ફેશન અને બ્યુટી, હૉમ અને કિચન, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ, મોટા એપ્લાયેન્સિસ, કરિયાણા, રોજબરોજની આવશ્યક ચીજો વગેરે જેવી કેટેગરીઓમાં વિક્રેતાઓ દ્વારા વેચવામાં આવી રહેલા લાખો ઉત્પાદનો માટે નવા વર્ષની ખરીદી શરૂ કરી શકશે. આ ઉપરાંત, ગ્રાહકો વનપ્લસ, એપલ, બૉટ, સેમસંગ, સોની, એલજી, ક્રોક્સ, ટાઈટન, લોરીયલ, લેકમે, પેમ્પર્સ વગેરે જેવી અગ્રણી બ્રાન્ડ્સની વૈવિધ્યસભર રેન્જને એક્સપ્લોર કરી શકશે.




### વિવિધ કેટેગરીઓની શ્રેષ્ઠ ડીલ્સ

એસબીઆઈના ક્રેડિટ કાર્ડ અને ઈએમઆઈ ટ્રાન્ઝેક્શન્સ પર 10%નું તાત્કાલિક ડિસ્કાઉન્ટ મેળવી વધુ બચત કરો.એમેઝોન પે લેટરનો ઉપયોગ કરીને 60,000 સુધીનું તાત્કાલિક ધિરાણ અને 600 સુધીના વેલકમ રીવૉર્ડ્સ મેળવો. વનપ્લસ, એપલ, સેમસંગ, આઈક્યુઓઓ, રીયલમી, શાઓમી, પીઓસીઓ, મોટોરોલા, ઑનર, લાવા, ટેક્નો, ઈન્ટેલ વગેરે સહિતની સ્માર્ટફોનની ટોચની બ્રાન્ડ્સ તરફથી જબરદસ્ત ડીલ્સ, લેટેસ્ટ મોડેલ્સ અને આકર્ષક કિંમતો મેળવો. આઈફોન 15 જેવા પ્રીમિયમ સ્માર્ટફોન્સ 56,999થી શરૂ થાય છે અને સેમસંગ ગેલેક્સી એસ23 અલ્ટ્રા 5જી 69,999થી શરૂ થાય છે. 21,000 સુધીની વધારાની એક્સચેન્જ ઑફરો અને 12 મહિના સુધીના નો-કોસ્ટ ઈએમઆઈના વિકલ્પોની સાથે 250+ ટોચની બ્રાન્ડ્સ પાસેથી ઈલેક્ટ્રોનિક્સ અને એસેસરીઝ પર 75% સુધીની છુટ મેળવો. વૉશિંગ મશીન, રેફ્રિજરેટર્સ, ચિમની, માઈક્રોવેવ અને ડિશવૉશર પર 60% સુધીની છુટ. 600+ ટીવીની વ્યાપક રેન્જને આકર્ષક કિંમતોએ ખરીદો અને 10,000 સુધીના એક્સચેન્જ અને કૂપન ડિસ્કાઉન્ટ તથા 4 વર્ષની એક્સટેન્ડેડ વૉરન્ટીની સાથે આકર્ષક ઑફરોનો લાભ ઉઠાવો. લિબાસ, બિબા, ફોરએવર 21, બિબા, ડબ્લ્યુ વગેરે જેવી ટોચની બ્રાન્ડ્સની 4.5 લાખ+ સ્ટાઈલ્સમાં ફેશન અને બ્યુટી પર 50-80%ની છુટ મેળવો. મેટ્રો, ઈન્ક 5, ક્લાર્ક્સ, ક્રોક્સ, વૂડલેન્ડ વગેરે જેવી ટોચની બ્રાન્ડના ફૂટવેર પર ઓછામાં ઓછાં 50%ની છુટ મેળવો. એમેઝોન ફ્રેશ પર 50%ની છુટની સાથે કરિયાણા પર મોટી બચત કરો. હૉમ ડેકોર, શૉપીસ, કૂકવૅર, ડાઈનિંગ, સ્ટોરેજ વગેરે સહિત કિચન, હૉમ અને આઉટડોર પ્રોડક્ટ્સ પર ઓછામાં ઓછી 50%ની છુટ. લીગો, હાસબ્રો, હાર્પર કોલિન્સ વગેરે સહિતની ટોચની બ્રાન્ડ્સના પુસ્તકો, રમકડાં અને ગેમિંગ ઉત્પાદનો પર 70%ની છુટ મેળવો.એલેક્સા અને ફાયર ટીવી સ્ટિકની સાથે ઈકો સ્માર્ટ સ્પીકર્સ પર 35%ની છુટ મેળવો. એમેઝોનના બિઝનેસ ગ્રાહકો લેપટૉપ, ટેબલેટ્સ, હેડફોન, ઑફિસના ફર્નિચર વગેરે સહિત 2 લાખ+ વિશિષ્ટ ઉત્પાદનો પર 70% સુધીની છુટનો લાભ ઉઠાવી શકે છે.

# મ્યુચ્યુઅલ ફંડ SIP ચૂકવાથી રોકાણ પર પડે છે અસર

(એજન્સી) મુંબઈ તા 13

સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન એટલે કે SIP એ મ્યુચ્યુઅલ ફંડમાં નિયમિતપણે રોકાણ કરવાની એક શિસ્તબદ્ધ રીત છે. દર મહિને SIP દ્વારા દેશમાં વિવિધ મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓમાં રૂ. 26 હજાર કરોડ આવી રહ્યા છે. મોટાભાગના કિસ્સાઓમાં રકમ બેંકમાંથી નિર્ધારિત સમયે ઓટો-ડેબિટ થાય છે, પરંતુ કેટલીકવાર સંજોગો અથવા બેદરકારીને લીધે રોકાણકારો SIP હપ્તા ભરવામાં ડિફોલ્ટ થાય છે. આવી સ્થિતિમાં SIP ખૂટે છે તમારા રોકાણ પર શું અસર થશે? ચાલો આ સમજવાનો પ્રયત્ન કરીએ...




## SIP ચૂકી ન જાય તેની ખાતરી કરવા માટે કેવા પ્રકારની વ્યૂહરચના અપનાવવી જોઈએ?

પગાર આવ્યા પછી તરત જ SIP માટે તારીખ પસંદ કરવાનું સુનિશ્ચિત કરો. અણધાર્યા ખર્ચ અને અપૂરતી સંતુલનની સમસ્યાઓ ટાળવા માટે ખાતામાં બફર સ્ટોક બનાવો. જો તમે નાણાકીય અવરોધોનો સામનો કરો છો, તો તરત જ SIP રદ કરવાને બદલે તમારા SIP રોકાણો અથવા વિવેકાધીન ખર્ચ પર પુનર્વિચાર કરો. જો જરૂરી હોય તો SIPમાં ફેરફાર અને થોભાવવાની સુવિધા છે. જ્યારે તમને પૈસા મળે ત્યારે તમે તેને ફરીથી શરૂ કરી શકો છો.

## શું SIP ખૂટે તે માટે કોઈ દંડ છે?

મ્યુચ્યુઅલ ફંડ સામાન્ય રીતે ચૂકી ગયેલી SIP પર દંડ વસૂલતા નથી, પરંતુ બેંકની નીતિના આધારે SIP માટે ખાતામાં પૂરતું ભંડોળ ન હોવા બદલ બેંકો 150થી 750 સુધીનો દંડ વસૂલે છે. જો સતત 3 હપ્તા ચૂકી જાય તો દૈનિક, સાપ્તાહિક, 15 દિવસ અથવા માસિક SIP આપોઆપ રદ થઈ શકે છે. ત્રિમાસિક, દ્વિ-માસિક અથવા લાંબા અંતરાલ SIP જો સતત બે હપ્તા ચૂકી જાય તો રદ થઈ જાય છે.

## આ આપણા રોકાણોને કેવી રીતે અસર કરે છે?

નાણાકીય ધ્યેયો માટે શરૂ કરેલી રોકાણ યાત્રામાં અવરોધ આવી શકે છે. તમે બજારની હિલચાલને અનુરૂપ રૂપિયાના ખર્ચની સરેરાશની તક ગુમાવો છો. દરેક ચૂકી ગયેલી SIP રોકાણ કરેલી રકમને ઘટાડે છે, જે સમય જતાં અને તમારા કોર્પસ તરફના ચક્રવૃદ્ધિની શક્તિને સીધી અસર કરે છે. આવી સ્થિતિમાં તમારા લક્ષ્યોની સમયમર્યાદાને સમાયોજિત કરવાની જરૂર પડી શકે છે. તમારા લક્ષ્યોને હાંસલ કરવા માટે ભવિષ્યમાં મોટા રોકાણની જરૂર પડી શકે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ વદ-01




## સંપતિનું સર્જન કરનાર ઉદ્યમીઓને મળવું જોઇએ સન્માન

આપણા રાજનીતિક વર્ગથી જોડાયેલ કેટલાક લોકો સંપતિનું સર્જન કરનાર ઉદ્યમીઓને ખલનાયક ચિતરવાની વર્તણૂંક કરી રહ્યા છે. આવું વલણ ભારતની પ્રગતિમાં બાધક છે. જરા વિચારો કે જે નોકરી થકી તમારું રસોડું ચાલે છે, આપના બાળકોને શિક્ષણ માટે ફી ભરવામાં મદદ મળી રહી છે તો શું તમે તે વેતનના ઋણી નથી. જો તમે શંકાની દૃષ્ટિએ વિચારશો તો કહેશો કે આ નોકરી મારી કાબેલિયતના કારણે મળી છે. પરંતુ તમારામાં સારી કાબેલિયત હોવા છતાં સંપતિનું સર્જન કરનારન હોત તો તમારી નોકરી પણ ન હોત. જો સરકારે ભારતીય રેલવેમાં નાણાંનું રોકાણ ન કર્યુ હોત તો અનેક લોકોને નોકરી ન મળત, તેમના બાળકોને સારું શિક્ષણ ન અપાવી શકયા હોત. એક ઉદ્યોગપતિ દ્વારા પોતાના વ્યવસાય માટે લગાવેલ નાણાંકીય રોકાણ થકી નોકરીઓ પેદા થાય છે. નોકરીયાતને દર મહિને વેતન મળે છે, પરંતુ તે અંગે કયારેય તેઓએ વિચાર્યુ છે કે, જેમના કારણે આ વેતન સંભવ થઇ શકયું છે તે ઉદ્યમી કેવા જોખમોનો સામનો કરી રહ્યા છે. ઉદ્યમી પોતાના વ્યવસાયમાં કરોડો રુપિયાનું રોકાણ કરે છે. તેઓને અસફળતા, પ્રતિસ્પર્ધા, સરકારી અડચણો અને બજારની અનિશ્ચિતતાઓનો સામનો કરવો પડે છે. વેતન મેળવનાર કર્મચારીઓના સુનિશ્ચિત વેતનથી વિપરીત કોઈપણ ઉદ્યમીને ફકત ત્યારે જ ધનની પ્રાપ્તિ થાય છે જયારે તેઓ વ્યવસાય સફળ થાય છે, અને તે પણ અનેક વર્ષોની મહેનત અને તણાવભરી સ્થિતિ બાદ. સંભવ છે કે બીજી કે ત્રીજી પેઢીના ઉદ્યોગપતિને અગાઉના જેવું જોખમ ઉઠાવવું પડતું નથી કે સંઘર્ષ કરવો પડતો નથી. પરંતુ તેઓના પૂર્વજોએ અચૂક જોખમ ઉઠાવીને, સંઘર્ષ વેઠીને વ્યવસાયને જીવંત રાખ્યો. આપણામાંથી મોટાભાગના લોકો આ પ્રકારનું જોખમ લેવાની હિંમત ધરાવતા નથી. વ્યવસાયમાં જોખમ લેનારા સાહસિક લોકોને ખલનાયક ચીતરવા એ ભારતના આર્થિક ભવિષ્ય માટે નિતાંત અદૂરદર્શી છે. તેઓના વગર ન તો આર્થિક વિકાસ થશે અને ન તો રોજગાર ઉભા થશે. સંપતિનું સર્જન કરનારાઓને શંકાભરી દૃષ્ટિથી જોવાના દૂરાગ્રહની જડ વાસ્તવમાં નહેરુવાદી સમાજવાદ સાથે જોડાયેલી છે.સમાજવાદ અને સામ્યવાદ જેવી અવધારણા તો વિદેશી છે. ભારતનું પ્રાચીન આર્થિક દર્શન તો સંપતિ સર્જનને સમાજ માટે અત્યંત લાભકારી માને છે. ભારતીય પરંપરા તો શુભલાભમાં વિશ્વાસ રાખનારી રહી છે. આ વિચાર ભારતીય સંસ્કૃતિના એ ઊંડા ચિંતનને દર્શાવે છે કે, નૈતિક રીતે સંપતિનું સર્જન કરવું એ તમામ માટે લાભદાયક છે. ભારતીય દર્શનમાં ધર્મ, કામ અને મોક્ષના અતિરિકત અર્થને ચાર પુરુષાર્થોમાંથી એક માનવામાં આવ્યો છે. દુનિયાના સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં શ્રી સૂકતં નામનો સ્ત્રોત છે. જે ધનની દેવી લ-મીને સમર્પિત છે. આ સ્ત્રોત સંપતિને એક આશિર્વાદ માને છે, જે પરિવારો, સમુદાયો અને રાષ્ટ્રોનું પોષણ કરે છે. નૈતિક રુપથી સંપતિનું સર્જન ભારતીય પરંપરાનું મૂળ છે અને તે સામૂહિક ભલાઇનું માધ્યમ છે.

# શક્તિપીઠ અંબાજી ખાતે જગદંબાના પ્રાગટ્ય દિન પોષી પૂનમની શ્રધ્ધાભેર ઉજવણી કરાઇ

### મોટી સંખ્યામાં માઇભક્તો ઉમટ્યા



**માં અંબાના પ્રાગટ્ય દિવસે વિશ્વનું કલ્યાણ થાય તેવી પ્રાર્થના કરૂં છું :- મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત, બનાસકાંઠા પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતની વિશેષ ઉપસ્થિતિમાં ૧૦૦ જેટલા યજમાનો દ્વારા વિશ્વ કલ્યાણ અર્થે મહાશક્તિ યજ્ઞ ઉજવાયો**

માહિતી બ્યુરો | પાલનપુર

શક્તિપીઠ અંબાજી વિશ્વભરના શક્તિ ઉપાસકોની આસ્થાનું કેન્દ્ર છે. આજ રોજ પોષ સુદ પુનમ એટલે આદ્યશક્તિ માં જગદંબાનો પ્રાગટ્ય દિન નિમિત્તે બનાસકાંઠા પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતની વિશેષ ઉપસ્થિતિમાં હજારોની સંખ્યામાં ભાવિક શ્રદ્ધાળુઓએ મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

મા અંબાના પ્રાગટ્ય ઉત્સવ નિમિતે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ અંબાજી દ્વારા દર વર્ષે પોષી પુનમ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી સાથે પોષી પૂનમની શ્રધ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતએ જણાવ્યું હતું કે, આસ્થાના પ્રતીક એવા માં અંબાના ચરણોમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનનો લહાવો લે છે ત્યારે આજે પોષી પૂનમનું વિશેષ મહત્વ હોય છે. દુષ્કાળના સમયમાં માં અંબા શાકંભરીના સ્વરૂપે પ્રગટ થયા હતા એ દિવસથી આજનો દિવસ પ્રાગટ્ય દિવસ તરીકે ઉજવાય છે. આજે સૌ સાથે મળીને લોકભાગીદારી થકી હવનનું પણ આયોજન કરાયું છે. વિશ્વ કલ્યાણ માટે માં અંબા તમામ લોકોની શુભકામનાઓ પૂર્ણ કરે તેમ પ્રાર્થના થકી મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

**મહાશક્તિ યજ્ઞ, શોભાયાત્રા, અન્નકૂટ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા: 2100 કિલો સુખડીનો પ્રસાદ વહેંચાયો**


જે અંતર્ગત અંબાજી મંદિરના ચાચર ચોકમાં મહાશક્તિ યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વહીવટદાર અને અધિક કલેક્ટરશ્રી કૌશિક મોદી અને ૧૦૦ જેટલા યજમાનો દ્વારા વિશ્વ કલ્યાણ અર્થે મહાશક્તિ યજ્ઞ કરવામાં આવ્યો હતો. માતાજીના પ્રાગટ્ય દિને ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ, અંબાજીના સભ્યો દ્વારા ગબ્બર ટોચ ઉપરથી જ્યોત લઈ અંબાજી મંદિરમાં લાવવામાં આવી હતી. ત્યારબાદ મંદિરના શક્તિદ્વારે આરતી કરાઈ હતી. આ સાથે માતાજીની જ્યોતને અંબાજી ગામમાં જ્યોત યાત્રા કરવામાં આવી હતી. ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ દ્વારા અંબાજી ખાતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. અંબાજી શક્તિદ્વારથી હાથી પર માં અંબાની શોભાયાત્રાની શરૂઆત કરી સમગ્ર અંબાજી નગરમાં પ્રસ્થાન કરાયું હતું. જેમાં ૩૫ થી વધારે વિવિધ ઝાંખીઓ રજૂ કરાઈ હતી. શોભા યાત્રામાં કુલ ૨૧૦૦ કિલો સુખડીના પ્રસાદનું વિતરણ કરાયું હતું. ટ્રસ્ટ સંચાલિત અંબિકા ભોજનાલય ખાતે અંબિકા અન્નક્ષેત્રમાં નિ:શુલ્ક મિષ્ઠાન ભોજનની વ્યવસ્થા તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

મા અંબાના પ્રાગટય દિવસનો ઉત્સવ માઇ ભક્તો ઘરે બેઠા પણ નિહાળી શકે એ માટે તમામ ધાર્મિક કાર્યક્રમોનું LED અને YouTube ચેનલ મારફતે તેમજ ટ્રસ્ટનાં વિવિધ સોશ્યલ મીડિયા પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

### જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામમાં

## વાડીએથી મજૂરી કામ કરી પરત ફરી રહેલી 7 વર્ષની બાળકીને દીપડાએ ફાડી ખાધી



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

માનવ વસ્તીમાં અવારનવાર રાણી પશુઓ આવી ચડતા અને નાગરિકો ઉપર બનતી ગંભીર ઘટનાઓ એવી જ ઘટના જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામે બનતા ગામમાં ભયનું વાતાવરણ ફેલાયું છે. મળતી માહિતી મુજબ ચિત્રાસર ગામે ૭ વર્ષની બાળકી પર દીપડાએ હુમલો કર્યો વાડીએથી મજુરી કામ કરી પરત ફરતા ખેત મજુર પરિવારની દીકરી પર દીપડાનો હુમલો દીપડાના હુમલાથી ૭ વર્ષની બાળકીનુ મોત થયું દીપડાએ ૭ વર્ષની બાળકીને ગળાના ભાગે પકડતાં મોત નિપજ્યું હતું બાળકીના મૃતદેહને જાફરાબાદ હોસ્પિટલ ખાતે પીએમ માટે ખસેડાઇ ૭ વર્ષની બાળકીના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ આરએફઓ સહિત વન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી પાંજરું મૂકી દીપડાને પકડવા કવાયત હાથ ધરી મૃતકનું નામ :- ચપુત્રા જોધુભાઈ બાંભણીયા (ઉ. વ. 7) ચિત્રસાર ગામ આ પહેલા સોશિયલ મીડિયામાં આજ ગામના એક મકાન માં દિપડો અંદર પ્રવેશ જતા મહિલા એ દરવાજો બંધ કરી દેવામાં આવતા અને ગામજનો દ્વારા વનવિભાગ ને જાન કરવામાં આવતા વનવિભાગ દ્વારા તે દિપડાને બે હોસ કરી પાંજરે પૂર્યો હતો આજ ગામમાં ફરી દિપડા એ સાંત વર્ષની બાળકી નું ગળું દબાવી ઢસડી જતા લોકો દ્વારા હાકલા પડકારા કરતા બાળકીને મુકીને દિપડો ફરાર થઈ ગયો હતો પરંતુ બાળકોને ગળાં ના ભાગે ગંભીર ઈજાગ્રસ્ત થવાથી બાળકીનું મૃત્યુ નિપજ્યું હતું વનવિભાગ દ્વારા દિપડા ને પકડવા માટે મથામણ ચાલુ છે.

## NEWS BRIEF

### નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં પારુલ યુનિ.નો આર્યન પાટીલ બ્રોન્ઝ મેડલ વિજેતા




ભરત શાહ | નર્મદા

નિહોન સોટોકેન કરાટે એસોસિએશન દ્વારા તારીખ 12 જાન્યુઆરી 2025 ના રોજ યુગપુરુષ સ્વામી વિવેકાનંદ ઈન્ડોર સ્ટેડિયમ આણંદ ખાતે 14th નેશનલ સોટોકેન કરાટે ચેમ્પિયનશિપ નું આયોજન કરવામાં આવ્યું હતું, જે નેશનલ કરાટે સ્પર્ધા માં પારુલ યુનિવર્સિટીની પારુલ પોલિટેક ઈન્સ્ટિટયૂટમાં કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતો આર્યન કલ્પેશ પાટીલ એ ઓપન કેટેગરીમાં ભાગ લઈ તેમાં ફાઈટ કોમ્પિટિશનમાં બ્રોન્ઝ મેડલ વિજેતા બન્યો છે, આમ આર્યન પાટીલે મેડલ જીતી પારુલ યુનિવર્સિટીને સન્માન અપાવ્યું છે. આર્યન પાટીલ કરાટે ની તાલીમ પ્રતીક સર તથા અનુપ સર પાસે લે છે.

### રાજપીપળા | એસપી કચેરી સામે આવેલ આદિત્ય બંગલોઝ માંથી આધેડ મહિલા ગુમ



ભરત શાહ | નર્મદા

રાજપીપળા શહેર માં આવેલ એસપી કચેરી સામે ના આદિત્ય બંગલોઝ માં રહેતા એક આધેડ મહિલા ઘર માં કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક જતા રહેતા તેમના જમાઈ એ પોલીસ માં જાણ કરી છે. સ્વામીશરણ નગીનભાઇ પટેલ(એડવોકેટ) રહે-૨૮ આદિત્ય બંગ્લોઝ એસ.પી.ઓફિસની સામે, રાજપીપળા નાઓ એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેમના સાસુ રક્ષાબેન ગોરધનભાઈ પટેલ ઉ.વ.૬૩ રહે-૨૮ આદિત્ય બંગ્લોઝ. તા-૧૧/૦૧/૨૦૨૫ ના સવારે ૦૫/૪૬ વાગ્યાના અરસામાં ઘર ના કોઈ ને કઈ કહ્યા વિના નિકળ્યા હતા તેઓ પરત ઘરે નહી આવતા ઘણી શોધખોળ કરી પરંતુ તેમનો ક્યાંયે પત્તો નહી લાગતા રાજપીપળા પોલીસે તેમની તપાસ હાથ ધરી છે. જાણ કરનાર સ્વામીશરણ પટેલ ના જણાવ્યા મુજબ તેમના ગુમ થયેલા સાસુ તેમની સાથે રહેતા હતા અને ક્યારેક સોસાયટી માં ચાલવા જતા હતા માટે ચાલવા ગયા બાદ ક્યાંક જતા રહ્યા એ બાબતે પોલીસ તપાસ કરી રહી છે.

### ચાણસ્મા | ઉત્તરાયણમાં દાન પુણ્ય કરી સદ ગૃહસ્થો પુણ્યનું ભાથું બાંધશે



નીતિન ઠાકર | ચાણસ્મા

ઉતરાણ એટલે દાન પુણ્ય ના કામ કરી પુણ્ય નું ભાથું બાધવાનો અનેરો અવસર ઉતરાણ ના પવિત્ર પર્વ ના દિવસે ચાણસ્મા સહીત પંથક માં સ્વૈચ્છિક સંસ્થા ઓં સહીત સદ ગૃહસ્થો ગાયો ને ઘાસ ચારો નીરવો ગરીબો ને વસ્ત્ર દાન કરવા સાથે ગરીબ જરૂરિયાત મંદ પરિવાર ના બાળકો ને પતંગ દોરી નું વિતરણ કરવા સાથે તલ ની સુખડી બોર નું વિતરણ સદ ગૃહસ્થો સહિત સ્વૈચ્છિક સંસ્થા ઓં દ્વારા સેવા નું કામ કરી પુણ્ય નું ભાથું બાંધવાની કામ કરશે જયારે ચાણસ્મા ખાતે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ સેવાભાવી યુવકો દ્વારા ચાણસ્મા નગર ની ગાયો ને 300મણ અલગ અલગ ધન્ય ના ખીચડા નું ચાણસ્મા નગર ના વિવિધ વિસ્તારો ની ગાયો ને વિતરણ કરવા સાથે લીલા ઘાસ ચારા નું નિરણ કરી ધન્યતા અનુભવશે.

### ચાણસ્મા | રાજપીપળામાં પતંગ, દોરાની ઘરાકી ખૂલતા વેપારીઓ થયાં ખુશ



ભરત શાહ | નર્મદા

આજે 14 જાન્યુઆરી એ ભારત દેશ માં ઉત્તરાયણ નો પર્વ મ્યુઝિક ના તાલે વાજતે ગાજતે ઉજવવામાં આવે છે પરંતુ આ વર્ષે હજુ સુધી જોઈ ખાસ મઝા જોવા મળી નથી અને ક્યાંયે મ્યુઝિક ના સ્પીકરો ગુંજતા સંભળાતા નથી સાથે સાથે પતંગ અને દોરા ની ખરીદી પણ નીરસ જણાઈ હતી ત્યારે ઉત્તરાયણ ના આગલે દિવસે એટલે કે 13 તારીખ થી રાજપીપળા ના પતંગ બજારો માં પતંગ રસિયાઓ પતંગ દોરા ની ખરીદી કરતા નજરે પડ્યા હતા જેથી દુકાનો પર ગ્રાહકો ની રાહ જોઈ બેઠેલા વેપારીઓ માં ખુશી જોવા મળી હતી. જોકે 13 તારીખે પણ બપોર સુધી કોઈ ધાબા ઉપર સ્પીકર વાગતા સંભળાયા નથી ત્યારે એમ જરૂર લાગે કે હવે પતંગ પ્રેમીઓનો પ્રેમ તહેવારમાં ઓછો થઈ રહ્યો છે.

## રાજપીપળાની વિધવા મહિલાને અંત્યોદય કાર્ડ માટે 3 મહિનાથી ધક્કાના અહેવાલ બાદ તંત્રની આંખ ઊઘડી



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં પુરવઠા વિભાગ માં ખાસ કરી ને નાંદોદ તાલુકા માં ઘણી લાલીયાવાડી ચાલતી હોવાની બૂમ ઉઠી છે જેમાં આ વિભાગ જરૂરિયાતમંદ લોકો ને ધક્કા ખવડાવતા હોવાની વારંવાર બુમ આવે છે ત્યારે હાલ માં તો એક વિધવા મહિલા ને અંત્યોદય કાર્ડ કાઢી આપવા માં ત્રણ મહિના થી ધક્કે ચઢાવી હોવાના અહેવાલ અમારા અખબાર માં પ્રસિદ્ધ થયા હતા જેમાં રાજપીપળા ના ટેકરા ફળિયા વિસ્તાર ના રહેતા શકુંતલાબેન શંકરભાઈ વસાવા કે જેઓ 63 વર્ષીય વિધવા અને નિસંતાન મહિલા છે છતાં આ લાચાર મહિલા ને તંત્ર ત્રણેક મહિના થી ધક્કે ચઢાવતું હતું આ અહેવાલ બાદ જિલ્લા પુરવઠા અધિકારી વિવેક દરજી એ પણ પુરવઠા વિભાગ માં આ માટે પૂછતાછ કરી જરૂરી કામ કરવા સૂચના આપી હતી અને અમારા અહેવાલ રાજપીપળા શહેર બીજેપી પ્રમુખ અજીતભાઈ પરીખ ના ધ્યાન પર આવતાં તેમણે અમારા પ્રતિનિધિ પાસે આ મહિલા નું એડ્રેસ લઈ મહિલા ને આજે સોમવારે પુરવઠા કચેરી ખાતે પોતાના વાહન માં લાવી પુરવઠા નાયબ મામલતદાર સાથે વાતચીત કરી હતી અને નાયબ મામલતદાર એ આ મહિલા ને સાંજ સુધી માં અંત્યોદય કાર્ડ મળી જશે તેવી ખાતરી આપતા મહિલા ના મુખે સ્મિત જોવા મળ્યું હતું.

**બીજેપી શહેર પ્રમુખ અજીતભાઈ પરીખે આ મહિલા ને પુરવઠા કચેરી લાવી અધિકારી સાથે વાટાઘાટ કરતા કાર્ડ મળ્યું**

### હવે પાર્ટીએ મને શહેર પ્રમુખ બનાવ્યો છે તો હું લોકોના કામમાં મદદરૂપ થઈશ : અજિત પરીખ

આ બાબતે રાજપીપળા શહેર પ્રમુખ અજીતભાઈ પરીખે જણાવ્યું કે આજે તો આ વિધવા બહેન ને ધક્કા ખવડાવતા પુરવઠા વિભાગ ની મે વિઝીટ કરી આ મહિલા ને ન્યાય અપાવ્યો છે પરંતુ ક્યારેય આવા કેસ માં કે સરકારી સહાય માટે જરૂરી દાખલા કે અન્ય દસ્તાવેજો કે જે નિયમોનુસાર હોય તે માટે તંત્ર ના કોઈપણ અધિકારી ધક્કા ખવડાવે કે હેરાન કરે તો હું હંમેશા આવા લોકો ની પડખે છું અને તેમના અટકેલા કામ હું પુરા કરીશ.સરકાર અનેક યોજનાઓ મૂકે છે પરંતુ તેમાં કેટલાક અધિકારી કે કર્મચારીઓ ની મનમાની કે ધક્કા ખવડાવવાની નીતિ ના કારણે લોકો સહાય થી વંચિત રહી જાય છે માટે હવે હું આ માટે સતત કાર્યશીલ રહીશ તેમ અજિત પરીખે જણાવ્યું હતું.

### ડાંગ | આહવાનગરની બહેનોએ અહિલ્યાબાઈ હોળકરની 300મી જન્મ જયંતીની ઉજવણી કરી



ડાંગ | તા.13

રાજમાતા જીજાબાઈની જન્મજયંતી નિમિત્તે આહવા નગરની બહેનોએ દેવી અહિલ્યાબાઈ હોળકરની 300મી જન્મ જયંતી વર્ષ નિમિત્તે માનવંદના કાર્યક્રમનું આયોજન કર્યું હતુ. દેવી અહિલ્યાબાઈ હોળકરે ભારતના 12 જ્યોતિર્લિંગો સહિત અસંખ્ય મંદિરોનું પુનઃનિર્માણ કરીને ભારતની સમૃદ્ધ સંસ્કૃતિનું રક્ષણ કર્યું હતુ.આ કાર્યક્રમમાં બહેનોને આહ્વાન કરવામાં આવ્યુ હતુ કે,તેઓ અહિલ્યાબાઈ જેવી મહાન નારીઓના આદર્શોને અપનાવીને ભારતની સાંસ્કૃતિક ધરોહરને જાળવી રાખે અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે.આ પ્રસંગે રાણી દુર્ગાવતીની 500મી જયંતી અને સ્વામી વિવેકાનંદના ધર્મ પ્રચારના યોગદાનને પણ યાદ કરવામાં આવ્યુ હતુ.તરુણી અને મહિલાઓને તેમના સાહસ અને પ્રેરણાથી પ્રેરિત થવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં બહેનોને આહ્વાન કરવામાં આવ્યુ હતુ કે,તેઓ દર મહિને ભેગા મળીને સંસ્કૃતિના વિચારો પર ચર્ચા કરે અને આપણી સંસ્કૃતિ અને સંસ્કારોનું રક્ષણ કરવા માટે આગળ આવે.

## આમલેથા કેનાલમાં ન્હાવા પડેલો બાળક પાણીમાં ગૂમ : SDRF દ્વારા શોધખોળ શરૂ

*લાપતા બાળક અને તેના ત્રણ મિત્રોને તરતા નહી આવડતું હોવાથી દોરડું બાંધી સ્નાન કરતા હતા*





ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના આમલેથા ગામની કેનાલ માં નાહવા પડેલા મિત્રો પૈકી એક બાળક પાણી ના વહેણ માં ખેંચાઈ જતા પોલીસ માં જાણ બાદ આજરોજ SDRF ની ટીમે આખો દિવસ શોધખોળ કરી પરંતુ હજુ તેનો કોઈ પત્તો લાગ્યો નથી.

મળતી વિગતો અનુસાર તારીખ 11/ 1/ 25 ના રોજ બપોરના એક વાગે આમલેથા ગામે કેનાલમાં દીપેન્દ્ર સાહેબરાય દોહરે ઉ.વ.14 નામનો બાળક તેના અન્ય ત્રણમિત્રો સાથે આમલેથા ગામની કેનાલ માં નાહવા પડ્યા હતા જોકે આ મિત્રો ને તરતા નહી આવડતું હોવાથી તેઓ દોરડું બાંધી નાહતા હતા એ દરમિયાન દોરડું તૂટી જતા અન્ય મિત્રો પાણી ની બહાર નીકળી જવાના સફળ રહ્યા હતા પરંતુ દિપેન્દ્ર પાણીના વહેણ માં તણાઈ જતા તેની ઘણી શોધખોળ કરવા છતાં ક્યાંયે પતો નહી મળતા આમલેથા પોલીસ માં જાણ કરી હતી અને આજે સવાર થી SDRF ની ટીમ આમલેથા કેનાલ થી ખોજલવાસા ગામ સુધી અને સાંજે તેની આગળ પણ આ બાળક ની શોધખોળ કરી પરંતુ દીપેદ્ર ક્યાંયે નહી મળ્યો હતો માટે પરિવારજનો પણ ચિંતિત હતા. જોકે આ લખાઈ છે ત્યારે સાંજે 4.30 વાગે પણ SDRF ટીમ શોધખોળ માં લાગી છે.

## કરુણા અભિયાન-2025 : પતંગ ઉડાડતા ધ્યાન રાખીએ પક્ષીઓનું

કમલેશ પટેલ | સંખેડા

આપણે સૌ ઉતરાયણનો તહેવાર સમગ્ર ગુજરાતમા હર્ષોલ્લાસથી દર વર્ષે ઉજવીએ છીએ.પતંગ ઉડાડવાની મજા માણતા ઘણી વખત પતંગની દોરીથી પક્ષીઓ ઈજાગ્રસ્ત થાય છે અથવા મૃત્યુ પામે છે.આ અબોલ અને નિર્દોષ પક્ષીઓના જીવ અમુલ્ય છે. તેથી તેમને બચાવવા એ આપણી સૌની નૈતિક ફરજ છે. આથી કરુણા અભિયાન -૨૦૨૫ કાર્યરત છે.

ઉતરાયણ દરમિયાન જાગૃત નાગરિક તરીકે ઉતરાયણના દિવસે વૃક્ષો, ઈલેક્ટ્રીક લાઈન અને ટેલિફોન લાઈનથી દૂર પતંગ ચગાવીએ, ઘાયલ પક્ષીને જોતા તરત જ નજીકના સારવાર કે બચાવ કેન્દ્રનો સંપર્ક કરીએ, ઘાયલ પક્ષીની આંખને કપડાથી ઢાંકી બાસ્કેટ કે કાણાવાલા પૂઠામાં રાખી બનતી ત્વરાએ સારવાર કેન્દ્રમાં પહોચાડીએ., ઘરના ધાબા પર કે આજુબાજુના વૃક્ષોમા ફસાયેલી દોરીનો નિકાલ કરીએ.આમ નિર્દોષ પક્ષીનો જીવ બચાવીએ.

ઉતરાયણ દરમિયાન જાગૃત નાગરિક તરીકે આટલું ન કરીએ. પક્ષીઓ સુરક્ષિત રહે તે માટે સવારે ૯.૦૦ વાગ્યા પહેલા કે સાંજના ૫.૦૦ વાગ્યા પછી પતંગ ન ચગાવીએ, ક્યારેય પણ તુક્કલ ન ચગાવીએ.

ચાઈનીઝ, સીંથેટીક કે કાચ પાયેલી દોરીનો પતંગ ચગાવવામા ઉપયોગ ન કરીએ, ઘાયલ પક્ષીના મોઢામાં પાણી કે ભોજન ન મુકીએ, રાત્રીના સમયે ફટાકડા ન ફોડીએ, ઘાયલ પક્ષીની સારવાર જાતે ન કરતા, ઘાયલ પક્ષી પર પાણી ન રેડીએ. યોગ્ય સારવાર સ્થળ સુધી પહોચાડવાની વ્યવસ્થા કરીએ.

## મકરસંક્રાંતિ : જરોદના બજારોમાં ખરીદી માટે ભારે ભીડ જોવા મળી

કિશન રોહિડા | જરોદ

જરોદ ગામે મકરસંક્રાંતિ ઉત્તરાયણ ના મહા પર્વ નિમિત્તે જરોદ ગામ નાં બજારો માં રવિવાર થી બજારો ગ્રાહકો થી ભરચક બનતા વેપારી વર્ગ માં ઉત્સાહ જોવા મળી રહ્યો છે જરોદ ગામ સહિત પંથકમાં મકરસંક્રાંતિ પર્વની ઉજવણી બુંદી તેમજ બુંદી ના લાડુ જલેબી નો મહિમા ઘણા વર્ષો ની પરંપરા મુજબ ચાલતો આવ્યો છે જેમાં હોટલ ધારકો દ્વારા મકરસંક્રાંતિ ઉત્તરાયણ ના પર્વે પૂર્વે ચાર દિવસ અગાઉ થી જ જલેબી અને બુંદી બનાવવાનું કામકાજ ચાલુ કરી દેતા હોય છે મકરસંક્રાંતિ ઉત્તરાયણ પર્વ ના દિવસે સાંજ સુધીમા તમાંમ હોટેલો પર જલેબી અને બુંદી ના લાડુ લગભગ વેચાઈ જતાં હોય છે ત્યારે પતંગ રસિયાઓ માટે પણ પતંગ નાં વેપારી ઓ દ્વારા અવનવી ડીઝાઈન યુક્ત રંગબેરંગી પતંગોથી અને અવનવી બ્રાન્ડ ની દોરીઓ ફીરકા ની અગાઉ થી ખરીદી કરીને પોતાની દુકાનો સજાવટ કરી ને વેપાર કરતા હોય છે અન્ય જીલ્લા ના અજાણ્યા ગ્રાહકો જ્યારે જરોદ ગામ નાં બજારો માં અન્ય ચીજ વસ્તુઓ ની ખરીદી કરવા આવતા હોય ત્યારે જલેબી અને બુંદી ના લાડુ ની દુકાનો ની સજાવટ જોઈને એકવાર જરૂર થી આશ્ચર્ય માં ગરકાવ બનતા હોય છે.

# ડિનર પછી આ 5 કામ કરવા

## ધીરેધીરે શેપમાં આવી જાશે બોડી, ઓછું થઈ જશે વજન

**જો તમારું વજન પણ વધી રહ્યું છે અને શરીર બેડોળ દેખાય છે તો આજે તમને કેટલાક સરળ અને અસરકારક ઉપાય જણાવીએ. આ ઉપાય કરીને તમે વજનને કંટ્રોલ કરી શકો છો અને બોડીને પણ શેપમાં રાખી શકો છો. મોટાભાગના લોકો રાત્રે જમ્યા પછી કેટલીક ભૂલ કરે છે જેના કારણે પેટ પર ચરબી જામી જાય છે. જો રાત્રે જમ્યા પછી તમે આ કામ કરો છો તો વજન ઓછું થઈ શકે છે.**





### રાત્રે જમ્યા પછી શું કામ કરવા ?

- જમ્યા પછી ઓછામાં ઓછી 30 મિનિટ પછી પાણી પીવું. જમવાની સાથે પાણી પીવાનું પણ ટાળવું. જમ્યા પછી તુરંત કે ભોજન ની સાથે પાણી પીવાથી મેટાબોલિઝમ સ્લો થઈ જાય છે..
- રાત્રે જમ્યા પછી ઊંડા શ્વાસ લેવા. તેનાથી સ્ટ્રેસ ઘટે છે અને શાંતિ મળે છે. જમ્યા પછી થોડીવાર વજ્રાસનમાં બેસવું. તેનાથી શરીર અને મન બંનેને ફાયદો થાય છે.
- જમ્યા પછી તુરંત જ પથારીમાં આડા પડીને ફોનનો ઉપયોગ કરવો નહીં. તેનાથી શરીરમાં ચરબી વધે છે અને સાથે જ સ્કીન અને આંખ પણ ખરાબ થાય છે. કલાકો સુધી એક જગ્યાએ બેસીને સ્ક્રીન સામે જોવાથી શરીરમાં ફેટ જામવા લાગે છે તેના બદલે થોડું હલનચલન કરવાનું રાખવો.
- રાત્રે જમ્યા પછી હળવી સ્ટ્રેચીંગ એક્સરસાઇઝ કરવી તેનાથી સ્નાયુ રિલેક્સ થશે અને વજન પણ ઓછું થશે. તમે આ પાંચ સરળ કામની શરૂઆત કરીને વેટ લોસ જર્નીની શરૂઆત કરી શકો. નિયમિત આ પાંચ નિયમને ફોલો કરશો તો વજનમાં ઘટાડો થતો જોવા મળશે.

# આળસુ માણસ પણ સવારે 6 ના ટકોરે સ્ફૂર્તી સાથે જાગી જશે



ઘરના વડીલો નાના, મોટા સૌ કોઈને સલાહ આપે છે કે હેલ્ધી રહેવું હોય તો સવારે જલ્દી જાગી જવું જોઈએ. પરંતુ આજના સમયમાં મોટાભાગના લોકો સવારે વહેલા જાગવામાં અસમર્થ હોય છે. લોકોને સવારે જલ્દી જાગવું હોય છે પરંતુ આળસ અને અપૂરતી ઊંઘના કારણે સવારે જાગી શકાતું નથી. જોકે સવારે જલ્દી જાગવાની આદત પાડવી મુશ્કેલ નથી. તેના માટે જો તમે રાત્રે સુતા પહેલા કેટલાક કામ કરો છો તો સવારે જલ્દી ઉઠવામાં મદદ મળે છે. સવારે રોજ જલ્દી જાગી જવું હોય તો બે વસ્તુ કરવી જરૂરી છે. એક તો મનમાં પાકો ઈરાદો રાખવો કે સવારે જલ્દી જાગવું છે. અને બીજું કામ આ ટિપ્સ ફોલો કરવાનું છે. જો તમે આ ટિપ્સને આજથી જ ફોલો કરવા લાગશો તો સવારે છ ના ટકોરે તમારી આંખ ખુલી જશે અને તમને આળસ પણ નહીં આવે.

**સવારે જલદી જાગવા માટેની ટિપ્સ |** સવારે જો જલ્દી જાગવું હોય અને એનર્જી સાથે જાગવું હોય તો રાત્રે સમયસર સૂવું જરૂરી છે. જો તમે રાત્રે સમયસર ઊંઘ કરશો તો સવારે જાગવું સરળ થઈ જશે. જે રીતે દિવસનું રૂટિન ફિક્સ કરવું જરૂરી છે તે રીતે રાત્રે સૂવાનું પણ એક રૂટીન ફિક્સ કરી લો. રાત્રે સૂવાનું રૂટીન આ રીતે સેટ કરો.

**સમય નક્કી કરો |** રોજ રાત્રે સૂવાનો એક સમય નક્કી કરી લો. શરૂઆતમાં શક્ય છે કે તમને નક્કી કરેલા સમયે ઊંઘ ન આવે. પરંતુ તેમ છતાં મોબાઈલમાં ટાઈમપાસ કરવાના બદલે ઊંઘવાનો પ્રયત્ન કરો. ધીરે ધીરે તમને નક્કી કરેલા સમયે ઊંઘ આવવા લાગશે. જો એક વખત રાત્રે સૂવાનો સમય ગોઠવાઈ ગયો તો સવારે જલ્દી જાગવું પણ સરળ થઈ જશે.

**સુતા પહેલા સ્નાન |** સુતા પહેલા નહાવાની આદત ખૂબ જ સારી છે. સુતા પહેલા હુંફાળા પાણીથી નહાઈ લેવું. તેનાથી આખા દિવસનો થાક અને શરીરનો સ્ટ્રેસ રિલીઝ થઈ જશે અને ઊંઘ ઝડપથી અને સારી આવશે.

**ટીવી અને મોબાઈલ બંધ રાખો |** ઊંઘના સૌથી મોટા દુશ્મન ટીવી અને મોબાઈલ છે. રાત્રે સુતા પહેલા એક સમય નિશ્ચિત કરી લો ત્યારથી ટીવી અને મોબાઈલને બંધ કરી દો. ટીવી અને મોબાઈલ માટે સમય નક્કી કરી લો. એ સમય પછી બંને વસ્તુને બંધ કરી દો. જો મોડી રાત સુધી તમે ફોન ચલાવશો તો ઊંઘ આવશે નહીં. તેથી સુવાના લગભગ એક કલાક પહેલાથી મોબાઈલને હાથમાં ન લેવો. આમ કરશો તો ઊંઘ ઝડપથી આવી જશે.

**પુસ્તક અથવા મ્યુઝીક |** રાત્રે પુસ્તક વાંચી શકો છો. રાત્રે જે પણ પુસ્તક વાંચો તે થ્રીલીંગ કે ટ્રેજિક ન હોવું જોઈએ. પુસ્તક એવું વાંચો જેનાથી મનને શાંતિ મળે. 30 મિનિટ પણ જો તમે પુસ્તક વાંચીને ઊંઘ કરશો તો સારી ઊંઘ આવશે. પુસ્તક વાંચવા સિવાય તમે મ્યુઝિક પણ સાંભળી શકો છો.

**ચા કોફી પીવાનું ટાળો |** ઘણા લોકોને આદત હોય છે કે તેઓ રાત્રે જલ્દી જમી લે છે અને પછી રાત્રે ચા કે કોફી પીવે છે. ચા, કોફી પીવાની આદત હોય તો તુરંત જ બંધ કરી દો. સાંજ પછી કેફીન ઈન્ટેકને બંધ કરી દો સાંજના સમયે પણ ચા કે કોફી પીવી નહીં.

# ચહેરા પર પિમ્પલ્સ?

## આ 5 સરળ Tips જે તમારી Skinને બનાવશે બેદાગ!

**પિમ્પલ્સ જે ઘણીવાર ત્વચા પર સોજા, લાલાશ અને પિમ્પલ્સના રૂપમાં દેખાય છે તે આજકાલ એક સામાન્ય સમસ્યા બની ગઈ છે. આ સમસ્યા મુખ્યત્વે તૈલી ત્વચા પર થાય છે, પરંતુ કેટલીકવાર અન્ય પ્રકારની ત્વચા પર પણ દેખાઈ શકે છે. પિમ્પલ્સ ઘણી બધી બાબતોને કારણે થઈ શકે છે, જેમ કે હોર્મોનલ ચેન્જ, સ્ટ્રેસ, ગંદકી અને ખોટો આહાર. આ સમસ્યા માત્ર તમારી ત્વચાને જ નહીં પરંતુ તમારા આત્મવિશ્વાસને પણ અસર કરી શકે છે. જો કે, આ સમસ્યાને યોગ્ય કાળજી અને કેટલાક સરળ ઉપાયોથી નિયંત્રિત કરી શકાય છે.**



**ત્વચાને શુષ્ક ન રહેવા દો |** ત્વચાની યોગ્ય સંભાળ પિમ્પલ્સને નિયંત્રિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એક સામાન્ય ગેરસમજ એ છે કે જ્યારે પિમ્પલ્સ થાય છે ત્યારે ત્વચાને વધુ પડતી સૂકવી જોઈએ. જોકે, આ ખોટું છે. જ્યારે ત્વચા શુષ્ક હોય છે, ત્યારે શરીર વધુ તેલ ઉત્પન્ન કરે છે, જે પિમ્પલ્સને વધુ ખરાબ કરી શકે છે. તેથી, ત્વચાને હંમેશા હાઈડ્રેટેડ રાખવી જોઈએ. શિયાળાની ઋતુમાં ત્વચા શુષ્ક બની જાય છે, તેથી તેને મોઈશ્ચરાઈઝ કરવું જરૂરી છે. આ માટે હર્બલ પ્રોડક્ટ્સમાંથી બનેલી હળવી ક્રીમ અથવા ક્રીમનો ઉપયોગ કરો. આ ઉત્પાદનોમાં ઓછામાં ઓછા રસાયણો હોય છે, જે ત્વચાને નુકસાન કરતા નથી.

**હૂંફાળા પાણીથી ચહેરો ધોઈ લો |** શિયાળામાં ચહેરો ધોવા માટે હૂંફાળા પાણીનો ઉપયોગ કરો. તે ન તો તમારી ત્વચાને વધુ પડતી શુષ્ક બનાવે છે કે ન તો તેલયુક્ત. ગરમ પાણીથી ચહેરો ધોવાથી ત્વચાની ભેજ ઘટી શકે છે, જ્યારે ઠંડા પાણીથી ચહેરો ધોવાથી રક્ત પરિભ્રમણ સુધરે છે, જેનાથી ત્વચામાં ચમક આવે છે. આ સિવાય જો ઉનાળાની ઋતુમાં ચહેરાને ઠંડા પાણીથી ધોવાથી ફાયદો થાય છે તો શિયાળામાં ચહેરાને હૂંફાળા પાણીથી ધોવો શ્રેષ્ઠ છે.

**સ્વચ્છ ટુવાલનો ઉપયોગ કરો |** પિમ્પલ્સની સમસ્યાથી બચવા માટેના સૌથી મહત્વપૂર્ણ ઉપાયોમાં નિયમિતપણે ટુવાલ સાફ કરવા છે. ટુવાલ કોઈપણ ત્વચામાંથી ગંદકી, તેલ અને બેક્ટેરિયાને શોષી લે છે અને જો તેને વારંવાર ધોવામાં ન આવે તો તે બેક્ટેરિયા ફેલાવી શકે છે, જેનાથી પિમ્પલ્સ અને ખીલ થાય છે. તેથી, તમારા ચહેરાને સાફ કરવા માટે હંમેશા સ્વચ્છ ટુવાલનો ઉપયોગ કરો. જો તમે નિયમિત રૂપે ટુવાલ બદલો છો અથવા ધોશો તો તે તમારી ત્વચા પર ઈન્ફેક્શન અને પિમ્પલ્સની સમસ્યાથી બચી શકે છે.

**નાઈટ સ્કિનકેર રૂટિન અનુસરો |** દિવસભરના થાક અને પ્રદૂષણને કારણે તમારી ત્વચા પર ગંદકી અને ધૂળ જમા થાય છે, જેનાથી પિમ્પલ્સ થઈ શકે છે. તેથી, રાત્રિના સમયે તમારી ત્વચાની યોગ્ય કાળજી લેવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સૂતા પહેલા તમારા ચહેરાને સારી રીતે ધોઈ લો અને પછી મોઈશ્ચરાઈઝર અથવા નાઈટ ક્રીમનો ઉપયોગ કરો. નાઈટ ક્રીમમાં વિટામિન સી, વિટામિન ઈ અને અન્ય ઘટકો હોય છે જે ત્વચાને સુધારવામાં મદદ કરે છે. ઉપરાંત, જો તમે મેકઅપ પહેરો છો, તો હંમેશા સૂતા પહેલા તેને દૂર કરવાનું યાદ રાખો. આ તમારી ત્વચાને રાહત આપે છે અને પિમ્પલ્સની શક્યતા ઘટાડે છે.

**તણાવ ટાળો અને સ્વસ્થ આહાર લો |** પિમ્પલ્સની સમસ્યા પાછળનું બીજું મુખ્ય કારણ તણાવ અને ખરાબ આહાર છે. જ્યારે શરીરમાં તણાવ વધે છે, ત્યારે તે હોર્મોનલ ફેરફારોને અસર કરે છે, જે પિમ્પલ્સ તરફ દોરી જાય છે. તેથી, તમારી દિનચર્યામાં યોગ અને ધ્યાનનો સમાવેશ કરો, જેથી તમે માનસિક શાંતિ મેળવી શકો. ઉપરાંત, સંતુલિત આહાર લો, જેમાં લીલા શાકભાજી, ફળો, પ્રોટીન અને પૂરતા પ્રમાણમાં પાણીનો સમાવેશ થાય છે. આ તમારી ત્વચાને અંદરથી સ્વસ્થ તો રાખશે જ, પરંતુ પિમ્પલ્સની સમસ્યાને પણ નિયંત્રિત કરશે. પિમ્પલ્સની સમસ્યાને રોકવા માટે, યોગ્ય કાળજી, આહાર અને જીવનશૈલીનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તમારી ત્વચા હંમેશા સ્વચ્છ, હાઈડ્રેટેડ અને શુષ્ક ન હોવી જોઈએ. ચહેરાને નવશેકા પાણીથી ધોઈને, યોગ્ય ટુવાલનો ઉપયોગ કરીને અને નાઈટ સ્કિનકેર રૂટિન અપનાવીને આ સમસ્યાને નિયંત્રિત કરી શકાય છે. આ સિવાય તણાવ ઓછો કરીને અને હેલ્ધી ડાયટ અપનાવવાથી પણ પિમ્પલ્સની સમસ્યામાં સુધારો જોવા મળે છે. તેથી, તમારી ત્વચાની યોગ્ય રીતે કાળજી લો અને પિમ્પલ્સને ગુડબાય કહો.

# મકર સંક્રાતિ



**પતંગ મહોત્સવ**

**- રુપાલી દવે**

## એ જાય એ જાય ઊંચે ઊંચે ઊડી જાય, ધરતી ઉપર દોટ મૂકી ઊંચે ઊડી જાય, એનું નામ છે પતંગ એનું નામ છે પતંગ...

કાપ્યો છેલપેટ..લપેટ.. ના બૂમ બરાડા સાથે પતંગ મહોત્સવ નો ઉત્સવ ધામધૂમ થી ગુજરાત માં ઉજવાય છે. અલ્યા!!લે પતંગ ઉડાડવાનો શોખ નથી,પતંગ નો શોખ ગુજરાતી ઓને ના હોય એવું તો બને જ નહિ. લાલ,લીલી,પીળી રંગે રંગ ની વિવિધ પતંગનો ભરપુર મેળાવડો આકાશ માં જોવા મળશે.ઈન્દ્ર ધનુષ પ્રગટ થઈ ને વિવિધ રંગો માં આકાશ માં બિરાજમાન હોય ને એવું લાગે છે. પતંગોત્સવ માં માત્ર પતંગ ના દોરાઓનો જ પેચ લાગતો હોય એવું નથી.અરે!!યુવાન ધડકન ના દિલ ના પેચ પણ લગતા હોય છે.આધુનિક સુંદર પરિધાન અને ગોગલ્સ માં મેકઅપ માં સજજ બની ને યુવક યુવતીઓ એકબીજા ના પતંગો કાપવા સાથે દિલ ના ધબકારા પણ માપતા હોય છે. મોબાઈલ નો જમાનો નહતો ત્યારે ઉતરાયણ ના દિવસે સવાર નો અને સાંજ નો સમય યુવાન હૈયાઓના રહેતા હતો.બપોર નો સમય ઊંધ્યું બનાવી થાકી ને ઠૂસ થઈ ગયેલ પ્રૌઢ વયના મહિલા સ્ત્રી પુરુષનો ચિકીઓ,બોર જમરૂખ,શેરડી સાથે તડકા ખાવાનો રહેતો હતો.બપોરથી ધાબા પર બિરાજમાન મહિલા પુરુષો રાતના ફટાકડા ની તડાફડી સુધી સમય વિતાવતા હતા.પ્રૌઢ વયના બિચારા પુરુષો ની દશા ખુદને પતંગ અને ફીરકી પકડી ને પતંગ ચગવતા નજરે પડશે.કેમ? ફીરકી પકડનાર પત્નીઓ પતંગ કરતા સહેલીઓ સાથે હોટ ટોપિક પકડી ને પંચાત રસ ની મજામાં વિશેષ આનંદ આવતો હોય છે. સમય પ્રાચીન માંથી આધુનિક થયો પરંતુ વર્તમાન સમયમાં પણ સવાર નો સમય યુવાન યુવક યુવતીઓનો અને બપોર નો સમય કાપ્યો ઠંડો શિયાળા ના ઠંડા પવન જેવો.અરે!!પતંગ ને પણ બપોર ની નિંદ્રા ની મારા જેમ આદત છે સમજો..

પતંગ કોણ?એનું માહાત્મ્ય શું? પતંગ એ ભગવાન શ્રી કૃષ્ણ ના મૃત છ ભાઈઓ માંના એક છે. આકાશવાણી સાંભળી ને કંસે દેવકી ના છ એ છ પુત્રોનો જન્મતા ની સાથે જ ક્રૂરતા થી વધ કર્યો હતો. આ છ એ પુત્રો છ વસૂઓ હતા. જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ અને બલરામજી વિદ્યા અભ્યાસ કરીને મથુરા પરત ફર્યા ત્યારે એમના ગુરૂ સાંદિપની ઋષિ એ ગુરુ દક્ષિણા માં પોતાના મૃત પુત્ર ને માંગ્યો.ભગવાન શ્રી કૃષ્ણ અને બલરામજી એ ગુરુ સાંદિપની ઋષિ ને એના મૃત પુત્રો ની પ્રાપ્તિ કરાવી દીધી. આ વાત ની જાણ માતા દેવકી ને થતાં એણે ભગવાન શ્રી કૃષ્ણ અને બલરામજી આગળ પોતાના મૃત પુત્રો ની ઝંખના સેવી.દેવકીજી ના માતૃ હદય ની લાગણીઓ સમજી ને ભગવાન શ્રી કૃષ્ણ એ એના છ ભાઈઓ માતા ને પ્રાપ્ત કરાવ્યા આ છ એ ભાઈઓ ને ઋષિનો શ્રાપ હતો એટલે અમુક કલાકો બાદ માતા થી વિદાઈ થઈ અદશ્ય થઈ ગયા. ભગવાન શ્રી કૃષ્ણ ના મૃત છ ભાઈઓ હકીકત મા શ્રાપિત છ વસુઓ હતા. પરંતુ ભગવાન ના દર્શન માત્ર થી એના પર લાગેલ શ્રાપ ભસ્મ થઈ જતાં બધાનો મોક્ષ થઈ ગયો. આ છ ભાઈઓ માં પતંગ એ વાયુદેવ નો અંશ હોવાથી એને ભગવાન એ વરદાન આપ્યું કે મકર સંક્રાતિ ના દિવસે આકાશ માં "પતંગ" ને નિહાળવાથી પુણ્ય બળ વધશે. આ કારણોસર મકર સંક્રાતિ ના દિવસે પતંગ ઉડાડવા નો રીવાજ યુગોથી પ્રચલિત છે.

તિરૂપતિ બાલાજી ને પોતાના ઈષ્ટ માનનાર રામાનંદી સંપ્રદાય ના લોકો ધનારક મહિનામાં ભગવાન તિરૂપતિ બાલાજી નો વિશેષ સુગંધી ફૂલો ના શણગાર સજાવી ને વિશેષ ભોગ સામગ્રીઓ અને ભજન,સ્તુતિ સ્તોત્ર ભક્તિમય વિતાવે છે.દૂધ,ચોખા અને સૂકોમેવો કેસર થી બનેલ વિશેષ ભોગ જેને "ક્ષિરાન" કહેવાય છે."ક્ષીરાન" ભોગ સાથે વિવિધ પ્રકારના બાફેલા ચણા,વટાણા અને પૌવા સાથે વિવિધ પ્રકારના ફળો નો પ્રસાદ થાય છે. આ સંપૂર્ણ ધનારાક એટલે ૧૩તારીખ સુધી નિયમિત સવારે ૪ થી ૯ વિધિ વિધાન થી પૂજા ઉત્સવ થાય છે ૧૪તારીખ એ મકર સંક્રાતિ ના દિવસે ભગવાન તિરૂપતિ બાલાજી ને એમના પ્રિયા લક્ષ્મીજી સાથે રથ માં બિરાજમાન કરીને વિવિધ ભજનો રાસ સાથે આનંદ ઉત્સાહથી વરઘોડો કાઢવા માં આવે છે.ભગવાન ના કૃપા પ્રસાદ થી ભકતો ભગવાન ના વરઘોડા વખતે ખુલ્લા હાથે રૂપિયા, ચાંદી, સોનાના સિક્કા ઉડાડતા હોય છે.એવું માનવા માં આવે છે કે ભૂલથી પણ ભગવાન માટે ન્યોછાવર કરેલ સિક્કો હાથ માં આવી જાય તો એને ઈશ્વર ની પ્રસન્નતા કે કૃપા માનવામાં આવે છે.

જ્યારે મહાભારત ના યુધ્ધની સમાપ્તિ બાદ ભગવાન શ્રી કૃષ્ણ દ્વારિકા પ્રસ્થાન કરતી વખતે માતા કુંતી ની પાસે વિદાઈ માંગી ત્યારે ભગવાન શ્રી કૃષ્ણને હસ્તિનાપુર રોકાઈ જવાનો માતા કુંતી એ આગ્રહ કર્યો હતો.પરંતુ જ્યારે ફઈબા ના આગ્રહ વશ અમુક દિવસો રોકાઇ ને ભગવાન દ્વારિકા પ્રસ્થાન કરી રહ્યા હતા ત્યારે દૂત એ આવીને સમાચાર આપ્યા કે પ્રભુ આપે કોઈને વચન આપ્યું હતું,એ આપના દર્શન માટે રાહ જોઈ રહ્યા છે. ત્યારે ભગવાન ને યાદ આવતા એ મહાભારત ના યુદ્ધ ના મેદાન માં બાણ શૈયા માં સૂતેલ ભીષ્મ પિતામહ પાસે આવ્યા. ભગવાન ના દર્શન કરતાજ ભીષ્મ પિતામહ એ ઉપર મુજબ સ્તુતિ કરતા કરતા ઈચ્છિત વરદાન અનુસાર દેહ ત્યાગ કર્યો હતો.

इति मतिरुपकल्पिता वितृष्णा भगवति सात्वत पुङ्गवे विभूम्नि ।
स्वसुखमुपगते क्वचिद्विहर्तुं प्रकृतमुपेयुषि यद्भवप्रवाहः ॥ 32॥

૧૪ જાન્યુઆરી એ સુર્ય ધન રાશિ માંથી મકર રાશિ માં પ્રવેશ કરતા શુભ દિન ઉતરાયણ નો તહેવાર ઉજવવા માં આવે છે.ઉતરાયણ?ઉતરાયણ એટલે ઉતરા ના ગર્ભ નું રક્ષણ કરનાર ભગવાન શ્રી કૃષ્ણ. ગુજરાત માં "જય શ્રી કૃષ્ણ" થી સવાર અને રાત પડે એટલે સુર્ય સંક્રાતિ ના દિવસ ને ઉતરાયણ નામ થી ઉજવવામાં આવે છે. મહારાષ્ટ્ર માં મકર સંક્રાંતિ ના દિવસે તલ દાન, તલ ના તેલ થી સ્નાન કરવાની પ્રથા છે આ ઉપરાંત ત્યાં તલ ના લાડુ માં સિક્કાઓ છુપાવી ને દાન નો રીવાજ છે.ભારત ના અન્ય સ્ટેટ જેમ કે આસામ માં બિહુ,દક્ષિણ ભારત માં પોંગલ,પંજાબ લોહડી,જમ્મુ કશ્મીર માં શિશુર સેંક્રત,કર્ણાટક માં સુગ્ગી,કેરલ માં મકર વિકલું,વગેરે જુદા જુદા નામ સાથે સુર્ય સંક્રાતિ નો પવિત્ર પર્વ માનવામાં આવે છે.ગુજરાત માં બહેનો દીકરીઓ ને ખીચડો એટલે ભેટ સોગાદ આપવાની પ્રથા પ્રચલિત છે.હિન્દુ ધર્મ અનુસાર ધનાર્ક માં થયેલ દાન કે પવિત્ર ધર્મ કર્મ એ સહસ્ત્ર ગણું થઈ જાય છે..વૈષ્ણવ સંપ્રદાયની હવેલીઓમાં ઠાકોરજી ને નવ ધાન નો ઘી અને સૂકા મેવા સાથે બનાવેલ ખીચડો અને મીઠું દહીનો ભોગ ધરાવવા ની પ્રથા છે.શિયાળા માં શાકંભરી નવરાત્રિ ના શુભ અવસર નિમિતે માતાજી ની કૃપાથી શાકભાજી, ફળફળાદી,કંદ વગેરેની આવક ભરપુર હોય છે.

આ કારણોસરમોટાભાગ ના ગુજરાતીઓના ઘરે ઉતરાયણ માં ઉંધ્યું તો બને છે.જો ઊંધ્યા સાથે જલેબી કે ગુલાબ જાંબુ હોય તો ભાઈ પતંગોત્સવની મજા માં ચાર ચાંદ લાગી જશે..

ચાલો ત્યારે બધા મોટેથી બોલો કાપ્યો છે..કોનો પતંગ? પડોશણ નો કે અન્ય દૂર દૂર ના પ્રેમીજનો..

સિક્રેટ સમજો પંચાત માં વ્યસ્ત લોકોને પણ કાન હોય છે સમજો,ધરતી નો છેડો ઘર.. સમજા કરો બાપલા..

# ઉભા ઉભા પાણી પીતા હોય તો આજે જ બંધ કરી દેજો, બની શકો છો આ જીવલેણ રોગોનો શિકાર



પાણી છે તો કાલ છે, પાણી વગર વ્યક્તિનું જીવન ખતમ થઈ શકે છે. પાણી આપણા શરીર માટે ખૂબ જ જરૂરી છે. સમયસર પાણી પીવાથી તે આપણા શરીરમાં હાજર તમામ પ્રકારના રોગોને દૂર કરવામાં મદદરૂપ થાય છે, જ્યારે ખોટી રીતે પાણી પીવામાં આવે તો તે સ્વાસ્થ્યને પણ ગંભીર નુકસાન પહોંચાડે છે. જો કોઈ વ્યક્તિના શરીરમાં પાણીની કમી હોય તો તેના શરીરમાં અનેક પ્રકારની ગંભીર બીમારીઓ પ્રવેશ કરે છે. ચાલો જાણીએ કે ઉભા રહીને પાણી પીવાથી શરીરને કેવી રીતે નુકસાન થઈ શકે છે. સ્વાસ્થ્ય નિષ્ણાતો કહે છે કે ઉભા રહીને પાણી પીવું સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આવી સ્થિતિમાં પુરુષ કે સ્ત્રીના શરીરમાં અનેક પ્રકારની બીમારીઓ શરૂ થઈ શકે છે. આ સાથે ઉભા રહીને પાણી પીવાથી સાંધાના દુખાવાની સમસ્યા પણ થઈ શકે છે, જેના કારણે તમારે ઉઠવા-બેસવામાં ઘણી તકલીફોનો સામનો કરવો પડી શકે છે. ઉભા રહીને પાણી પીવાથી પાચન પ્રક્રિયા પર પણ અસર પડે છે. જ્યારે આપણે ઉભા રહીને પાણી પીએ છીએ ત્યારે પાણી ઝડપથી પેટમાં પ્રવેશી જાય છે અને નીચેના ભાગમાં ઈજા થવાને કારણે પાચનક્રિયા બગડી જાય છે, જેના કારણે પાચન પ્રક્રિયા પર ખતરો રહે છે. જો કોઈ વ્યક્તિને ફેફસાં સંબંધિત કોઈ સમસ્યા હોય તો આવા લોકોએ ઊભા થઈને પાણી ન પીવું જોઈએ. ઉભા રહીને પાણી પીવાથી ફેફસાંની સમસ્યા વધુ વધી શકે છે, જેના કારણે તમારા જીવ પર ખતરો બની શકે છે. એટલા માટે હંમેશા યાદ રાખવું જોઈએ કે વ્યક્તિએ ક્યારેય પણ ઉભા રહીને પાણી ન પીવું જોઈએ.



# બાપ કરતા દીકરાની વધારે ચર્ચા!: 'જલસા'ની બહાર 'બિગ બી' ફેન્સને મળ્યા, પરંતુ બાલ્કનીમાં ઉભેલા અભિષેકે લાઈમલાઈટ મેળવી; ફેન્સે કહ્યું-ઐશ્વર્યા ક્યાં છે?



(એજન્સી) મુંબઈ | તા.13

દર રવિવારે અમિતાભ બચ્ચન તેમના ઘર 'જલસા'ની બહાર આવી અને તેમના ચાહકોને મળે છે. આ સમય દરમિયાન પરિવારના કોઈને કોઈ સભ્ય તેમની સાથે જોવા મળે છે. આ વખતે બિગ બી એકલા ફેન્સને મળવા બહાર આવ્યા હતા. 'બિગ બી' તેમના ચાહકોને શુભેચ્છા પાઠવી રહ્યા હતા, આ જ સમયે પુત્ર અભિષેક બચ્ચન બાલ્કનીમાં ઉભો રહીને તેના પિતાને જોઈ રહ્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયો પર કોમેન્ટ કરતી વખતે ફેન્સ ઐશ્વર્યા વિશે પૂછતાં જોવા મળ્યા હતા. વાઈરલ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે અમિતાભ બચ્ચન તેમના ઘરના ગેટ પર ઉભા છે અને ફેન્સને મળી રહ્યા છે. આ દરમિયાન તે ક્યારેક હાથ મિલાવીને તો ક્યારેક હાથ જોડીને તેના ચાહકોનું અભિવાદન કરી રહ્યા છે.
બીજી તરફ અભિષેક બચ્ચન પણ બાલ્કનીમાં ઊભો જોવા મળ્યો હતો. આ દરમિયાન તે તેના પિતા અમિતાભ બચ્ચન અને ચાહકોને પ્રેમથી જોતો જોવા મળ્યો હતો. પરંતુ કેમેરો તેની તરફ ફર્યો કે તરત જ તેણે સ્મિત કર્યું અને હાથ હલાવી ફેન્સનું અભિવાદન કર્યું.
બાલ્કનીમાં ઉભેલા અભિષેકે લાઈમલાઈટ મેળવી યુઝર્સ આ વીડિયો પર પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક યુઝરે લખ્યું, 'ઐશ્વર્યા ક્યાં છે?', તો બીજાએ લખ્યું, 'અભિષેક, તું સારું કામ કરી રહ્યો છે.', અન્ય એક યુઝરે લખ્યું, 'હું તમારો બહુ મોટો ફેન છું.' આ રીતે 'બિગ બી' ફેન્સને મળવા આવ્યા હતા પણ ઘરની બાલ્કનીમાં ઉભા-ઉભા જ લાઈમલાઈટ મેળવી હતી. જેની સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ રહી છે.
અભિષેક બચ્ચન હાલમાં જ રિલીઝ થયેલી 'ફિલ્મ વોન્ટ ટુ ટોક'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મ સિનેમાઘરોમાં સારી ચાલી ન હતી, પરંતુ જેણે પણ આ ફિલ્મ જોઈ હતી તેણે અભિષેક બચ્ચનના એક્ટિંગની પ્રશંસા કરી હતી.

# ટીકુ તલસાણિયાની તબિયતમાં સુધારો થયો

## એક્ટરની પુત્રી શિખાએ પિતાની હાલત વિશે જણાવ્યું, કહ્યું- બધા ચાહકો અને હોસ્પિટલ સ્ટાફનો દિલથી આભાર

(એજન્સી) મુંબઈ | તા.13

બોલીવુડ અને ગુજરાતી સિનેમાના પ્રખ્યાત કોમેડિયન એક્ટર ટીકુ તલસાણિયાની પુત્રી શિખા તલસાણિયાએ તેના પિતાની તબિયત અંગે અપડેટ આપી છે. શિખાએ ચાહકોનો આભાર માનતા કહ્યું કે આ સમય ખૂબ જ ઈમોશનલ હતો, પરંતુ હવે તેના પિતાની તબિયતમાં સુધાર છે. ટીકુ તલસાણિયાને શુક્રવારે બ્રેઈન સ્ટ્રોક આવ્યા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.
ટીકુ તલસાણિયાની પુત્રી શિખાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેના પિતાના સ્વાસ્થ્ય વિશે અપડેટ શેર કર્યું છે. તેણે લખ્યું, તમારી પ્રાર્થના માટે તમારા બધાનો હૃદયપૂર્વક આભાર. આ આપણા બધા માટે ભાવનાત્મક સમય રહ્યો છે, પરંતુ અમને એ જણાવતા આનંદ થાય છે કે પપ્પાની તબિયત હવે સારી છે અને સુધરી રહી છે. અમે કોકિલાબેન અંબાણી હોસ્પિટલના ડોકટરો અને સ્ટાફના આભારી છીએ, જેમણે દરેક શક્ય પ્રયત્નો કર્યા. ઉપરાંત, તમારા બધા ચાહકોનો આભાર, જેમના તરફથી અમને ઘણો સપોર્ટ અને પ્રેમ મળ્યો છે.
ટીકુ તલસાણિયાને શુક્રવારે સવારે ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એવા અહેવાલ હતા કે તેમને હાર્ટ એટેક આવ્યો હતો. જોકે, થોડા સમય પછી તેમની પત્ની દીપ્તિએ હાર્ટ એટેકના સમાચારને નકારી કાઢ્યા અને કહ્યું કે તેમને બ્રેઈન સ્ટ્રોક આવ્યો છે.
આ ફિલ્મોમાં ટીકુ તલસાણિયા જોવા મળ્યો છે ટીકુ તલસાણિયા ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું જાણીતું નામ છે. તેણે દેવદાસ, જોડી નંબર વન, શક્તિમાન, કુલી નંબર 1, રાજા હિન્દુસ્તાની, દાર, જુડવા, પ્યાર કિયા તો ડરના ક્યા, રાજુ ચાચા, મેલા, અખિયોં સે ગોલી મારે, હંગામા, ઢોલ, ધમાલ, સ્પેશિયલ જેવી સેંકડો ફિલ્મોમાં કામ કર્યું.

# અલ્લુ બાદ વેંકટેશ દગ્ગુબાટી વિરૂદ્ધ થઇ ફરીયાદ

(એજન્સી) મુંબઈ | તા.13

રવિવારે હૈદરાબાદ પોલીસે પ્રખ્યાત તેલુગુ સ્ટાર વેંકટેશ દગ્ગુબાટી અને તેના પરિવારના અન્ય ત્રણ સભ્યો વિરુદ્ધ એક હોટલને ગેરકાયદેસર તોડી પાડવા બદલ કેસ નોંધ્યો હતો. વેંકટેશ ઉપરાંત ફિલ્મ 'બાહુબલી'માં વિલનની ભૂમિકા ભજવનાર તેના ભત્રીજા રાણા દગ્ગુબાટી, તેના પિતા અને ફિલ્મ નિર્માતા સુરેશ દગ્ગુબાટી અને ભાઈ અભિરામ દગ્ગુબાટી સામે પણ કેસ નોંધવામાં આવ્યો છે. આવો જાણીએ સમગ્ર મામલા વિશે.
આ કેસ જાન્યુઆરી 2024માં દગ્ગુબાટી પરિવાર દ્વારા હૈદરાબાદના ફિલ્મ સિટી વિસ્તારમાં તેમની 'ડેક્કન કિચન હોટેલ'ને તોડી પાડવાનો છે. નંદા કુમાર નામના વ્યક્તિએ કોર્ટમાં દાવો કર્યો હતો કે સિટી સિવિલ કોર્ટના સ્ટે ઓર્ડર અને તેલંગાણા હાઈકોર્ટના નિર્દેશો વિરુદ્ધ હોટેલને તોડી પાડવામાં આવી હતી. આ મિલકત નંદા કુમારને લીઝ પર આપવામાં આવી હતી. કુમારે એવો પણ આરોપ લગાવ્યો છે કે આના કારણે તેમને 20 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ત્યારબાદ પ્રાદેશિક કોર્ટે પોલીસને આ મામલે તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. નંદા કુમાર 2022માં તેલંગાણા રાષ્ટ્ર સમિતિ (હવે ભારત રાષ્ટ્ર સમિતિ)ના ધારાસભ્યોના હોર્સ ટ્રેડિંગના કેસમાં આરોપી છે.



નવેમ્બર 2022 માં, ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (GHMC) એ ડેક્કન કિચન હોટેલ અને કુમાર દ્વારા બાંધવામાં આવેલા માળખાના ભાગોને 'ગેરકાયદેસર' ગણાવીને તોડી પાડ્યા હતા. જો કે, ત્યારબાદ જુલાઈ 2023 માં, તેલંગાણા હાઈકોર્ટે આ કાર્યવાહી માટે GHMC પાસેથી સ્પષ્ટતા માંગી હતી અને હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને યથાસ્થિતિ જાળવી રાખવાનો નિર્દેશ આપ્યો હતો.

# શાહરુખની સલાહ પર મનીષાએ મુંબઈમાં ઘર ખરીદ્યું હતું

## એક્ટ્રેસે કહ્યું- શરૂઆતથી જ મારો સારો મિત્ર છે, આવી સલાહ આપનાર તે પહેલો વ્યક્તિ હતો...

(એજન્સી) મુંબઈ | તા.13

મનીષા કોઈરાલાએ તેના તાજેતરના ઈન્ટરવ્યૂમાં શાહરુખ ખાન સાથેની તેની મિત્રતા વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે શાહરુખે તેને મુંબઈમાં પોતાનું ઘર ખરીદવાની સલાહ આપી હતી, તેથી તે અહીં ઘર જેવો અહેસાસ કરી શકે.
પિંકવિલા સાથેની વાતચીત દરમિયાન મનીષા કોઈરાલાએ કહ્યું, શાહરુખ શરૂઆતથી જ મારો સારો મિત્ર રહ્યો છે. મને યાદ છે કે તમામ સામાન સાથે હું તેના માઉન્ટ મેરી પર રોકાવા ગઈ હતી. તેના ફ્લેટના ફ્લોર પર એક ચટાઈ પાથરી હતી અને અમે બધા ત્યાં બેસીને વાતો કરતા હતા. મનીષાએ એ પણ જણાવ્યું કે શાહરુખે તેને પહેલા મુંબઈમાં પોતાનું ઘર ખરીદવાની સલાહ આપી હતી. તેણે કહ્યું, હું એક-બે વર્ષ પહેલા મુંબઈ આવી હતી, તે સમયે શાહરૂખે મને મુંબઈમાં ઘર ખરીદવાની સલાહ આપી હતી. તેણે કહ્યું હતું કે મનીષા, આપણે બંને બહારથી મુંબઈ આવ્યા છીએ અને આજે મુંબઈનો એક ભાગ બની ગયા છીએ, તેથી અહીં આપણું પોતાનું ઘર પણ હોવું જોઈએ. તે તમને અહીં ઘરનો અહેસાસ કરાવશે. એક્ટ્રેસના કહેવા પ્રમાણે, શાહરુખ તેને આ સલાહ આપનાર પ્રથમ વ્યક્તિ હતો.
મનીષા કોઈરાલાએ છેલ્લે 1998માં રિલીઝ થયેલી ફિલ્મ 'દિલ સે'માં શાહરૂખ ખાન સાથે કામ કર્યું હતું. આ સિવાય મનીષા કોઈરાલા વર્ષ 2024માં સંજય લીલા ભણસાલીની સિરીઝ 'હીરામંડીઃ ધ ડાયમંડ બઝાર'માં જોવા મળી હતી. હવે તે તેની બીજી સિઝનમાં પણ જોવા મળશે, જેનું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થશે.



# પુષ્પા-ટુના કારણે રખડી પડેલી ઈન્ટેરસ્ટેલર ફેબ્રુઆરીમાં રી રીલિઝ થશે

**અન્યત્ર રી રીલિઝ થઈ ચૂકી છે : ભારતમાં તમામ આઈમેક્સ સ્ક્રીન પુષ્પા ટૂએ રોકી લેતાં રી રીલિઝનો પ્લાન ચોપટ થઈ ગયો હતો**



મુંબઈ: ક્રિસ્ટોફર નોલાનની બહુ વખણાયેલી ફિલ્મ 'ઈન્ટેરસ્ટેલર' હવે આગામી ફેબ્રુરઆરીમાં ભારતમાં રીરીલિઝ કરાશે.
દસ વર્ષ પછી તેનું આઈમેક્સ વર્ઝન રીલિઝ કરવાનું નક્કી થયું હતું. તેની રીલિઝ ડેટ અગાઉથી નક્કી થઈ ગઈ હતી.
દરમિયાન ભારતમાં 'પુષ્પા ટૂ'ની રીલિઝ ડેટમાં ફેરફાર થયો હતો અને આ ફિલ્મ ગત ઓગસ્ટના મૂળ પ્લાનને બદલે ગત ડિસેમ્બરમાં રીલિઝ થઈ હતી. 'પુષ્પા ટૂ' માટે ડિમાન્ડ વધારે હોવાથી ભારતનાં તમામ આઈમેક્સ સ્ક્રીન તેના માટે રોકી લેવામાં આવ્યાં હતાં. તેના કારણે ભારતમાં 'ઈન્ટેરસ્ટેલર'ની રીરીલિઝ અટકી પડી હતી. હવે વોર્નર બ્રધર્સએ આગામી તા. સાતમીએ ફિલ્મ ભારતમાં રી રીલિઝ કરવાની જાહેરાત કરતાં સિનેરસિકો ખુશ થયા છે.
આ ફિલ્મ અવકાશ સંશોધન પર છે પરંતુ તેમાં સાથે સાથે પ્રેમ, ત્યાગ અને માનવતા સહિતનાં મૂલ્યોને પણ વણી લેવામાં આવ્યાં છે. ફિલ્મને ક્લાસિકનો દરજ્જો મળી ચૂક્યો છે.

# તૃપ્તિને બોલ્ડનેસના કારણે 'આશિકી 3'માંથી હટાવવામાં આવી...?

## ફિલ્મમેકરે કહ્યું- સોશિયલ મીડિયા પર વહેતી વાતો ખોટી છે, એક્ટ્રેસને હકીકત ખબર છે



(એજન્સી) મુંબઈ | તા.13

ડિરેક્ટર અનુરાગ બાસુએ તૃપ્તિ ડિમરીને ફિલ્મ 'આશિકી 3'માંથી હટાવવા પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેણે સ્પષ્ટતા કરી હતી કે તૃપ્તિને તેની બોલ્ડનેસના કારણે ફિલ્મમાંથી દૂર કરવામાં આવી નથી. તૃપ્તિ પોતે પણ આ વાત જાણે છે. કેટલાક અહેવાલો દાવો કરી રહ્યા હતા કે તૃપ્તિને તેની બોલ્ડ ઈમેજના કારણે ફિલ્મમાંથી દૂર કરવામાં આવી હતી.
'સોશિયલ મીડિયા પર જે વાતો થઈ રહી છે તે ખોટી છે' મિડ ડે સાથેની વાતચીત દરમિયાન, જ્યારે અનુરાગ બાસુને પૂછવામાં આવ્યું કે શું ફિલ્મ દ્વારા માંગવામાં આવેલી મુખ્ય એક્ટ્રેસ માસૂમિયતના કારણે તૃપ્તિને ફિલ્મમાંથી દૂર કરવામાં આવી છે. તેના પર અનુરાગ બસુએ કહ્યું, ના, આ સાચું નથી. તૃપ્તિ પણ આ જાણે છે.
જાણો શું છે સમગ્ર મામલો? કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે ફિલ્મ 'એનિમલ'માં ઝોયાના રોલ બાદ તૃપ્તિ ડિમરી બોલ્ડ ઈમેજ બની ગઈ છે. બીજી બાજુ, 'આશિકી 3' માટે, ડિરેક્ટર એવી એક્ટ્રેસની શોધમાં હતા જે દેખાવમાં માસૂમ હોય. જ્યારે કેટલીક ફિલ્મોના કારણે તૃપ્તિએ તેની માસૂમિયત ગુમાવી દીધી છે. જેના કારણે તેણે આ રોલ માટે મળ્યો નહીં અને તેને ફિલ્મમાંથી કાઢી મૂકવામાં આવી હતી.
ફિલ્મ માટે નવી એક્ટ્રેસની શોધ શરૂ 'આશિકી 3' ફિલ્મમાંથી તૃપ્તિ ડિમરીના એક્ઝિટ બાદ હજુ સુધી નવી હિરોઈનનું નામ સામે આવ્યું નથી. જો રિપોર્ટ્સનું માનીએ તો મેકર્સ હજુ પણ હિરોઈનની શોધમાં છે અને ફિલ્મનું શૂટિંગ થોડા સમય માટે સ્થગિત કરવામાં આવ્યું છે.
આ ફિલ્મોમાં તૃપ્તિ ડિમરી જોવા મળી છે તૃપ્તિ ડિમરી 'એનિમલ', 'ભૂલ ભૂલૈયા 3', 'કાલા', 'બુલબુલ', 'બેડ ન્યૂઝ' અને 'વિકી વિદ્યા કા વો વાલા વિડિયો' જેવી ફિલ્મોમાં જોવા મળી છે.

# સલમાન ખાન મારો સારો મિત્ર છે'

## કંગનાએ કહ્યું- ઘણી વખત સાથે કામ કરવાની તક મળી, પરંતુ અત્યાર સુધી તે શક્ય બન્યું નથી

(એજન્સી) મુંબઈ | તા.13

કંગના રનૌત આ દિવસોમાં પોતાની ફિલ્મ ઈમરજન્સીને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન કંગનાએ એક ઈન્ટરવ્યૂમાં સલમાન ખાનને પોતાનો સારો મિત્ર ગણાવ્યો હતો. તેણે કહ્યું કે ઘણી એવી તકો મળી જ્યારે હું અને સલમાન સાથે કામ કરવાના હતા, પરંતુ અંતે હજુ સુધી એવું બની શક્યું નથી. તેમ છતાં, કંગનાએ આશા વ્યક્ત કરી હતી કે તેને ભવિષ્યમાં તેની સાથે કામ કરવાની તક ચોક્કસ મળશે.
કંગના રનૌતે સલમાન ખાન સાથેના તેના સંબંધો વિશે વાત કરી. કંગનાએ કહ્યું, સલમાન મારો સારો મિત્ર છે. અમને ઘણી તકો મળી છે જ્યારે અમે સાથે કામ કરી શક્યા હોત, પરંતુ કોઈને કોઈ કારણસર અમે આજ સુધી સાથે કામ કરી શક્યા નથી. પરંતુ મને આશા છે કે ટૂંક સમયમાં અમે બંને સાથે કામ કરીશું. સિદ્ધાર્થ કન્નન સાથેના તેના તાજેતરના ઈન્ટરવ્યૂમાં કંગનાએ કહ્યું હતું કે, સલમાને મને બજરંગી ભાઈજાનમાં રોલ ઓફર કર્યો હતો. મેં આશ્ચર્યચકિત થઈને તેને પૂછ્યું, આ શું રોલ આપ્યો છે? ત્યારબાદ 'સુલતાન' સમયે પણ તેણે મારો સંપર્ક કર્યો હતો. મેં તેમાં પણ કામ ન કર્યું. તેણે મને પૂછ્યું, હવે હું તને બીજું શું ઓફર કરું?
કંગનાના કહેવા પ્રમાણે, ભલે તેણે સલમાનની ઓફર ફગાવી દીધી હતી, પણ સલમાન હંમેશા તેની સાથે સારો વ્યવહાર કરે છે અને તેની સાથે વાત કરતો રહે છે. કંગનાએ એમ પણ કહ્યું કે સલમાન 'ઈમરજન્સી' ફિલ્મ જોવા માટે ખૂબ જ ઉત્સાહિત છે.
'ઈમરજન્સી' 17 જાન્યુઆરીએ રિલીઝ થશે કંગનાની ફિલ્મ ઈમરજન્સી 1975થી 1977ના 21 મહિનાના સમયગાળા પર આધારિત છે. જ્યારે પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીએ દેશમાં ખતરાને ટાંકીને સમગ્ર દેશમાં ઈમરજન્સી જાહેર કરી હતી. આ ફિલ્મમાં કંગના પૂર્વ પીએમ ઈન્દિરા ગાંધીના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ 17 જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. કંગના રનૌતે શનિવારે નાગપુરમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી માટે તેની ફિલ્મ ઈમરજન્સીની સ્પેશિયલ સ્ક્રીનિંગનું આયોજન કર્યું હતું. આ દરમિયાન અનુપમ ખેર પણ હાજર હતા. ફિલ્મ જોયા બાદ નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લોકોને ફિલ્મ જોવાની અપીલ કરી હતી.






## IPLની 18મી સિઝન 21 માર્ચથી શરૂ થશે

# 25 મેના રોજ કોલકાતામાં ફાઇનલ; WPL 7 ફેબ્રુઆરીથી 4 વેન્યુ પર રમાશે

(એજન્સી) નવી દિલ્હી તા 13

IPL 2025ની પ્રથમ મેચ 21 માર્ચે કોલકાતામાં રમાશે. ટૂર્નામેન્ટની ફાઈનલ પણ અહીં 25 મેના રોજ યોજાશે. તે જ સમયે, વુમન પ્રીમિયર લીગ (WPL)ની ત્રીજી સીઝન 7 ફેબ્રુઆરીથી શરૂ થશે અને 2 માર્ચ સુધી ચાલશે. આ વખતે ટુર્નામેન્ટ 2ને બદલે 4 સ્થળો પર રમાશે. ક્રિકઈન્ફોના અહેવાલ મુજબ, IPL સમિતિએ ટૂર્નામેન્ટની શરૂઆતની વિગતો તમામ ફ્રેન્ચાઈઝીઓને મોકલી છે, જેથી તેઓ ખેલાડીઓને લઈને તેમની તૈયારીઓ શરૂ કરી શકે. કોલકાતા નાઈટ રાઈડર્સ IPLની ડિફેન્ડિંગ ચેમ્પિયન છે, ટીમે ફાઈનલમાં સનરાઈઝર્સ હૈદરાબાદને હરાવ્યું હતું. IPLની મેગા ઓક્શન નવેમ્બરમાં થઈ હતી. જે બાદ કમિટીએ તમામ ટીમોને આગામી 3 વર્ષનું સંભવિત શેડ્યુલ જણાવ્યું હતું. જે મુજબ આ વખતે ટૂર્નામેન્ટ 15 માર્ચથી 25 મે દરમિયાન યોજાવાની હતી. જો કે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ 9 માર્ચે રમાશે. તેથી ખેલાડીઓને આરામ આપવા માટે BCCIએ IPLની શરૂઆતની તારીખ એક સપ્તાહ લંબાવી છે. ચેમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાન અને UAEમાં 19મી ફેબ્રુઆરીથી શરૂ થઈને 9મી માર્ચ સુધી રમાશે. IPL 2 અઠવાડિયા પછી શરૂ થશે. જો ટીમ ઈન્ડિયા ફાઈનલમાં પહોંચે છે તો પણ ખેલાડીઓ પાસે આરામ માટે પૂરતો સમય હશે.



### ડિફેન્ડિંગ ચેમ્પિયનના ઘરમાં પ્રથમ મેચ

IPLમાં એવી પરંપરા રહી છે કે આગામી સિઝનની પ્રથમ અને અંતિમ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમના હોમ ગ્રાઉન્ડ પર રમાય છે. 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ ચેન્નાઈમાં ખિતાબ જીત્યો હતો. તેથી હવે ઓપનિંગ અને ફાઈનલ મેચ કોલકાતામાં યોજાશે. જો કે, હજુ સુધી એ જાહેર કરવામાં આવ્યું નથી કે ઓપનિંગ મેચમાં KKR કઈ ટીમનો સામનો કરશે.

### 18મી સિઝનમાં 74 મેચ રમાશે

2025 IPLની 18મી સિઝન હશે, ટૂર્નામેન્ટ 2008માં શરૂ થઈ હતી અને ત્યારથી દર વર્ષે રમાય છે. 18મી સિઝનમાં 10 ટીમો વચ્ચે 74 મેચો રમાશે, 2022થી દરેક સિઝનમાં એટલી જ મેચો રમાઈ રહી છે. જ્યારે IPL એ 2022માં તેના પ્રસારણ અધિકારો વેચ્યા હતા, ત્યારે તેણે કહ્યું હતું કે 2025 અને 2026 સિઝનમાં 84-84 મેચ થશે. જો કે, ખેલાડીઓના વર્કલોડને મેનેજ કરવા માટે કમિટી આ વખતે માત્ર 74 મેચોનું આયોજન કરવા જઈ રહી છે.

**WPL 4 મેદાન પર યોજાશે |** BCCIએ પણ નક્કી કર્યું છે કે આ વખતે WPL 4 મેદાન પર રમાશે. ગત સિઝનમાં તમામ મેચો મુંબઈ અને બેંગલુરુમાં રમાઈ હતી, આ વખતે પણ બંને સ્થળોને હોસ્ટિંગ મળ્યું છે. જો કે આ વખતે વડોદરાના કોટંબી સ્ટેડિયમ અને લખનઉના એકાના સ્ટેડિયમને પણ હોસ્ટિંગ મળ્યું છે. આ મેચો મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમમાં યોજાવાની છે. ક્યા સ્થળે કેટલી મેચો યોજાશે તે શેડ્યૂલ જાહેર થયા બાદ જ સ્પષ્ટ થશે. WPL 2023માં શરૂ કરવામાં આવ્યું હતું. પ્રથમ સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સે અને છેલ્લી સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ટાઈટલ જીત્યું હતું. બંને ટીમોએ ફાઈનલમાં દિલ્હી કેપિટલ્સને હરાવ્યું હતું. ટુર્નામેન્ટમાં 5 ટીમો વચ્ચે 22 મેચો રમાશે.

# માન્ચેસ્ટર સિટીએ સેલફોર્ડ સિટીને 8-0થી કચડયું



(એજન્સી) નવી દિલ્હી તા 13

એફએ કપમાં માન્ચેસ્ટર સિટીએ શનિવારે સેલપોર્ડ સિટીને 8-0થી કચડી નાખ્યુ હતું. માન્ચેસ્ટર યુનાઈટેડના પૂર્વ સ્ટાર ખેલાડી અને સેલફોર્ડના માલિકનું આ હારની સાથે એફએ કપની જીતનું સ્વપ્ન રોળાઇ ગયું હતું. એક અન્ય મેચમાં લિવરપૂલે ચોથા રાઉન્ડમાં પોતાનું સ્થાન મેળવ્યું હતું. તેણે એક્રિંગ્ટન સ્ટેન્લીને 4-0થી હરાવીને આગેકૂચ કરી હતી. તો એક અન્ય મેચમાં ચેલ્સિયાએ મોરકેમ્બેને 5-0થી પરાજય આપીને આગેકૂચ કરી હતી. બ્રેન્ટફોર્ડ પ્રીમિયર લીગની એકમાત્ર ટીમ બની છે જેને લોવર લેગ હરીફ ટીમે સ્પર્ધા બહાર ફેંકી દીધી હતી. ચેમ્પિયનશિપમાં હાલ સૌથી નીચા સ્તરે રહેલી પ્લાયમાઉથની ટીમે બ્રેન્ટફોર્ડને 1-0થી પરાજય આપ્યો હતો.પેપ ગાર્ડિઓલોએ પોતાની સ્ટાર્ટિંગ લાઇનઅપમાં નોંધપાત્ર ફેરફાર કર્યા હતા અને હાલેન્ડને આરામ આપ્યો હતો. મેચની આઠમી મિનિટમાં માન્ચેસ્ટરના જેક ગ્રેલિશે ટીમ માટે પહેલો ગોલ કર્યો હતો જે બાદ ડિવિન મુબામા અને નિકો રીલીએ ગોલ કરીને માન્ચેસ્ટરની લીડને હાફ ટાઇમ પહેલા જ વધારીને 3-0 કરી દીધી હતી. ગ્રેલિશે લગભગ એક વર્ષ બાદ માન્ચેસ્ટર સિટી માટે પેનલ્ટી સ્પોટ પર ગોલ કર્યો હતો. ડોકુએ પણ પેનલ્ટી સ્પોટ પરથી એક ગોલ ફટકાર્યો હતો. જેમ્સ મેકેટી જે આ પહેલા સિટી માટે માત્ર એક જ ગોલ કરી શક્યો હતો તેણે મેચના બીજા હાફમાં ગોલની હેટ્રિક લગાવી હતી જે કારણે તેને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

# દિલ્હી એરપોર્ટ પર ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી સાથે થઈ ગેરવર્તણૂક

(એજન્સી) નવી દિલ્હી તા 13

ટીમ ઈન્ડિયાનો સ્ટાર બેટ્સમેન અભિષેક શર્માની સાથે દિલ્હી એરપોર્ટ પર ગેરવર્તૂણ થઈ છે.દિલ્હી એરપોર્ટ પર ડાબા હાથના ભારતીય ઓપનર સાથે જે પણ થયું તે તેણે પોતે સોશિયલ મીડિયા પર જણાવ્યું છે. અભિષેક શર્મા ઈન્ડિગો અને તેના સ્ટાફ સાથે આ સમગ્ર ઘટના જોડાયેલી છે. પોતાની સ્થિતિ જણાવતા તેણે કાઉન્ટર મેનેજર સામે ફરિયાદ કરી છે. અભિષેકે કહ્યું કે, તેને આટલો ખરાબ અનુભવ પહેલા ક્યારેય થયો નથી. તેમના મતે, આનાથી વધુ ખરાબ ન હોઈ શકે. ડાબા હાથના ભારતીય ઓપનર અભિષેક શર્માની સાથે દિલ્હી એરપોર્ટ પર શું થયું તે જાણી લઈએ, અભિષેકે જણાવ્યું કે, તે સમયસર કાઉન્ટર પર પહોંચ્યો હતો. તેમ છતાં તેને કાઉન્ટર મેનેજરે બીજા કાઉન્ટર પર જવાનું કહ્યું હતુ. અભિષેકના જણાવ્યા મુજબ આ સમગ્ર ઘટનામાં તેની ફ્લાઈટ પણ છૂટી ગઈ છે. તેમે ખાસ કાઉન્ટર મેનેજર સુષ્મિતા મિત્તલનું નામ લીધું છે. જેનું વર્તન ખુબ ખરાબ હતુ. અભિષેકે આગળ કહ્યું કે, તેની પાસે એક જ રજા હતા પરંતુ ફ્લાઈટ ચૂકી જવાને કારણે રજા પણ બરબાદ થઈ ગઈ છે. તેના જણાવ્યા મુજબ ઈન્ડિગો તરફથી પણ તેને કોઈ મદદ કરવામાં આવી ન હતી. તેમણે ક્યું કે,આ કોઈ પણ એરલાઈન્સની સાથે તેનો સૌથી ખરાબ અનુભવ છે. અભિષેક શર્માએ હાલમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટી20 સીરિઝ માટે પસંદગી કરવામાં આવી છે. તે આ સીરિઝમાં સંજુ સેમસનની સાથે ભારતીય ઈનિંગ્સની શરુઆત કરી શકે છે. અભિષેક શર્મા હાલમાં શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. તેમણે સૈયદ મુશ્તાક અલી ટ્રોફી અને વિજય હજારે ટ્રોફીમાં સારા રન બનાવ્યા છે.




# ધનશ્રી વર્માએ યુઝવેન્દ્ર ચહલનું છોડ્યું ઘર! ફોટો પોતે શેર કરીને આપી જાણકારી

(એજન્સી) નવી દિલ્હી તા 13

યુઝવેન્દ્ર ચહલથી છૂટાછેડાના સમાચાર વચ્ચે ધનશ્રી વર્માએ એક મહત્વપૂર્ણ પોસ્ટ શેર કરી છે. ધનશ્રી હાલમાં તેની માતાના ઘરે ગઈ છે. તેને પોતે પુરાવો આપ્યો છે. ધનશ્રી વર્માએ સોશિયલ મીડિયા પર તેની માતા સાથેનો એક ફોટો શેર કર્યો છે. તેણે આ પોસ્ટમાં છૂટાછેડા અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી. ચહલ હાલમાં ટીવી શો બિગ બોસમાં વ્યસ્ત છે. આ બંને વચ્ચે છૂટાછેડાના ઘણા સમાચારો આવ્યા છે. ધનશ્રી વર્માએ ઈન્સ્ટાગ્રામ પર બે તસવીરો શેર કરી છે. આમાં તે તેની માતા સાથે જોવા મળી રહી છે. ધનશ્રીએ કેપ્શનમાં ફક્ત ઈમોજી શેર કર્યા છે. તેની આ પોસ્ટ પર અનેક પ્રકારની કોમેન્ટ પણ આવી છે. ધનશ્રી હાલમાં ચહલ સાથે નથી. તેણે પોતે આ પોસ્ટ દ્વારા તેનો પુરાવો આપ્યો. તે આ દિવસોમાં તેની માતા સાથે છે.



### ચહલ-ધનશ્રી વચ્ચે અંતર કેમ વધ્યું

ધનશ્રી અને ચહલની મુલાકાત સોશિયલ મીડિયા દ્વારા થઈ હતી. આ પછી બંનેના લગ્ન થયા. પણ હવે અંતર વધી ગયું છે. ચહલે ઈન્સ્ટાગ્રામ પરથી ધનશ્રી સાથેના ઘણા ફોટા ડિલીટ કરી દીધા છે. આ બંને વચ્ચેનું અંતર કેમ વધ્યું છે તે હજુ સુધી જાણી શકાયું નથી. મહત્વની વાત એ છે કે ધનશ્રીએ છૂટાછેડાના સમાચારને નકારી કાઢ્યા નથી કે ચહલે તેને જૂઠાણું કહ્યું નથી.

# ઓસ્ટ્રેલિયા ટીમ: આ ખેલાડીને શીરે કેપ્ટન પદની જવાબદારી

(એજન્સી) નવી દિલ્હી તા 13

ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમે ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે તેની 15 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં મિશેલ સ્ટાર્ક, જોશ હેઝલવુડ, ગ્લેન મેક્સવેલ અને માર્કસ સ્ટોઈનિસ જેવા દિગ્ગજ ખેલાડીઓનો સમાવેશ થાય છે. એવું લાગી રહ્યું હતું કે ટીમના કેપ્ટન પેટ કમિન્સની ઈજા ગંભીર છે અને આ ટીમની જાહેરાત સાથે જ તેના વિશેની શંકાઓ સમાપ્ત થઈ ગઈ છે. જો કે, તેની ઈજા અંગે ટીમ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર મેડિકલ અપડેટ આવ્યું નથી. ટીમની આ પસંદગી અંગે ચીફ સિલેક્ટર જ્યોર્જ બેઈલીએ કહ્યું, 'આ એક સંતુલિત અને અનુભવી ટીમ છે, જેના મુખ્ય ખેલાડીઓ છેલ્લા ODI વર્લ્ડ કપ, વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ, ગયા વર્ષના બ્રિટન પ્રવાસ અને તાજેતરમાં પાકિસ્તાનની હોમ સિરીઝમાં સામેલ થયા છે.'

### જેક ફ્રેઝર-મેકગર્કને સ્થાન મળ્યું નથી

ઓપનિંગ બેટ્સમેન જેક ફ્રેઝર-મેકગર્કને ઓસ્ટ્રેલિયા ટીમમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. આ ઓપનિંગ બેટ્સમેને 2024માં વનડેમાં ડેબ્યૂ કર્યું હતું, પરંતુ અત્યાર સુધી તે આ ફોર્મેટમાં સારું પ્રદર્શન કરી શક્યો નથી. તેણે વનડેમાં પાંચ મેચમાં 17.40ની એવરેજથી માત્ર 87 રન બનાવ્યા છે. આ જ કારણ છે કે પસંદગીકારોએ તેને ટીમમાંથી બહાર કરી દીધો છે. મેટ શોર્ટ અને એરોન હાર્ડીને આ ટુર્નામેન્ટ માટે પ્રથમ વખત સિનિયર ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. વનડે ટીમમાં નાથન એલિસનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. 2023માં ODI વર્લ્ડ કપ જીતનારી ટીમમાં માત્ર આ ત્રણ ફેરફાર કરવામાં આવ્યા છે.

### ચેમ્પિયન્સ ટ્રોફી માટે ઓસ્ટ્રેલિયાની ટીમ

પેટ કમિન્સ (કેપ્ટન), એલેક્સ કેરી, નાથન એલિસ, એરોન હાર્ડી, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, માર્નસ લાબુશેન, મિચેલ માર્શ, ગ્લેન મેક્સવેલ, મેટ શોર્ટ, સ્ટીવ સ્મિથ, મિશેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોઈનિસ, એડમ ઝમ્પા.

# સ્ટીફન્સને હરાવીને સબાલેન્કાએ પહેલા રાઉન્ડમાં જીત મેળવી

(એજન્સી) નવી દિલ્હી તા 13

વર્ષની પહેલી ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટ ઓસ્ટ્રેલિયન ઓપનમાં વિશ્વની નંબર એક ટેનિસ ખેલાડી આર્યના સબાલેન્કાએ સ્લોન સ્ટીફન્સને સીધા સેટોમાં પરાજય આપીને પહેલા રાઉન્ડમાં જીત મેળવી હતી. સબાલેન્કાએ પોતાની હરીફને 6-3, 6-2થી પરાજય આપ્યો હતો. સબાલેન્કાએ સતત ત્રીજા ઓસ્ટ્રેલિયન ઓપન ખિતાબને જીતવા માટેના પોતાના અભિયાનની વિજયી શરૂઆત કરી હતી. મેચમાં જીત બાદ સબાલેન્કાએ મેદાન પર ડાન્સ કરીને પ્રેક્ષકોનું ભરપૂર મનોરંજન કર્યુ હતું. સબાલેન્કાની સાથે પૂર્વ ટેનિસ સ્ટાર જેલેના ડોકિકે પણ કોર્ટ પર ડાન્સ કર્યો હતો. સબાલેન્કા ખિતાબ જીતીને માર્ટિના હિંગીસના ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલને જીતવાની હેટ્રીકના રેકોર્ડની બરાબરી કરી શકે છે. ઓલિમ્પિક ચેમ્પિયન ઝેંગ કિનવેને રવિવારે ઈન્ડોર સ્ટેડિયમની પરિસ્થિતિઓનો ભરપૂર ફાયદો ઉઠાવતા સીધા સેટમાં જીત મેળવીને ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. વર્ષના પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટના પહેલા દિવસે ઘણી મેચ રમાઇ શકી નહોતી કારણ કે ઈનડોર સુવિધાઓમાં કેટલીક મેચોનું આયોજન શક્ય થઇ શક્યું નહોતું. ઓલિમ્પિક ચેમ્પિયન ઝેંગએ રવિવારે રોમાનિયના ક્વોલિફાયર ખેલાડી એન્કા ટોડોનીને 7-6 (3), 6-1થી સીધા સેટોમાં પરાજય આપ્યો હતો. ભારે વરસાદને કારણે આઉટડોર કોર્ટ પર રમતો સ્થગિત થવા વચ્ચે ઝેંગ અને મીરાએ પહેલી મેચમાં જીત મેળવી હતી. જોકે, 22 વર્ષીય ઝેંગને ટોડોની સામે પહેલા મુકાબલામાં જીત મેળવવા માટે લગભગ બે કલાક સુધી સંઘર્ષ કરવો પડયો હતો. 14મો ક્રમાંક ધરાવતી મીરા એન્ડ્રીવાએ પ્રારંભિક મેચમાં મેરી બોજકોવાને સીધા સેટમાં 6-3, 6-3થી સરળતાથી પરાજય આપ્યો હતો.



# ભીડ વચ્ચે શાંતિથી બહાર આવ્યા વિરાટ-અનુષ્કા, ફેન્સે સાદગી જોઈને કર્યા વખાણ



નવી દિલ્હી | છેલ્લી ઘણી સિરીઝમાં વિરાટ કોહલી તેના ખરાબ ફોર્મ માટે ટ્રોલર્સનો શિકાર બન્યો છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2024-25 ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન પણ તેનું બેટ શાંત રહ્યું. અગાઉ ઘણી સિરીઝઓ સમાપ્ત થયા પછી, વિરાટ કોહલી લંડન જતા જોવા મળ્યો હતો. આ અંગે ટ્રોલરોએ તેને ખૂબ ટ્રોલ પણ કર્યો છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પછી, વિરાટ કોહલી ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં શ્રી પ્રેમાનંદ ગોવિંદ શરણજી મહારાજને મળ્યો. ત્યારબાદ વિરાટ કોહલી તેની પત્ની અનુષ્કા શર્મા સાથે મુંબઈના ગેટવે ઓફ ઈન્ડિયા પર જોવા મળ્યો.

### વિરાટ-અનુષ્કાનો સ્ટાઈલિશ લુક

વિરાટ કોહલી બ્લેક કલરના આઉટફિટમાં જોવા મળ્યો. તેની ટોપી અને કાળા ચશ્માએ તેની સ્ટાઈલ કમ્પલીટ કરી. જ્યારે અનુષ્કા શર્માએ વ્હાઈટ ટી-શર્ટ, બ્લેક શોર્ટ્સ અને બ્લૂ ઓવરસાઈઝ શર્ટ સાથે પોતાનો લુક ખૂબ જ કેઝ્યુઅલ અને કૂલ રાખ્યો. સનગ્લાસ તેના લુકને વધુ ખાસ બનાવતો હતો.

### વિરાટ-અનુષ્કાએ સ્વામી પ્રેમાનંદજીના લીધા આશીર્વાદ

આ પહેલા, વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા તેમના પરિવાર સાથે ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં શ્રી પ્રેમાનંદ ગોવિંદ શરણજી મહારાજને મળ્યા હતા. આ મીટિંગમાં તેમના બંને બાળકો પણ તેમની સાથે હતા. આ મીટિંગનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયો હતો. સંત પ્રેમાનંદ ગોવિંદ શરણજી મહારાજે અનુષ્કા શર્માની પ્રશંસા કરી અને કહ્યું કે તેણે વિરાટ જેવા મોટા અને સફળ વ્યક્તિને પણ શ્રદ્ધા અને નમ્રતાના માર્ગ પર રાખ્યા છે.

# 2030ના ફૂટબોલ વર્લ્ડકપના યજમાનોમાં પોર્ટુગલને પણ સ્થાન

(એજન્સી) નવી દિલ્હી | તા 13

પોર્ટુગલ સહિત પાંચ અન્ય દેશોને 2030માં યોજાનારા ફૂટબોલ વર્લ્ડ કપની યજમાની મળ્યા બાદ સ્ટાર સ્ટ્રાઈકર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ કહ્યું છે કે છ વર્ષ બાદ રમાનારી આ ટૂર્નામેન્ટ ખુબ જ ખાસ રહેશે. વર્લ્ડ ફૂટબોલની ટોચની સંસ્થા ફિફાએ બુધવારે 2030 અને 2034માં રમાનારા ફુટબોલ વર્લ્ડ કપના યજમાનોની સત્તાવાર જાહેરાત કરી હતી. 2030ના વર્લ્ડ કપની મેચો ત્રણ ખંડના છ દેશમાં રમાશે. આ પહેલો પ્રસંગ રહેશે જ્યારે ફૂટબોલ વર્લ્ડ કપનું છ દેશમાં આયોજન કરાશે. સ્પેન, પોર્ટુગલ, અને મોરક્કોને તેની સંયુક્ત યજમાની આપવામાં આવી છે. પરંતુ દક્ષિણ અમેરિકાના દેશ આર્જેન્ટીના, પેરાગ્વે અને ઉરુગ્વેમાં પણ આ વર્લ્ડ કપની એક-એક મેચનું આયોજન કરવામાં આવશે. પહેલો ફૂટબોલ વર્લ્ડ કપ 1930માં ઉરુગ્વેમાં આયોજિત કરાયો હતો અને ફિફાએ તેના 100 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી માટે દક્ષિણ અમેરિકાના આ દેશને એક મેચની યજમાની સોંપી છે. રોનાલ્ડોએ પોર્ટુગલની જરસી પહેરીને ઉજવણી કરતા પોતાની તસવીરે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી હતી જેમાં તેણે લખ્યુ હતું કે, સ્વપ્ન સાચું થઇ ગયું છે. આ ખૂબ જ ખાસ વર્લ્ડ કપ રહેશે. પોર્ટુગલ 2030માં વર્લ્ડ કપની યજમાની કરીને અમને ગૌરવાન્વિત કરશે. ફિફાએ તેની સાથે જ વર્ષ 2034માં આયોજીત થનારા વર્લ્ડ કપની યજમાની સાઉદી અરબને સોંપવાની જાહેરાત કરી હતી.



## મૃતકોમાં ઓસ્ટ્રેલિયન ટીવી એક્ટર પણ સામેલ, 7 દિવસ બાદ પણ આગ કાબૂમાં નહીં

# કેલિફોર્નિયામાં આગમાં 24 લોકોના મોત નીપજ્યાં

(એજન્સી) લોસ એન્જલસ | તા 13

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં લાગેલી આગમાં 24 લોકોના મોત થયા છે. ઓસ્ટ્રેલિયન ટીવી એક્ટર રોરી સાઈક્સ પણ માર્યા ગયેલાઓમાં સામેલ છે. છેલ્લા 7 દિવસથી લાગેલી આગ પર હજુ સુધી કાબુ મેળવી શકાયો નથી. ઈટન અને પેલિસેડ્સમાં 16 લોકો ગુમ થયાની જાણ થઈ હતી.

રવિવારે લોસ એન્જલસમાં પવનની ગતિ થોડી ઘટી હતી. જેના કારણે ફાયર ફાઈટરોને આગ પર કાબૂ મેળવવામાં મદદ મળી હતી. જો કે મોડી રાત સુધીમાં ભારે પવનની ચેતવણી આપવામાં આવી છે. જેના કારણે લોસ એન્જલસના બે જંગલોમાં લાગેલી આગને ઝડપથી ઓલવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. કાઉન્ટીના તમામ લોકોને અગાઉથી જ ચેતવણી આપવામાં આવી છે કે તેઓને કોઈપણ સમયે તેમના ઘર ખાલી કરવા માટે કહેવામાં આવી શકે છે.

નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે ફરીથી લોસ એન્જલસમાં જંગલની આગને હજી સુધી આગ પર કાબુ ન મેળવવા મામલે જવાબદાર અધિકારીઓની નિંદા કરી. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું- લોસ એન્જલસમાં હજુ પણ આગ ભભૂકી રહી છે. અસમર્થ નેતાઓને આગ કેવી રીતે ઓલવવી તે ખબર નથી.

રોયટર્સ અનુસાર, લોસ એન્જલસ (LA) માં લાગેલી આગને કારણે લગભગ રૂ. 11.60 લાખ કરોડથી રૂ. 13 લાખ કરોડ ($ 135-150 અબજ)નું નુકસાન થવાની સંભાવના છે. અહી આગ પર અમુક અંશે કાબુ મેળવી લેવામાં આવ્યો છે. લોકોને માસ્ક પહેરવાની અપીલ કરવામાં આવી છે. અમેરિકાને આગનો સામનો કરવામાં મદદ કરવા માટે મેક્સિકોથી ફાયર ફાઈટર્સ પહોંચ્યા છે.

બીજી તરફ લોસ એન્જલસ પોલીસના જણાવ્યા અનુસાર બ્રેટનવુડમાં વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસના ઘરે ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કેસમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જોકે બાદમાં તેમને છોડી દેવામાં આવ્યા હતા. પોલીસે કહ્યું કે તેમની પાસે એવો કોઈ પુરાવો નથી કે આ બે લોકો ચોરી કરવાના ઈરાદાથી ત્યાં હાજર હતા.



### આગ બાદ વોટર હાઈડ્રેન્ટ્સ ખાલી થયા

લોસ એન્જલસ વોટર ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, કેલિફોર્નિયામાં તમામ વોટર હાઈડ્રેન્ટ્સ આગ પહેલા સંપૂર્ણ રીતે કાર્યરત હતા. આગ ઓલવવા માટે પાણીની વધુ માંગને કારણે સિસ્ટમ પર દબાણ વધ્યું અને પાણીનું સ્તર ઘટ્યું.

તેના કારણે 20% વોટર હાઈડ્રેન્ટને અસર થઈ. ખરેખરમાં, કેલિફોર્નિયામાં ઘણી જગ્યાએ વોટર હાઈડ્રેન્ટ્સ ખાલી થઈ ગયા છે. NYT અનુસાર, રાજ્યના ગવર્નર ગેવિન ન્યૂઝમે શુક્રવારે વોટર હાઈડ્રેન્ટમાં આટલી ઝડપથી પાણી કેવી રીતે ખતમ થઈ ગયું તેની તપાસનો આદેશ આપ્યો હતો. આગના સંકટ વચ્ચે કેલિફોર્નિયાના સાંતા મોનિકા શહેરમાં લૂંટની ઘટના સામે આવી છે, જે બાદ પ્રશાસને કર્ફ્યુ જાહેર કર્યો છે. આ કેસમાં 29 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આમાંથી બે લોકો ફાયર ફાઈટરના ડ્રેસમાં હાજર હતા. પેરિસ હિલ્ટન, ટોમ હેન્ક્સ, સ્ટીવન સ્પીલબર્ગ જેવી હોલિવૂડ સેલિબ્રિટીઓનાં ઘર સળગી ગયાં હતાં. ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસનું ઘર ખાલી કરાવવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ જો બાઈડને તેમની ઈટાલીની મુલાકાત રદ કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે આગ માટે વર્તમાન બાઈડન સરકારને જવાબદાર ગણાવી અને કહ્યું- આ મારા માટે છોડીને બાઈડન જઈ રહ્યા છે.

## કેનેડાના સાંસદ જગમીત સિંહે ટ્રમ્પની ઓફર ફગાવી, તેમણે કહ્યું...

# 'આપણો દેશ બિકાઉ નથી, અમને તેના પર ગર્વ છે; અમે તેના માટે લડીશું...'

ઓટાવા | અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઘણી વખત કેનેડાને અમેરિકાનું 51મું રાજ્ય બનવાની ઓફર કરી છે. આ મુદ્દે વિવાદ સતત વધી રહ્યો છે. કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડો અને વિદેશ મંત્રી મેલાની જોલી બાદ હવે કેનેડાની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (એનડીપી)ના નેતા અને સાંસદ જગમીત સિંહે પણ ટ્રમ્પની ઓફર ફગાવી દીધી છે.

મારી પાસે ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક સંદેશ છે. અમારો દેશ (કેનેડા) બિકાઉ નથી. પહેલા પણ નહોતો અને ક્યારેય નહીં હોય. કેનેડિયનોને દેશ પર ગર્વ છે અને અમે તેને બચાવવા માટે સતત લડતા રહીશું. ટેરિફ લાદવાની ટ્રમ્પની ધમકી પર જગમીત સિંહે કહ્યું કે જો ટ્રમ્પને લાગે છે કે તે અમારી સાથે લડી શકે છે તો તેણે કિંમત ચૂકવવી પડશે. હું માનું છું કે જો ટ્રમ્પ અમારા પર ટેરિફ લાદે છે, તો આપણે પણ તે જ રીતે કાઉન્ટર-ટેરિફ લાદવો જોઈએ. વડાપ્રધાન પદ માટે ચૂંટણી લડનાર કોઈપણ વ્યક્તિએ આવું જ કરવું જોઈએ.

કેલિફોર્નિયામાં લાગેલી આગ પર એનડીપીના નેતાએ કહ્યું કે જ્યારે અમેરિકામાં જંગલમાં લાગેલી આગ ઘરોને નષ્ટ કરી રહી છે ત્યારે કેનેડિયન ફાયરફાઈટર્સ ત્યાં મદદે પહોંચ્યા હતા. અમે પાડોસીને મદદ કરીએ એવા સ્વભાવના છીએ.

તમને જણાવી દઈએ કે જગમીત સિંહની NDP પાર્ટીમાં 25 સાંસદો છે. ટ્રુડો એનડીપીના સમર્થનથી સરકાર ચલાવી રહ્યા હતા, પરંતુ ગયા વર્ષે એનડીપીએ તેમની પાસેથી ટેકો પાછો ખેંચી લીધો હતો. ગઠબંધન તૂટવાને કારણે ટ્રુડો સરકાર લઘુમતીમાં આવી ગઈ.



### ટ્રુડોએ કહ્યું- અમેરિકાને પણ નુકસાન થશે

કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ ટ્રમ્પની 25% ટેરિફની ધમકી પર કહ્યું- જો ટ્રમ્પ ટેરિફ લાદે છે, તો તેમણે એ પણ વિચારવું જોઈએ કે કેનેડા અમેરિકામાં નિકાસ કરે છે તે સ્ટીલ અને એલ્યુમિનિયમના ભાવ પર આ ટેરિફની શું અસર થશે.

કોઈપણ અમેરિકન નાગરિક કેનેડાથી આવતી વીજળી, તેલ અને ગેસ માટે 25% વધુ ચૂકવવા માંગતો નથી. મને લાગે છે કે લોકોએ આના પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. હું જાણું છું કે એક સફળ બિઝનેસમેન તરીકે ટ્રમ્પ લોકોને અસંતુલિત રાખવાનું પસંદ કરે છે. ટ્રુડોએ વધુમાં કહ્યું- ટ્રમ્પને અમેરિકન લોકોનું જીવન સરળ બનાવવા અને અમેરિકન કામદારોની મદદ કરવા માટે ચૂંટાયા છે. આ (ટેરિફ) એવી વસ્તુઓ છે જે તેમને નુકસાન પહોંચાડે છે. ડોનાલ્ડ ટ્રમ્પ 20 જાન્યુઆરીએ શપથ લેશે જસ્ટિન ટ્રુડોએ 6 જાન્યુઆરીએ વડા પ્રધાન અને લિબરલ પાર્ટીના નેતા બંને પદેથી રાજીનામું આપ્યું હતું. જોકે, નવા વડાપ્રધાનની પસંદગી ન થાય ત્યાં સુધી ટ્રુડો આ પદ પર રહેશે. બીજી તરફ ટ્રમ્પ 20 જાન્યુઆરીએ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે.

## ઉત્તર કોરિયાના સૈનિકોને મુક્ત કરવાની ઝેલેન્સકીની ઓફરઃ

# યુક્રેનિયન સૈનિકોને પરત કરવાની માગ કરી; ગયા અઠવાડિયે અટકાયત કરાઈ હતી...




આ તસવીર ઉત્તર કોરિયાના રાજિન બંદર પર પાર્ક કરાયેલા રશિયન જહાજની છે, જેને દક્ષિણ કોરિયાની ન્યૂઝ એજન્સીએ જાહેર કરી છે.

કિવ | યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ કહ્યું છે કે, તેઓ રશિયાના કુર્સ્ક વિસ્તારમાં કેદ કરાયેલા ઉત્તર કોરિયાના સૈનિકોને છોડવા માટે તૈયાર છે. બદલામાં તેમણે રશિયામાં પકડાયેલા યુક્રેનિયન સૈનિકોના વિનિમયની માગ કરી છે.

યુક્રેને શનિવારે ઉત્તર કોરિયાના 2 સૈનિકોને પકડવાની માહિતી આપી હતી. આ પહેલીવાર છે જ્યારે યુક્રેન દ્વારા ઉત્તર કોરિયાના સૈનિકોને જીવતા પકડી લીધા છે. આ અંગે રશિયા અને ઉત્તર કોરિયા તરફથી હજુ સુધી કોઈ માહિતી આપવામાં આવી નથી. ઝેલેન્સકીએ પોતાની પોસ્ટમાં ઉત્તર કોરિયાના સૈનિકોનો વીડિયો પણ પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં બંને જવાનોની પૂછપરછ કરવામાં આવી રહી છે. વીડિયોમાં એક સૈનિક નીચે પડેલો છે જ્યારે બીજાના જડબામાં ઘા લાગેલો છે. એક સવાલના જવાબમાં જૂઠ બોલતા સૈનિકે કહ્યું કે, તેને ખબર નથી કે તે યુક્રેન સામે યુદ્ધ લડી રહ્યો છે. સૈનિકના કહેવા પ્રમાણે તેના કમાન્ડરોએ તેને તાલીમ ગણાવી હતી. ઝેલેન્સકીએ પોતાના વીડિયોમાં કહ્યું કે, એક સૈનિકે યુક્રેનમાં રહેવાની ઈચ્છા વ્યક્ત કરી છે, જ્યારે બીજો પરત ફરવા માગે છે. યુક્રેન અને પશ્ચિમી દેશોના અનુમાન મુજબ રશિયામાં ઉત્તર કોરિયાના 11 હજાર સૈનિકો હાજર છે. તેમને રશિયાના કુર્સ્ક વિસ્તારમાં યુક્રેન સામે લડવા માટે તૈનાત કરવામાં આવ્યા છે. યુક્રેને ગયા વર્ષે ઓગસ્ટમાં રશિયા વિરુદ્ધ કાર્યવાહી કરી હતી અને કુર્સ્કમાં સેંકડો ચોરસ કિલોમીટર જમીન પર કબજો કર્યો હતો.

# ચીનની ફરી આડોડાઈ, ભારત સાથેની સરહદે સૈન્ય અભ્યાસ કર્યો, ડ્રેગનના ખરા ઈરાદા શું છે?



(એજન્સી) ચીન | તા 13

ભારત દેશ એક તરફ પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે બીજી બાજુ ચીને વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) નજીક કોમ્બેટ ડ્રિલ શરુ કરી દેતાં ખળભળાટ મચી ગયો છે. ચીનના સૈન્ય પીપલ્સ લિબરેશન આર્મી(PLA)ની શિનજિયાંગ મિલિટ્રી કમાન્ડના રેઝિમેન્ટની આગેવાનીમાં આ યુદ્ધાભ્યાસ કરાયો હતો.

ચીનની કોમ્બેટ ડ્રિલમાં તમામ વિસ્તારોમાં વાપરી શકાય તેવા વાહનો, માનવરહિત સિસ્ટમ અને ડ્રોન સહિત સૈન્યની અપગ્રેડેડ ટૅક્નોલૉજીનો ઉપયોગ કરાયો હતો. ચીન તરફથી આ કાર્યવાહી એવા સમયે કરાઈ છે જ્યારે ભારત અને ચીન વચ્ચે પહેલાંથી જ શાંતિ મંત્રણા ચાલી રહી છે. ભારત અને ચીન વચ્ચે LAC પર સૈનિકો પાછા બોલાવી લેવા અને ફરી પેટ્રોલિંગ શરુ કરવા અંગે 21 ઑક્ટોબર 2024ના રોજ એક કરાર થયો હતો. આ કરાર 2020માં ગલવાન ખીણમાં સર્જાયેલી અથડામણ બાદ બંને વચ્ચે વધી ગયેલા તણાવને ઘટાડવાની દિશામાં મોટું પગલું માનવામાં આવી રહ્યું હતું. આ કરાર હેઠળ બંને દેશોએ ડેપસાંગ અને ડેમચોક જેવા સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ શરુ કરવા સંમતિ દર્શાવી હતી. ભારતના એનએસએ અજિત ડોભાલ અને ચીનના વિદેશમંત્રી વાંગ યી વચ્ચે યોજાયેલી હાઈ લેવલની બેઠક બાદ આ કરાર થયો હતો.

## ભારતીય ઢોલ પર ડોલશે અમેરિકનો : ICC T-20 વર્લ્ડ કપથી લઈને 'હાઉડી મોદી'માં કર્યું હતું પર્ફોર્મ

# ટ્રમ્પના શપથગ્રહણ માટે ભારતીય અમેરિકન બેન્ડને આમંત્રણ

(એજન્સી) વોશિંગ્ટન | તા 13

અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણ સમારોહ પર ભારતીયો પાસે ગર્વ કરવાનું બીજું એક મોટું કારણ હશે. એક તરફ આ ચૂંટણીમાં ભારતીય અમેરિકનોનું વર્ચસ્વ જોવા મળ્યું, તો બીજી તરફ 'ઢોલ'ના રૂપમાં ભારતીય સંસ્કૃતિનો પડઘો અમેરિકામાં પણ સંભળાશે. 20 જાન્યુઆરીએ ટ્રમ્પના શપથગ્રહણ સમારોહ પછી કેપિટલ હિલથી વ્હાઈટ હાઉસ સુધીની ભવ્ય પરેડમાં ભાગ લેવા માટે એક ભારતીય અમેરિકન ઢોલ બેન્ડને આમંત્રણ આપવામાં આવ્યું છે. અમેરિકામાં નાના, પરંતુ અત્યંત પ્રભાવશાળી ભારતીય અમેરિકન સમુદાય માટે આ વધુ એક સીમાચિહ્નરૂપ ઘટના છે.

ટ્રમ્પના શપથગ્રહણ સમારોહમાં શું ખાસ હશે? ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણ બાદ કેપિટલ હિલથી વ્હાઈટ હાઉસ સુધીની પરેડમાં ભાગ લેવા માટે એક ભારતીય અમેરિકન ઢોલ બેન્ડને આમંત્રણ આપવામાં આવ્યું છે. ટેક્સાસ



સ્થિત ભારતીય પરંપરાગત ડ્રમ ગ્રુપ શિવમ ઢોલ તાશા પાઠક બેન્ડ પણ વોશિંગ્ટન ડીસીમાં પોતાની બીટ્સ અને હાઈ એનર્જીથી લોકોમાં જોશ, જે વિશ્વને ભારતની સમૃદ્ધ સંગીત પરંપરાઓની ઝલક આપશે.

અમેરિકામાં આટલા મોટા સ્ટેજ પર પહેલીવાર ઢોલનો અવાજ ગુંજશે આ પહેલીવાર છે જ્યારે ઢોલ બેન્ડ અમેરિકામાં આટલા મોટા પાયે અને આટલા ભવ્ય સ્ટેજ પર પર્ફોર્મ કરશે. પ્રેસ રિલીઝમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે બેન્ડને આમંત્રણ એ વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિની વધતી જતી ઓળખ અને અમેરિકા-ભારત વચ્ચેના ગાઢ સાંસ્કૃતિક સંબંધોની ઉજવણી છે. તમને જણાવી દઈએ કે આ બેન્ડ ધાર્મિક તહેવારો ઉપરાંત ઘણા કાર્યક્રમોમાં પર્ફોર્મ કરી ચૂક્યું છે અને વૈશ્વિક પ્રેક્ષકોને ઢોલ તાશાનો પરિચય કરાવ્યો છે.

# શપથ પહેલાં ટ્રમ્પની સામે થયા ઉપપ્રમુખ! હિંસાના આરોપીઓને મુક્ત કરવા મામલે ખટપટ...

(એજન્સી) વોશિંગ્ટન | તા 13

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હિંસાના તમામ આરોપીઓને માફ કરવાની જાહેરાતનો નવા ચૂંટાયેલા ઉપપ્રમુખ ડી વેન્સે વિરોધ કર્યો છે. ટ્રમ્પે થોડા સમય પહેલાં જ નિવેદન આપ્યું હતું કે, '2020ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મારી હાર બાદ ફાટી નીકળેલી હિંસાના આરોપીઓની સજા માફ કરવા મારી શક્તિઓનો ઉપયોગ કરીશ.' જેનો જેડી વેન્સ દ્વારા વિરોધ કરતાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ વચ્ચે ખટપટ શરૂ થઈ છે.

ઉપપ્રમુખ જેડી વેન્સે જણાવ્યું હતું કે, 'માફીનો મુદ્દો અત્યંત સરળ છે. જેમણે શાંતિપૂર્વક વિરોધ કર્યો, તેમને માફી આપવી જોઈએ, પરંતુ જેઓએ હિંસા કરી છે, તેમને માફ કરવા જોઈએ નહીં. છ જાન્યુઆરીની હિંસામાં 1500થી વધુ લોકો પર આરોપો મૂકાયા હતા. આ ઘટનામાં 100થી વધુ પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હતા.'

ડોનાલ્ડ ટ્રમ્પ વિરૂદ્ધ આ હિંસા મામલે કેસ લડનારા અમેરિકાના સ્પેશિયલ પ્રોસિક્યુટર જેક સ્મિથે ગત શુક્રવારે રાજીનામું આપ્યું હતું. સ્મિથનું રાજીનામું આવકારતાં ટ્રમ્પે સોશિયલ મીડિયા પર સ્મિથ પર અનેક પરિવારોના જીવનને નષ્ટ કરવાનો આરોપ મૂક્યો હતો.

અમેરિકામાં 2020ની પ્રમુખની ચૂંટણીમાં ટ્રમ્પની હાર બાદ છ જાન્યુઆરી, 2021ના રોજ કેપિટલ હિલ્સમાં હિંસક વિરોધ પ્રદર્શનો થયા હતાં. ટ્રમ્પ પર આ હિંસક પ્રદર્શનો કરવા તેમજ રાષ્ટ્રપતિ કાર્યાલય છોડ્યા બાદ ગેરકાયદે ગોપનીય દસ્તાવેજો પોતાની પાસે રાખવાના આરોપસર સ્મિથે ટ્રમ્પ વિરૂદ્ધ સ્પેશિયલ પ્રોસિક્યુટર તરીકે કેસ લડ્યો હતો. ટ્રમ્પ ફરી રાષ્ટ્રપતિ તરીકે સત્તા પર આવતાં સ્મિથે આ બંને કેસો પાછા ખેંચ્યા હતા. આમ કરવા પાછળનું કારણ જણાવતાં કહ્યું હતું કે, 'ન્યાય વિભાગના નિયમોનુસાર, રાષ્ટ્રપતિ પર કેસ ચલાવી શકાય નહીં.' તદુપરાંત સ્મિથે સાત જાન્યુઆરીના રોજ સિક્રેટ રિપોર્ટ જમા કરાવી 10 જાન્યુઆરીએ રાજીનામું આપ્યું હતું.

# પાકિસ્તાનમાં મળ્યો ₹17 હજાર કરોડનો સોનાનો ભંડાર એટોકમાં 32 હજાર કિલો સોનું મળવાનો દાવો...

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 13

પાકિસ્તાનમાં પંજાબ રાજ્યના ભૂતપૂર્વ ખાણકામ મંત્રી ઈબ્રાહિમ હસન મુરાદે એટોક શહેરમાં 2 અબજ ડૉલર (17 હજાર કરોડ રૂપિયા)ના સોનાનો ભંડાર મળ્યો હોવાનો દાવો કર્યો છે. હસન મુરાદના જણાવ્યા અનુસાર એટોકમાં 32 કિલોમીટરના વિસ્તારમાં 32,658 કિલો (28 લાખ તોલા) સોનાનો ભંડાર મળી આવ્યો છે.

હસન મુરાદે 10 જાન્યુઆરીએ X પોસ્ટમાં લખ્યું હતું- પાકિસ્તાનના જીઓલોજિકલ સર્વેના વૈજ્ઞાનિકોની આ શોધ પંજાબમાં કુદરતી સંસાધનોની અપાર સંભાવનાઓને ઉજાગર કરે છે. પાકિસ્તાનની જિયોલોજિકલ સર્વે ટીમે આ જગ્યાએથી 127 જગ્યાએથી સેમ્પલ લીધા હતા.

આ શોધ પાકિસ્તાનની ખનિજ સંપત્તિને ઉજાગર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે દેશને આર્થિક રીતે મજબૂત કરવાની સાથે ભાવિ પેઢીઓ માટે નવી તકો ખોલે છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ અનુસાર, અમુક જગ્યાએ સોનાના ભંડાર મળ્યા પછી પણ તેના ખાણકામમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ માટે સમય, નાણાકીય સંસાધનો અને ઘણા નિષ્ણાતોની જરૂર છે.

સોનાના ભંડારના પ્રારંભિક પુરાવા હોવા છતાં વિશ્વની ઘણી ખાણોમાં વધુ ખાણકામની સંભાવના 1% કરતા ઓછી છે. આ જ કારણે વિશ્વની હાલની સોનાની ખાણોમાંથી માત્ર 10% પાસે વધુ ખાણકામ માટે પૂરતું સોનું છે.

એકવાર એવું નક્કી કરવામાં આવે કે સોનું કાઢવા માટે વધુ ખાણકામ કરી શકાય છે, તેના માટે વિગતવાર મૉડેલ તૈયાર કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં 1થી 10 વર્ષનો સમય લાગી શકે છે. એકવાર તે નક્કી થઈ જાય કે ખાણમાં સોનાની ખાણકામ કરી શકાય છે, પછી ખાણને વધુ ખોદકામ માટે વિકસાવવામાં આવે છે. ખાણકામ કંપનીઓ આગળની પ્રક્રિયા શરૂ કરતા પહેલા પરમિટ અને લાઈસન્સ માટે અરજી કરે છે. સામાન્ય રીતે આ સમગ્ર પ્રક્રિયામાં ઘણા વર્ષો લાગી શકે છે, જો કે આ સમય સ્થળ પ્રમાણે બદલાઈ શકે છે.

પેપરવર્ક પૂર્ણ થયા પછી ખાણકામ કંપનીઓ અહીં કામ કરતા કામદારો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં 1થી 5 વર્ષનો સમય લાગી શકે છે.

સોનાની ખાણકામમાં ત્રીજો તબક્કો સૌથી મહત્વપૂર્ણ છે. સામાન્ય રીતે ગોલ્ડ ઓરમાંથી મળે છે. આ તબક્કામાં સોનાને અયસ્કથી અલગ કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત, ખાણકામની કિંમત અને સોનાની શુદ્ધતા જેવા ઘણા પરિબળો તેને અસર કરે છે.

# 200 કરોડના ખર્ચે મુંબઈમાં બન્યું એશિયાનું સૌથી બીજું મોટું ઈસ્કોન મંદિર

(એજન્સી) નવી મુંબઈ । તા. 13


નવી મુંબઈના ખારઘરમાં એશિયાનું બીજું સૌથી મોટું ઈસ્કોન મંદિર બનાવવામાં આવી રહ્યું છે. આ મંદિરનો ઉદ્ઘાટન કાર્યક્રમ 9 જાન્યુઆરીથી શરૂ થઈ ગયો છે. 15 જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુંબઈ આવશે અને આ ઈસ્કોન મંદિરનું ઉદ્ઘાટન કરશે. આ મંદિર 9 એકરમાં બનેલું છે. તે સંપૂર્ણપણે સફેદ આરસપહાણથી બનેલું છે. આ મંદિરના હોલમાં, ભગવાન કૃષ્ણના કાર્યોને 3D ચિત્રો દ્વારા દર્શાવવામાં આવ્યા છે. ઉદ્ઘાટન સમારોહમાં ભજન સમ્રાટ અનુપ જલોટા, અભિનેત્રી હેમા માલિની અને અન્ય ઘણા પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહેશે. આ મંદિર માટે સિડકો (મહારાષ્ટ્ર શહેર અને ઔદ્યોગિક વિકાસ નિગમ)એ જમીન આપી હતી, ત્યારબાદ આ ભવ્ય મંદિર અઢી એકર જમીન પર બનાવવામાં આવ્યું, આ મંદિર ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોન્શિયસનેસ (ઈસ્કોન) દ્વારા બનાવવામાં આવ્યું છે, જે ભગવદ ગીતાનો પ્રચાર કરતી સંસ્થા છે. આ મંદિર નવી મુંબઈના ખારઘર સેક્ટર 23માં બનેલું છે અને આ મંદિર બનાવવામાં 12 વર્ષ લાગ્યા છે.



## મંદિરના નિર્માણમાં સફેદ અને ભૂરા આરસપહાણના પથ્થરોનો ઉપયોગ

આ મંદિરના નિર્માણમાં સફેદ અને ભૂરા આરસપહાણના પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મંદિરમાં એક અઠવાડિયા સુધી ધાર્મિક વિધિઓ ચાલુ રહેશે. યજ્ઞ અને અન્ય પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમોની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભગવાન કૃષ્ણને સમર્પિત આ મંદિરનું નામ શ્રી શ્રી રાધા મદન મોહન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 15 જાન્યુઆરીએ આ મંદિરનું ઉદ્ઘાટન કરશે. મંદિરના ટ્રસ્ટી અને મુખ્ય ચિકિત્સક સુરદાસ પ્રભુએ જણાવ્યું હતું કે સાંસ્કૃતિક કેન્દ્ર અને વૈદિક સંગ્રહાલયના શિલાન્યાસનું પણ પૂજન કરવામાં આવશે.

## વિશ્વભરમાં લગભગ 800 ઈસ્કોન મંદિર



ઈસ્કોન મંદિરના ઘણા દરવાજા ચાંદીના બનેલા છે. દરવાજાઓ પર શંખ, ચક્ર અને ધ્વજની સુવર્ણ તસ્વીરો છે. આ મંદિરનું નિર્માણ ગ્લોરી ઓફ મહારાષ્ટ્ર યોજના હેઠળ કરવામાં આવ્યું છે. ઈસ્કોન મંદિરના સ્થાપક શ્રીલ પ્રભુપાદની ત્રણ પ્રતિમાઓ, ભારત અને વિદેશમાં તેમના અનુયાયીઓની પ્રતિમાઓ, તેમની છબીઓ અને તેમના શાસ્ત્રો સાથે એક સ્મારક બનાવવામાં આવ્યું છે. દુનિયાભરમાં લગભગ 800 ઈસ્કોન મંદિર છે, પરંતુ નવી મુંબઈમાં આ એકમાત્ર મંદિર હશે, જ્યાં ઈસ્કોનના સ્થાપક પ્રભુપાદજીનું સ્મારક બનાવવામાં આવ્યું છે.


## PM મોદી કરશે એશિયાના બીજા સૌથી મોટા ઈસ્કોન મંદિરનું ઉદ્ઘાટન



વડા પ્રધાન નરેન્દ્ર મોદી 15 જાન્યુઆરી, 2025 ના રોજ નવી મુંબઈના ખારઘરમાં સ્થિત શ્રી શ્રી રાધા મદનમોહન જી મંદિરનું ઉદ્ઘાટન કરશે. આ મંદિરનું નિર્માણ 12 વર્ષમાં 170 કરોડના ખર્ચે કરવામાં આવ્યું હતું અને તે એશિયાનું બીજું સૌથી મોટું ઈસ્કોન મંદિર માનવામાં આવે છે. આ મંદિર 9 એકરમાં ફેલાયેલું છે અને તેનો ઉદ્ઘાટન સમારોહ ભવ્ય હશે, જેમાં રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર પણ હાજર રહેશે.

## મહાકુંભ-2025 : દિવ્ય, ભવ્ય અને ડિજિટલ સ્વરૂપથી દુનિયાને 'નવા ભારત'ના દર્શન

## યોગી-મોદી વચ્ચે દોઢ કલાક બેઠક બાદ અનેક અટકળો, દિગ્ગજ નેતાને મોટો હોદ્દો આપવાની ભલામણ!



(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે દિલ્હીમાં દોઢ કલાક સુધી ચાલેલી બેઠકે રાજકીય ઉત્તેજના જગાવી છે. આ બેઠકમાં ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખની વરણી વિશે ચર્ચા થઈ હોવાનું કહેવાય છે. યોગીએ ભારપૂર્વક વસુંધરા રાજેને રાષ્ટ્રીય પ્રમુખ બનાવવા કહ્યું હોવાની પણ ચર્ચા ચાલી રહી છે. યોગી મોદીને અચાનક મળવા પહોંચ્યા હતા.ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ બે દિવસ સુધી પ્રયાગરાજમાં મહાકુંભની તૈયારીઓ પર નજર રાખ્યા પછી અચાનક શુક્રવાર ને 10 જાન્યુઆરી, 2025ની સાંજે દિલ્હી પહોંચ્યા હતા. સત્તાવાર રીતે યોગી વડાપ્રધાન મોદીને પ્રયાગરાજ કુંભ મેળામાં આવવાનું નિમંત્રણ આપવા આવ્યા હતા પણ માત્ર નિમંત્રણ આપવામાં દોઢ કલાક ના લાગે એ કોઈને પણ સમજાય એવી વાત છે. યોગી અને મોદી વચ્ચે સાંજે 4:45 થી 6:15 સુધી દોઢ કલાક લગી ચર્ચા ચાલી હતી. ભાજપે રાજ્યોમાં પ્રદેશ પ્રમુખો નિમવા માટે અને સંગઠનની ચૂંટણી કરાવવા તમામ રાજ્યોમાં ચૂંટણી અધિકારી નિમી દીધા છે પણ હજુ સુધી ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરાઈ નથી. યોગીએ આ અંગે પણ મોદી સાથે ચર્ચા કરી હોવાનું કહેવાય છે. મુખ્યમંત્રી યોગીએ 'X' પર પોસ્ટ કરતા લખ્યું કે, આજે નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શિષ્ટાચારના ભાગરૂપે મુલાકાત લીધી ભેટ આપી, મોદીના માર્ગદર્શન અને પ્રેરણાથી સનાતન ગર્વનું પ્રતીક મહાકુંભ-2025, પ્રયાગરાજ આજે પોતાના દિવ્ય, ભવ્ય અને ડિજિટલ સ્વરૂપથી દુનિયાને 'નવા ભારત'ના દર્શન કરાવી રહ્યો છે. આપનો કિંમતી સમય આપવા માટે હાર્દિક આભાર, પ્રધાનમંત્રી જી!' યોગીએ 30 ડિસેમ્બરે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ગૃહ મંત્રી અમિત શાહ સહિતનાને કુંભનું આમંત્રણ આપ્યું હતું.

# માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તને હોસ્પિટલ પહોંચાડશો તો મળશે 25000 રૂપિયાનું ઈનામ! ગડકરીનો પ્લાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

કેન્દ્ર સરકાર માર્ગ અકસ્માતમાં ઘાયલોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ પહોંચાડનારા સેવાભાવીઓને બિરાદવતા ઈનામની રકમ વધારી રૂ. 25000 કરવાની જાહેરાત કરી છે. હાલ આ સેવાભાવી લોકોને રૂ. 5000 ઈનામ પેટે આપે છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પુણેમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન આ અંગે જાહેરાત કરી હતી.નીતિન ગડકરીએ જણાવ્યું કે, 'માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને હોસ્પિટલ કે ટ્રોમા સેન્ટર પહોંચાડવા માટે મદદ કરનારાઓને સરકાર રૂ. 5000નું ઈનામ આપે છે. આ યોજના ઓક્ટોબર, 2021માં શરૂ કરવામાં આવી હતી. જેથી માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને મદદ કરવા લોકોને પ્રોત્સાહન મળે. અકસ્માતનો એક કલાક ઈજાગ્રસ્તો માટે ગોલ્ડન અવર ગણાય છે. જેમાં



પીડિતને હોસ્પિટલ પહોંચાડવામાં આવે તો તેની જીવિત રહેવાની સંભાવના વધી જાય છે. હવે અમે આ ઈનામની રકમ વધારી રૂ. 25000 કરવા જઈ રહ્યા છીએ. જેનો અમલ ટૂંકસમયમાં લાગુ કરાશે.'

**રિવોર્ડ સાથે સર્ટિફિકેટ |** વર્તમાન યોજના હેઠળ માર્ગ અકસ્માતમાં પીડિતોને હોસ્પિટલ પહોંચાડનારી વ્યક્તિને રિવોર્ડ રકમની સાથે સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે. આ રિવોર્ડ યોગ્ય વ્યક્તિને મળે તે માટે અનેક સ્તરે વેરિફિકેશન કરવામાં આવે છે. હાલ, સરકારે કેટલા લોકોને આ પ્રકારના ઈનામ આપ્યા છે, તેની સત્તાવાર જાહેરાત કરી નથી.

### કેશલેસ ટ્રીટમેન્ટ

થોડા સમય પહેલાં જ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કેશલેસ ટ્રીટમેન્ટ સ્કીમ જાહેર કરી હતી. જે હેઠળ માર્ગ દુર્ઘટના પીડિતોને સાત દિવસની અંદર સારવાર કરવા માટે રૂ. 1.5 લાખ સુધીની આર્થિક સહાય મળે છે. માર્ગ અકસ્માતની જાણ 24 કલાકની અંદર પોલીસને કરવામાં આવે તો ઈજાગ્રસ્તને કેશલેસ ટ્રીટમેન્ટનો લાભ મળી શકે છે.

### હિટ એન્ડ રન કેસમાં 2 લાખની સહાય

માર્ગ અકસ્માતમાં છેલ્લા એક વર્ષમાં 1.80 લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં હિટ એન્ડ રનના કિસ્સામાં સરકાર તરફથી મૃતકોના પરિવારજનોને રૂ.2 લાખની આર્થિક સહાય આપવાની પણ જાહેરાત કરી હતી. અકસ્માતમાં ઘટાડો કરવા સરકાર માર્ગ સુરક્ષાને પ્રાધાન્ય આપી રહી છે.

## રૂ. 7640 કરોડનો ટેક્સ ભરવા તૈયાર મહાઠગ સુકેશનો જેલમાંથી નાણામંત્રીને પત્ર

નવી દિલ્હી: દિલ્હીની તિહાડ જેલમાં કેદ મહાઠગ સુકેશ ચંદ્રશેખરે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સિતારમણને પત્ર લખ્યો છે અને પોતાની કરોડોની આવક પર ૭૬૪૦ કરોડ રૂપિયાનો ટેક્સ ચુકવવાની ઓફર કરી છે. સાથે જ વિદેશમાં તેના ક્યા સ્થળે ધંધા ચાલી રહ્યા છે તેની પણ વિગતો જાહેર કરી છે. જેલમાંથી છૂટવા માટે હવાતિયા મારી રહેલા સુકેશે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના વખાણ પણ કર્યા હતા. સાથે કહ્યું હતું કે મારી ઈચ્છાથી કાયદેસર કમાણી પર ટેક્સ ચુકવીને દેશના વિકાસમાં યોગદાન આપવા માગુ છું. સુકેશે વધુમાં ખુલાસો કર્યો છે કે તેનો વ્યવસાય અમેરિકા, સ્પેન, બ્રિટન, હોંગકોંગ અને દુબઈમાં છે. જેમાં એલએસ હોલ્ડિંગ્સ ઈન્ટરનેશનલ અને સ્પીડ ગેમિંગ કોર્પોરેશન કંપનીઓ પણ સામેલ છે. આ કંપનીઓ મુખ્યત્વે નવાદા અમેરિકા અને બ્રિટિશ વર્જિન દ્વીપ સમૂહમાં રજિસ્ટર્ડ છે. આ કંપનીઓ ઓનલાઈન-ઓફલાઈન ગેમિંગ, સટ્ટાબાજી જેવા વ્યવસાય સાથે જોડાયેલી છે.

## પૂર્વ ચેરમેન સ્વ.માણેકલાલ એમ.પટેલની 13મી પુણ્યતિથિએ કડી કેમ્પસના 1165 વિદ્યાર્થીઓને 2.5 કરોડની સ્કોલરશીપ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર દ્વારા પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ. એમ. પટેલની 13મી પુણ્યતિથિ નિમિત્તે કડી-ગાંધીનગરના 1165 વિદ્યાર્થીઓને 2.5 કરોડ રૂપિયાની સ્કોલરશીપ વિતરણ કાર્યક્રમ કડી મુકામે યોજાયો હતો. જેમાં સંસ્થાના દાતાઓ તથા ટ્રસ્ટ્રી મંડળના સભ્યોના હસ્તે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. વર્તમાન ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલની સ્મૃતિમાં 12 જાન્યુઆરી 2013 પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે "માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ સ્કોલરશીપ" તેમની સ્મૃતિમાં યોજવામાં આવે છે. સ્વ. માણેકલાલ સાહેબ સંસ્થાના મંત્ર 'કર ભલા હોગા ભલા'ના સાર્થક કરીને 'શિક્ષણ એ જ સાચી સેવા'ના સૂત્ર આપ્યું હતું. તેઓએ સર્વ વિદ્યાલય પરિવારને એક વટવૃક્ષ બનાવ્યું છે. પ્રેરણા સ્વરૂપે વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. આ સ્કોલરશીપને બે ભાગમાં વહેંચવામાં આવી છે. જેમાં મેરીટ આધારિત વિદ્યાર્થીઓને માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ સ્કોલરશીપ એનાયત કરવામાં આવે છે. જેની સંખ્યા આ વર્ષે 423 છે. જ્યારે આર્થિક રીતે જરૂરત મંદ વિદ્યાર્થીઓને "માણેકલાલ એમ. પટેલ મીન્સ સ્કોલરશીપ" આર્થિક સહાયરૂપે (ફી માફી) સ્કોલરશીપ એનાયત કરવામાં આવે છે જે વિદ્યાર્થીઓની સંખ્યા 742 છે. આમ કુલ 1165 વિદ્યાર્થીઓને રૂપિયા 2.5 કરોડની સ્કોલરશીપ સંસ્થાના દાતાઓના હસ્તે એનાયત કરવામાં આવી હતી. આ અવસરે દાતા ડૉ. વિઠ્ઠલભાઈ પટેલે જણાવ્યું હતું કે, વલ્લભભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે આ સ્કોલરશીપની પ્રથા શરૂ કરવા બદલ અભિનંદન. સાથે તેઓએ સમાજને દિશા નિર્દેશ કરતાં જણાવ્યું હતું કે, વ્યક્તિમાં રહેલી વિદ્વતાને સમાજે ખૂબ જ મહત્વ આપવું જોઈએ. વિદ્વાનો અમર છે.

## MPના CM મોહન યાદવે 11 ગામના નામ બદલ્યા

નવી દિલ્હી | નવા વર્ષની શરૂઆતમાં જ એટલે કે 5 જાન્યુઆરીએ મધ્યપ્રદેશમાં ત્રણ પંચાયતોના નામ બદલવામાં આવ્યા હતા. હવે ફરી 12 જાન્યુઆરીએ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ.મોહન યાદવે 11 ગામોના નામ બદલવાની જાહેરાત કરી છે. સીએમ મોહન યાદવએ કહ્યું કે, કારણ કે 'મોહમ્મદપુર મચ્છનાઈ'માં કોઈ મોહમ્મદ જ નથી તો આવું નામ શા માટે! ત્યાં કોઈ મુસ્લિમ ભાઈઓ હોય તો આ નામ રાખો, જો છે જ નહિ તો ધારાસભ્યના કહેવા પ્રમાણે નામ બદલીને 'મોહનપુર' કર્યું છે.'

## મુંબઈ-નાસિક હાઈવે પર બસમાંથી રૂપિયા 1.68 કરોડના ઘરેણા અને રોકડની થઈ ચોરી

મુંબઈ : મુંબઈ-નાસિક હાઈવે પર બસમાંથી રૂ. 1.68 કરોડ અને રૂ. 2 લાખની જ્વેલરીની ચોરી થઈ છે જેમાં ચાર અજાણ્યા ચોરોએ શનિવારે રાત્રે થાણેમાં મુંબઈ-નાસિક હાઈવે પર ઉમ્બરમાલી ગામ નજીક એક MSRTC બસમાંથી એક જ્વેલર્સની બેગની ચોરી કરી હતી. બેગમાં 1.68 કરોડ રૂપિયાના દાગીના અને 2 લાખ રૂપિયા રોકડા હતા. ચોરી કર્યા બાદ આરોપી કારમાં નાસી ગયો હતો. પોલીસે કેસ નોંધીને સીસીટીવી ફૂટેજની મદદથી તપાસ શરૂ કરી છે. મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં મુંબઈ-નાસિક હાઈવે પર એક મોટી ચોરીનો મામલો સામે આવ્યો છે. અજાણ્યા આરોપીઓએ બસમાં મુસાફરની બેગની ચોરી કરી હતી, જેમાં આશરે રૂ. 1.68 કરોડના દાગીના અને રૂ. 2 લાખ રોકડા હતા. આ ઘટના શનિવારે સવારે 1.30 વાગ્યે ઉમ્બરમાળી ગામ પાસે બની હતી. પોલીસનું કહેવું છે કે તપાસ ચાલી રહી છે અને ટૂંક સમયમાં જ ચોરોને પકડી લેવામાં આવશે. કસારા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સુરેશ ગાવિતના જણાવ્યા અનુસાર, ભાયંદર પૂર્વના રહેવાસી જ્વેલર કિરણ કુમાર પુરોહિત તેમની બિઝનેસ ટ્રીપ પરથી પરત ફરી રહ્યા હતા.

## ગેરકાયદે ધરપકડની ટિપ્પણી સાથે કોર્ટ આરોપીને છોડી રહી છે

નવી દિલ્હી | અંહી અદાલતમાં અનેક આદેશોમાં ગેરકાયદે ધરપકડની ટિપ્પણી સાથે આરોપીઓને છોડી મૂકવાના આદેશો કરાયા હતાં જે તપાસ એજન્સીઓ માટે નાલેશીજનક અને આંચકારૂપ છે. તપાસ પક્ષના વકીલોએ સંતુલિત દૃષ્ટિકોણની માંગ કરી છે જ્યારે બચાવ પક્ષના વકીલ માપદંડોનું પાલન કરવા પર ભાર આપે છે.તેમાના મોટાભાગના કિસ્સામાં ધરપકડો મગજનો ઉપયોગ કર્યા વગર કરવામાં આવી હતી તેમ બચાવપક્ષના એક વકીલે દાવો કર્યો હતો. જ્યારે તપાસ પક્ષના વકીલોએ પીડિતોના અધિકારો માટે લડાઈ લડી હતી. ડિસેમ્બર 2024માં કેન્દ્રીય તપાસ એજન્સીએ લાંચના એક કેસમાં બે આઈઆરએસ અધિકારીઓ સહિત છ લોકોની ધરપકડ કરી હતી. જો કે અંહીની એક ખાસ અદાલતે આ ધરપકડને ગેરકાયદે ગણાવીને આરોપીઓને સીબીઆઈની કસ્ટડીમાંથી છોડી મુક્યા હતાં.

## ભાજપ ઝૂંપડપટ્ટીના લોકોને ત્યાં જ મકાન બનાવી આપે તો હું ચૂંટણી નહીં લડું : કેજરીવાલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

કેજરીવાલે પડકાર ફેંક્યો છે કે જો ભાજપ ઝૂંપડપટ્ટીઓમાં રહેતા લોકો સામેના તમામ કેસો પરત લઈ લે અને કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી જણાવે કે ઝૂંપડપટ્ટીમાં રહેતા તમામ લોકોને તેમની જમીન પર જ મકાન બનાવી આપવામાં આવશે તો તે ચૂંટણી લડીશ નહીં. દિલ્હીમાં ઝૂપડપટ્ટીના મતદારો અંગે શાબ્દિક યુદ્ધ શરૂ થઈ ગયું છે. ઝૂપડપટ્ટીઓમાં ૨૦ લાખ મતદારો રહે છે. જેમને આમ આદમી પાર્ટીના મતદારો માનવામાં આવે છે. આ દરમિયાન આમ આદમી પાર્ટી (આપ)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે રવિવારે દાવો કર્યો હતો કે આગામી ચૂંટણીમાં જો ભાજપ સત્તામાં આવશે તો તે તમામ ઝૂપડપટ્ટીઓનો નાશ કરશે. પૂર્વ મુખ્યપ્રધાન કેજરીવાલે અહીં શકૂર બસ્તી વિસ્તારમાં એક પત્રકાર પરિષદમાં ભારતીય જનતા પાર્ટી પર ઝૂપડપટ્ટીઓમાં રહેતા લોકોના કલ્યાણને બદલ જમીન સંપાદનને પ્રાથમિકતા આપવાનો આરોપ મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં પાંચ ફેબ્રુઆરીએ વિધાનસભા ચૂંટણી થવાની છે અને ૮ ફેબ્રુઆરીએ મતગણતરી થશે.

## હરિયાણાના સીએમ સૈનીએ કુરુક્ષેત્ર યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે લોહરી ઉજવી

હરિયાણા : હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ સોમવારે થાનેસર સ્થિત કુરુક્ષેત્ર યુનિવર્સિટી ખાતે રાજ્યના બજેટ 2025-26 પહેલા પ્રી-બજેટ કન્સલ્ટેશન કાર્યક્રમમાં હાજરી આપી હતી. સીએમ સૈનીએ જણાવ્યું હતું કે રાજ્યના બજેટ પહેલા વિદ્યાર્થીઓ દ્વારા મળેલા સૂચનો 'ખૂબ સારા' છે અને બજેટમાં સૂચનોનો સમાવેશ કરવાની ખાતરી આપી હતી. હરિયાણાના મુખ્યમંત્રીએ મીડિયાકર્મીઓને જણાવ્યું, 'આજે અમે અમારા યુવાનો સાથે બેઠા અને પ્રી-બજેટ અંગે સૂચનો લીધા. બધા સૂચનો ખૂબ સારા છે, જેનો લાભ હરિયાણાના લોકોને મળશે, અમે અહીં આપેલા સૂચનોને પણ બજેટમાં સામેલ કરીશું.

## મહાકુંભમાં બે દિવસમાં 11 ભક્તોને હાર્ટએટેક, ડૉક્ટરે ઠંડીથી બચવા સાવચેતી રાખવા આપી સલાહ

પ્રયાગરાજ : પ્રયાગરાજમાં આજથી શરૂ થયેલા મહાકુંભ મેળામાં છેલ્લા બે દિવસમાં 11 શ્રદ્ધાળુઓને હાર્ટ અટેક આવ્યા હતા. જેમાં છ દર્દીઓને મેળામાં પરેડ મેદાન પર ઉપસ્થિત કેન્દ્રીય હોસ્પિટલમાં અને પાંચ દર્દીઓને સેક્ટર-20ની સબ સેન્ટર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કુલ 11માંથી નવ દર્દીઓ સાજા થઈ ચૂક્યા છે. જ્યારે બે દર્દીઓની સ્થિતિ ગંભીર બનતાં તેમને એસઆરએન હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.રવિવારે મેળામાં શરૂ કરેલા કેન્દ્રીય હોસ્પિટલની 10 બેડના આઈસીયુ વોર્ડ હાર્ટ અટેકના દર્દીઓથી ભરાઈ ગયું હતું. ડોક્ટર્સે હાર્ટ અટેક આવવા પાછળનું કારણ વરસાદ અને ઠંડી હોવાનું જણાવ્યું છે.


**પશ્ચિમ રેલવે**
**રિપ્લેસમેન્ટ કામ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008 આમંત્રિત કરે છે ટેન્ડર નોટિસ નંબર :- BCT/24-25/259, તારીખ :- 09-01-2025. કામ અને સ્થાન:- બિલિમોરા-વાઘાઈ વિભાગ:- લાકડાના સ્લીપરને ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ ચેનલ સ્લીપર્સ સાથે બદલીને તેની ફીટીંગ્સ સાથે બિલિમોરા-વાઘાઈ (NG) - લાકડાના સ્લીપરના TBSR અને ટ્રેકમેન માટે ટૂલ રૂમ કમ રેસ્ટ રૂમ. કાર્યનું અંદાજીત ખર્ચ :- રૂ. 3,31,30,897.97/-. ઈએમડી :- રૂ. 3,15,700/-. સબમિશન કરવાની તારીખ અને સમય :- 07-02-2025 એ 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય :- 07-02-2025 એ 15:30 વાગ્યે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0955

facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**
**એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ**

**નંબર WR-ADIOCOMM(6TCH)/2/2022 (257469) તારીખ:-12-01-2025. (1).** વર્ણન: અનુસૂચિ 1 અને 2 હેઠળ ADI વિભાગ પર ગતિ શક્તિ મલ્ટિ-મોડલ કાર્ગો ટર્મિનલ (GCT) ના વિકાસ માટે રસ ધરાવનાર રોકાણકાર તરફથી રસની અભિવ્યક્તિ. **(2).** અનુસૂચિત-1 (EOI દસ્તાવેજમાં પરિશિષ્ટ-A તરીકે જોડાયેલ) હેઠળ ઉપલબ્ધ સ્થાન: 1. ડાંગરવા (DNW), 2. આદરજ મોટી (AJM), 3. સોનાસન (SNSN), 4. કાંસા (KASA), 5. શિહોરી (SIHI), 6. વરેઠા (VTDI), 7. ઊંઝા (UJA), 8. ખાકરેચી (KHXB), 9. અંજાર (AJE), 10. લાકડિયા (LKZ), 11. જોટાણા 12. છારોડી (CE), 13. દેત્રોજ (DTJ), 14. ઉમરદશી (UM), 15. દહેગામ. **(3).** અનુસૂચિત-2 હેઠળ ઉપલબ્ધ સ્થાન (EOI દસ્તાવેજમાં જોડાણ-B તરીકે જોડાયેલ): 1. વટવા (VTA), 2. ડાંગરવા (DNW), 3. આદરજ મોટી (AJM), 4. સોનાસન (SNSN), 5. કાંસા (KASA), 6. શિહોરી (SIHI), 7. વરેઠા (VTDI), 8. ઊંઝા (UJA), 9. ખાકરેચી (KHXB), 10. શિરવા (SRVA), 11. અંજાર (AJE), 12. લાકડિયા (LKZ), 13. વિરમગામ (VG), 14. દેત્રોજ (DTJ) **(4).** EoI દસ્તાવેજ અહીં ઉપલબ્ધ છે: પશ્ચિમ રેલવેની સાઇટ https://wr.indianrailways.gov.in/index.jsp?lang=0 **(5).** દસ્તાવેજ પશ્ચિમ રેલવેની સાઇટ પર અપલોડ કરવામાં આવશે: 13-01-2025. **(6).** EoI સબમિટ કરવાની છેલ્લી તારીખ: 10-02-2025 15:00 કલાકે. **(7).** દરખાસ્તો અને પ્રશ્નો સબમિટ કરવા માટેની ઓફિસની વિગતો: સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ-ડિવિઝન, વેસ્ટર્ન રેલ્વે, ડીઆરએમ ઓફિસ બિલ્ડિંગ, ચામુંડા માતા મંદિર પાસે, અમદુપુરા, પો.: સહિજપુરા-બોઘા, અમદાવાદ - 382345 ટેલિફોન/ફેક્સ નંબર 079-2220-1990, મેઇલ આઈડી. srdcm@adi.railnet.gov.in 294

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**
**ટેન્ડર દસ્તાવેજ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલ્વે નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: **ઈ-ટેન્ડર નંબર: BVPW-2024-25-Bogie-30. કામનું નામ:-** કામના અવકાશ મુજબ 02 વર્ષ માટે BVP વર્કશોપમાં બોગીઝને તોડવી, રિપેરિંગ, મેન્યુઅલ ક્લિનિંગ અને પેઇન્ટિંગ. **કામની અંદાજિત કિંમત:** ₹ 1,33,71,225.60/- **બિડ સિક્યોરિટી:** ₹ 2,16,900/- **ટેન્ડર દસ્તાવેજ ફી:** ₹ 0.00/- **ટેન્ડર ઓફરની વેલિડિટી:** 60 દિવસ. **કાર્ય પૂર્ણ કરવાની અવધિ:** LOA જારી થયાની તારીખથી 24 મહિના. **ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 27/01/2025, 10:30 કલાક. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 27/01/2025, 11:00 કલાક; **ઈસ્યુ કરનાર:** ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર - 364003 પશ્ચિમ રેલવે. **મહત્વપૂર્ણ નોંધ:** https://www.ireps.gov.in પર ટેન્ડર માત્ર ઈલેક્ટ્રોનિકલી સબમિટ કરવામાં આવશે અને આ ઈ-ટેન્ડર સામે કોઈ મેન્યુઅલ ઑફર્સને મંજૂરી આપવામાં આવશે નહીં, અને આ ઑફિસમાં મળેલી આવી કોઈપણ મેન્યુઅલ ઑફરને અવગણવામાં આવશે અને ખોલવામાં આવશે નહીં. 176

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**Punjab & Sind Bank**
(A Govt. of India Undertaking)
*Where service is a way of life*

ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, જીઆઈએફટી ટાવર વન ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯

બેંક બે બિડ સિસ્ટમ હેઠળ, જગ્યા માટે, ગ્રાઉન્ડ ફ્લોર, બ્રાન્ચ રીડ રોડ ઑફિસ માટે ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝના ધોરણે ઑફર્સ આમંત્રિત કરે છે.

| ક્રમ | ગામો, શહેરો વિગેરેનું નામ | કાર્પેટ એરીયા (ચો.ફૂટમાં) |
|---|---|---|
| ૧ | રીડ રોડ અને આશ્રમ રોડ, અમદાવાદ | ૨૦૦૦ |

**બિડસ જમા કરવાની તા. ૨૨-૦૧-૨૦૨૫ના રોજ અથવા તે પહેલા.**
વિગતો માટે અમારી વેબસાઇટની મુલાકાત લો www.punjabandsindbank.co.in
ઝોનલ મેનેજર

**Punjab & Sind Bank**
(A Govt. of India Undertaking)
*Where service is a way of life*

ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, જીઆઈએફટી ટાવર વન ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯

**પરિશિષ્ટ-૧**

બેંક બે બિડ સિસ્ટમ હેઠળ, જગ્યા માટે, ગ્રાઉન્ડ ફ્લોર, બ્રાન્ચ ઑફિસ માટે ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝના ધોરણે ઑફર્સ આમંત્રિત કરે છે.

| ક્રમ | ગામો, શહેરો વિગેરેનું નામ | કાર્પેટ એરીયા (ચો.ફૂટમાં) |
|---|---|---|
| ૧ | જુનાગઢ (ઝાંઝરડા રોડ), જિલ્લો-જુનાગઢ | ૧૦૦૦-૧૨૦૦ |
| ૨ | પોરબંદર (એમ જી રોડ અને સ્ટેશન રોડ), જિલ્લો-પોરબંદર | ૧૦૦૦-૧૨૦૦ |
| ૩ | નવસારી, જિલ્લો-નવસારી | ૧૦૦૦-૧૨૦૦ |
| ૪ | વ્યારા, જિલ્લો - તાપી | ૧૦૦૦-૧૨૦૦ |

**અમારી તા. ૨૩-૧૨-૨૦૨૪ની જાહેરાતના સંદર્ભમાં બિડ જમા કરવાની અંતિમ તા. ૨૩-૦૧-૨૦૨૫ના રોજ સાંજે ૦૫-૦૦ વાગ્યા સુધી લંબાવવામાં આવી છે.**
વિગતો માટે અમારી વેબસાઇટની મુલાકાત લો www.punjabandsindbank.co.in
ઝોનલ મેનેજર

**ભારત સરકાર, અવકાશ વિભાગ, સ્પેસ એપ્લીકેશન સેન્ટર (એસએસી)**
**બાંધકામ અને જાળવણી જૂથ (સીએમજી), ઈલેક્ટ્રિકલ અને ફાયર એલાર્મ સિસ્ટમ વિભાગ, જોધપુર ટેકરા, આંબાવાડી વિસ્તાર પોસ્ટ ઓફિસ.અમદાવાદ -380015**
**ફોન નંબર : (079) 26914911/12/31/01 , ફેક્સ નં. : (079) 26915800.**

શુદ્ધિપત્ર નંબર: 1, તા. 13.01.2025

કાર્યોની વિગતો :
1. નામ: SAC કેમ્પસ, અમદાવાદ ખાતે RSA, MRS, CSL, RISAT અને ટીવી સ્ટુડિયો સબસ્ટેશન માટે તમામ એક્સેસરીઝના સપ્લાય સહિત ટ્રાન્સફોર્મરની સર્વિસિંગ અને રિપેરિંગ - ઈલેક્ટ્રિકલ વર્ક્સ, ઈ-ટેન્ડર નોટિસ નંબર: SAC/CMG/EFASD/M /20/2024-25., તારીખ: 29.11.2024, અંદાજિત રકમ : રૂ. 8.58 લાખ, પૂર્ણતાનો સમયગાળો: 12 મહિના, EMD: રૂ. 17,160/-
2. નામ: એસએસી સબસ્ટેશનના એલટી એસીબી અને એચટી વીસીબીનું ઓવરહોલિંગ, આરએસએ, એમઆરએસ ખાતે સ્પેર અને સંબંધિત કામો સહિત સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ , CSL , RISAT અને SAC કેમ્પસ, અમદાવાદમાં ટીવી સ્ટુડિયો સબસ્ટેશન - ઈલેક્ટ્રિકલ વર્ક્સ, ઈ-ટેન્ડર નોટિસ નંબર: SAC/CMG/EFASD/M/22/2024 -25 તારીખ:- 29.11.2024, અંદાજિત રકમ: રૂ.46.43 લાખ, પૂર્ણતાનો સમયગાળો: 12 મહિના, EMD: રૂ.92,860 /-.
વેચાણના સમયગાળાની બિડની સ્પષ્ટતાની તારીખ, ટેન્ડરો મેળવવાની છેલ્લી તારીખ અને ટેન્ડરો ખોલવાની નિયત તારીખ નીચે પ્રમાણે સંશોધિત કરવામાં આવી છે:

| અ. નં. | વર્ણન | NIT મુજબ તારીખો. | તારીખ આ સુધારેલ ક્રમાંક: 1 મુજબ સુધારેલ છે |
|---|---|---|---|
| 1 | જે સમયગાળા દરમિયાન ટેન્ડર દસ્તાવેજ ડાઉનલોડ કરી શકાય છે. | 18.12.2024 થી 10:00 કલાકથી 27.12.2024 સુધી 17:00 કલાક સુધી. | 18-12-2024 એ14:00 કલાક થી 23-01-2025 એ 17:00 કલાક સુધી |
| 2 | બિડની સ્પષ્ટતાઓ. | 18.12.2024 થી 10:00 કલાકથી 27.12.2024 સુધી 17:00 કલાક સુધી. | 18-12-2024 એ14:00 કલાક થી 24-01-2025 એ 17:00 કલાક સુધી |
| 3 | ટેન્ડરો અપલોડ કરવાની છેલ્લી તારીખ અને સમય. | 31-12-2024 એ 17:00 કલાક સુધી | 27.01.2025 17:00 કલાક સુધી. |
| 4 | ટેન્ડરો ખોલવાની નિયત તારીખ અને સમય | 03.01.2025 11:00 કલાકે (તકનીકી અને વ્યાપારી બિડ) | 29.01.2025 11:00 કલાકે (તકનીકી અને વ્યાપારી બિડ). |

ઉપરોક્ત NIT માં નિર્ધારિત અન્ય તમામ શરતો અપરિવર્તિત રહેશે.
ગ્રુપ હેડ, સીએમજી/ સેક

### ઉત્તરાયણ ભલે ઊજવો, આ નંબર નોંધી રાખજો

અમદાવાદ | રાજ્યમાં ઉત્તરાયણના પર્વ પર મોટી સંખ્યામાં અકસ્માત અને આગના બનાવો બનતા હોય છે. આવા સમયે લોકો હોય કે અબોલ જીવ હોય, તેમને તાત્કાલિક સારવાર મળી રહે એ માટે રાજ્યમાં 108, ફાયર, કરુણા હેલ્પલાઈન સહિત વિવિધ NGOની ટીમ ખડેપગે રહેશે. ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે સૌથી વધુ ઈમર્જન્સીના કેસો અમદાવાદ, સુરત, રાજકોટ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, અરવલ્લી, નવસારી અને પંચમહાલ જેવાં શહેરોમાં નોંધાતા હોય છે, જેથી આ શહેરોના નાગરિકોએ તહેવાર દરમિયાન સાવચેત રહેવાની જરૂર છે.

સિટી એક્સપ્રેસ
TUESDAY 14 JANUARY-2025
AHMEDABAD

### સળગતી ટ્રક 10 કિમી ચલાવતો રહ્યો ડ્રાઈવર, અંતે પલટી મારી

ગોંડલ | ગોંડલ-જામકંડોરણા રોડ પર ગંભીર અકસ્માત સર્જાયો છે, જ્યાં મરચાં ભરેલી ટ્રકમાં ભીષણ આગ લાગી હતી. આગની જાણ થતાં ડ્રાઈવરે ટ્રકને 10 કિમી સુધી હંકારી હતી, જો કે અંતે ટ્રક પલટી મારી ગઈ હતી. હડમતાળા ગામ નજીક બનેલી આ ઘટનામાં રાજસ્થાનના વેપારીની માલિકીની ટ્રકમાં 158 ભારી મરચાં હતા, જે અન્ય રાજ્યમાં વેચાણ માટે લઈ જવાતા હતા. જે વીજતાર અડવાથી લાગેલી આગમાં બળીને ખાખ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ગોંડલ નગરપાલિકા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો.



#### હવામાન વિભાગે પવન અને ઠંડીને લઈને આગાહી કરી

## પતંગ રસિકો માટે ખુશીના સમાચાર, ઉત્તરાયણમાં રહેશે સારો પવન, રાજ્યભરમાં ઠંડીનું પણ રહેશે જોર



### પતંગ રસિકો હર્ષોલ્લાસ સાથે ઉત્તરાયણની મોજ માણી શકશે

રાજ્યભરમાં વહેલી સવારથી ઠંડા પવનની લહેર વર્તાય રહી છે, ત્યારે આવતીકાલે મંગળવારે ઉત્તરાયણમાં પણ સારો એવો પવન રહેવાથી પતંગ રસિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે ઠંડી અને પવનને આગાહી કરી છે કે, રાજ્યમાં ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશામાં તરફથી આવતા પવનની અસર થશે. જેને લઈને પતંગ રસિકો હર્ષોલ્લાસ સાથે ઉત્તરાયણની મોજ માણી શકશે.

(એજન્સી) અમદાવાદ | તા. 13

ગુજરાતભરમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે, ત્યારે આવતીકાલે મંગળવારે ઉત્તરાયણના તહેવારને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે પવન અને ઠંડીને લઈને આગાહી કરી છે. જેમાં રાજ્યમાં ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશામાં તરફ 15 થી 20 કિ.મી. પ્રતિ કલાકની પવનની ગતિ રહેશે. જ્યારે આગામી બે દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં વધારાને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ગુજરાતમાં ઉત્તરાયણ સહિતના આગામી બે દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં 2-3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાથી ઠંડીમાં રાહત થશે. આ પછી 2-3 ડિગ્રી સે. તાપમાનમાં ઘટાડો થવાથી ફરી ઠંડીનું જોર વધશે. જ્યારે આગામી 19 જાન્યુઆરી સુધી રાજ્યભરમાં શુષ્ક હવામાનની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ગુજરાતમાં છેલ્લા 24 કલાકમાં સૌથી લઘુતમ તાપમાન 8.8 ડિગ્રી નલિયામાં નોંધાયું. જ્યારે વડોદરામાં 13.2 ડિગ્રી, અમદાવાદમાં 12.4 ડિગ્રીતાપમાન નોંધાયું.

#### બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ

## કૃષ્ણનગરમાં વૃદ્ધે 8 વર્ષની માસુમ સાથે કર્યા અડપલા

અમદાવાદ : અમદાવાદના પૂર્વ વિસ્તારમાં માસુમ બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગરીબ પરિવારની દીકરી ઘર પાસે રમી રહી હતી, ત્યારે નજીકમાં રહેતા એક વૃદ્ધ તેને કોઈ વસ્તુ આપવાની લાલચ આપી દુષ્કર્મ આચારવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર મામલો સામે આવ્યા બાદ આ સંદર્ભે કૃષ્ણનગર પોલીસે પોક્સો કલમ હેઠળ ગુનો નોંધીને આરોપીને પકડવા માટે પ્રયાસો શરૂ કર્યા છે. બાળકની માતાને જાણ થતાં પોલીને જાણ કરી પોલીસ સૂત્ર પાસેથી મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ શહેરમાં ફરી એક વખત માસુમ બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ થયો હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. આઠ વર્ષની બાળકી તેના ઘર પાસે રમી રહી હતી, તે સમયે નજીકમાં રહેતા એક વૃદ્ધે કોઈ વસ્તુ આપવાની લાલચ આપીને પોતાની પાસે બોલાવી તેની સાથે દુષ્કર્મ આચારવાનો પ્રયાસ કર્યો હતો. બાળકી ખૂબ ગભરાઈ ગઈ હતી અને બૂમો પાડવા લાગ્યા બાદ તે બહાર ભાગી હતી. ત્યારે સમગ્ર બાળકીને માતાને ખબર પડતા બાળકીની માતાએ પોલીસને જાણ કરી હતી. પોલીસે આરોપીને ઝડપવા ટીમો બનાવી આ બનાવ બાદ પોલીસ દ્વારા આરોપી સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

#### અમદાવાદ નજીક હિટ એન્ડ રનની ઘટના

## પૂરપાટ ઝડપે થાર કાર ચાલકની અડફેટે આવી જતાં ફૂડ ડિલિવરી બોયનું મોત

(એજન્સી) અમદાવાદ | તા. 13



અમદાવાદમાં હિટ એન્ડ રન અને અકસ્માતના કેસ સતત વધતા જઈ રહ્યા છે ત્યારે તાજેતરમાં વધુ એક ઘટના શેલામાં બની હોવાની માહિતી છે. અહીં એક પૂરપાટ ઝડપે થાર કાર ચાલકની અડફેટે આવી જતાં એક ફૂડ ડિલિવરી બોયનું મોત નિપજ્યું હતું. આ કારચાલકે એટલી ભયાનક ટક્કર મારી હતી કે વાહનચાલક ફંગોળાઈને દૂર પટકાયો હતો, જેના કારણે તેને ગંભીર ઈજાઓ થતાં મૃત્યુ પામ્યો હતો. આ મૃતકની ઓળખ સફ્ફાન બ્યાવરવાલા તરીકે થઈ હતી. ઉલ્લેખનીય છે કે હિટ એન્ડ રન અંગે નવો કાયદો અમલી બનાવાયો છે. તે અંતર્ગત રસ્તા પર હિટ એન્ડ રનની ઘટના બને તો વાહનચાલકને 10 વર્ષ સુધીની સજા તેમજ દંડની જોગવાઈ છે. જો કે આ કાયદો ત્યારે જ લાગુ પડશે જ્યારે આરોપી વાહનચાલક તંત્ર કે પોલીસને જાણ કર્યા વિના ઘટનાસ્થળેથી અકસ્માત સર્જીને નાસી જાય.

### પીડિતના પરિવારનો આક્ષેપ

આ ઘટનાની જાણ થતાં જ પીડિત યુવકના પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે GJ01WS1791 નંબરની કારે અમારા પુત્રના વાહનને ટક્કર મારી હતી. જો કે તેમના આ દાવાની પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસે ઘટનાસ્થળની આજુબાજુના સીસીટીવી કેમેરા ફંફોળવાની તપાસ પણ શરૂ કરી છે.

#### સુરતમાં ધરણાં પહેલાં કરાઇ હતી અટકાયત

## પરેશ ધાનાણી સહિત 50 કાર્યકરો જામીન પર મુક્ત



(એજન્સી) અમરેલી | તા. 13

સૌરાષ્ટ્રના અમરેલીમાં ભાજપની આંતરિક જૂથબંધીનો ભોગ બનેલી પાટીદાર યુવતીના મુદ્દે સુરત સહિત ગુજરાતમાં પડઘા પડી રહ્યાં છે. ત્યારે આજે સોમવારે (13 જાન્યુઆરી) સુરતના વરાછાના માનગઢ ચોકમાં ધરણાનું પર બેસે તે પહેલાં જ પરેશ ધાનાણી, પ્રતાપ દૂધાત સહિત 50 જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવ્યા બાદ સાંજે 5:00 વાગ્યાની આસપાસ જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા.

### આજે સુરતમાં હતો ધરણાનો કાર્યક્રમ

સુરતના વરાછા વિસ્તારમાં આવેલા માનગઢ ચોક ખાતે પરેશ ધાનાણીએ ધરણાંનો કાર્યક્રમ રાખ્યો હતો. જોકે વરાછાના માનગઢ ચોકમાં પરેશ ધાનાણી સહિતના કોંગ્રેસ કાર્યકરો ધરણા પ્રદર્શનનો કાર્યક્રમ યોજે તે પહેલાં અટકાયત કરી લેવામાં આવી હતી અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ધરણા પ્રદર્શનના કાર્યક્રમ માટે પોલીસ દ્વારા પરમિશન આપવામાં આવી ન હોવાથી પોલીસે પરેશ ધાનાણી, પ્રભાત દુધાત સહિતના 50થી વધુ કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરી છે.

### પોલીસ ધરણાંની પરવાનગી નહી આપે તો અમે પોલીસ સ્ટેશનમાં જ ધરણાં કરીશું

પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે 'અમરેલીમાં પાટીદાર સાથે જે બન્યું છે, તેને ન્યાય અપાવવા માટે લડત લડી રહ્યા છે. અમે માનગઢ ચોક ખાતે ધરણાં પ્રદર્શન માટે પરવાનગી માંગી હતી, પરંતુ પોલીસે પરવાનગી આપી ન હતી.' 'ખરેખર આ પ્રકારના ધરણાં પ્રદર્શન માટે પરવાનગી લેવાની જરૂર હોતી નથી. અમે પાટીદાર દીકરીને ન્યાય અપાવવા માટે શાંતિની ધરણાં કરવાના હતા. હાલ અહીં પોલીસ ગોઠવી દેવામાં આવી છે. જો અમને પરવાનગી આપવામાં નહી આવે તો અમે વરાછા પોલીસ સ્ટેશનમાં જ ધરણાં શરૂ કરી દઈશું.'

#### સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના PT શિક્ષકે વિદ્યાર્થિનીઓને બીભત્સ મેસેજ કર્યા હતા

## આરોપીની 9 મિલકતો ટાંચમાં લેવા કોર્ટનો આદેશ


(એજન્સી) અમદાવાદ | તા. 13

વર્ષ 2022માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના PT શિક્ષક રવિરાજસિંહ ચૌહાણ ઉપર શાળાની 13થી 14 વર્ષની ચાર વિદ્યાર્થિનીને ઈન્સ્ટાગ્રામ ઉપર મેસેજ કરીને જાતીય સતામણી કરવાના અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. જે કેસમાં ચાર્જશીટ અને ચાર્જફ્રેમ થઈ ચૂક્યા છે. જોકે, આરોપી ટ્રાયલ દરમિયાન એક પત્ર લખીને ભાગી ગયો હતો. જેની સામે કોર્ટે નોનબેલેબલ વોરંટ પણ જાહેર કર્યું છે. આરોપીની મિલકત ટાંચમાં લેવાના આદશે આરોપીએ અગાઉ પત્રમાં પોતાની સામે ખોટો કેસ કરાયો હોવાનો અને તેની પત્ની ઉપર પણ આક્ષેપો કર્યા હતા. જોકે, અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે આવેલી પોક્સોની વિશેષ અદાલતમાં



પેન્ડિંગ આ કેસમાં કોર્ટે મહત્વનો હુકમ કર્યો હતો. જે મુજબ આરોપી આ કેસમાં હાજર ન થતા તેની મિલકત ટાંચમાં લઈને વેચાણ કરવાની કાર્યવાહી કોર્ટે હાથ ધરી છે. કોર્ટે નોંધ્યું છે કે, આરોપીનું ઈન્સ્ટાગ્રામ ID સક્રિય છે અને તેના નામે આઠથી વધુ મિલકતો આવેલી છે. હજી સુધી ધોળકા કોર્ટનો કોઈ ચુકાદો આવ્યો નથી આરોપીની પત્નીએ જાહેરાત આપીને આરોપીની નવ મિલકતો ઉપર તેની સગીર દીકરીનો દાવો હોવાનો કેસ ધોળકાની કોર્ટમાં કર્યો છે. પરંતુ કોર્ટે નોંધ્યું છે કે, મિલકતોમાં આરોપીનો પણ ભાગ છે. હજી સુધી ધોળકાની કોર્ટનો કોઈ ચુકાદો આવ્યો નથી. જેથી આરોપીની નવ મિલકતોને પોલીસ ટાંચમાં લે. જો આગળ આરોપી કોર્ટ કાર્યવાહીમાં ઉપસ્થિત ના થાય તો તેની મિલકતોની હરાજી કરીને તેની રકમ કોર્ટમાં જમા કરાવામાં આવે.

## મુખ્યમંત્રીએ રાજ્યના વન વિભાગ દ્વારા તૈયાર કરાયેલી 'સ્નેક રેસ્ક્યુ એપ' લૉન્ચ કરી



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ | CM ભૂપેન્દ્ર પટેલની 'કરુણા અભિયાન - ૨૦૨૫' અંતર્ગત અમદાવાદના બોડકદેવમાં આવેલા વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરની મુલાકાત દરમિયાન તેમણે 'સ્નેક રેસ્ક્યુ એપ' લૉન્ચ કરી હતી. આ એપની ખાસિયત એ છે કે, ક્યાંય પણ સાપ દેખાય તો તમે આ એપના માધ્યમથી વનવિભાગને જાણ કરી શકો છો. હાલ પાઈલોટ પ્રોજેક્ટના ભાગરૂપે આ 'સ્નેક રેસ્ક્યુ એપ' અમદાવાદ જિલ્લા પૂરતી કાર્યરત કરવામાં આવી છે. તબક્કાવાર આ એપ રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ કાર્યરત કરવામાં આવશે. રાજ્યના વનવિભાગ દ્વારા રાજ્યના કોઈ પણ જિલ્લા કે તાલુકામાં સાપ દેખાય તો સાપને રેસ્ક્યૂ કરવામાં આવતા હોય છે અને અત્યાર સુધી વન વિભાગની સાપ રેસ્ક્યૂ ટીમે ખૂબ સારી રીતે કામગીરી છે. હવે કામગીરી એકદમ સરળ બને એ માટે આજે બોડકદેવમાં આવેલા વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર ખાતે CMના હસ્તે 'સ્નેક રેસ્ક્યુ એપ' લૉન્ચ કરવામાં આવી છે. આ એપના માધ્યમથી કોઈપણ નાગરિક સાપને લઈને જાણ કરશે અથવા વન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલો વોટ્સએપ નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ અને ૧૯૨૬ હેલ્પલાઈન નંબર પર 'Hi' મેસેજ કરવાથી એક લિંક મળશે. ત્યારબાદ જે - તે સ્થળે સ્નેક રેસ્ક્યૂ ટીમ પહોંચીને સાપને રેસ્ક્યૂ કરશે અને સાપને અનુકુળ કુદરતી વાતાવરણમાં છોડવામાં આવશે.

#### 4 દિવસમાં પ્રતિબંધિત દોરી રાખનાર ઉપર 609 FIR

## 13થી 15 જાન્યુઆરી સુધી પોલીસનું ચેકિંગ

અમદાવાદ | તા.13

ગુજરાતમાં ઉત્તરાયણના તહેવારમાં અને તે પહેલાં જ પતંગ ઉડાડવાનું શરૂ થઈ જાય છે, ત્યારે ચાઈનીઝ દોરી અને ગ્લાસ કોટેડ માંજાથી અનેક લોકો ઘાયલ થતા હોય છે, તેમજ મૃત્યુ પામતા હોય છે. માણસો જ નહીં પરંતુ પ્રાણીઓ અને પક્ષીઓ પણ ઈજાગ્રસ્ત થતા હોય છે. વર્ષ 2016માં ગુજરાત હાઈકોર્ટમાં ચાઈનીઝ દોરી, નાયલોન દોરી, સિન્થેટિક દોરી અને ગ્લાસ કોટેડ કોટન દોરી અને આગ માટે જવાબદાર ચાઈનીઝ તુક્કલ પર પ્રતિબંધની માંગ સાથે જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી.



### પ્રતિબંધિત દોરી રાખનાર ઉપર 609 FIR

કોર્ટના નિર્દેશ મુજબ પોલીસની કામગીરી અંતર્ગત 9થી 12 જાન્યુઆરી સુધીના ચાર દિવસમાં પ્રતિબંધિત દોરીના 50 સંગ્રાહકો અને 404 વેચાણકર્તા વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. કુલ 609 FIR અને 612 લોકોની અટકાયત કરવામાં આવી છે.

#### રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ૪૭૦૦૦થી વધુ રજૂઆતોનું સુખદ નિવારણ, ગ્રાહકોની ફરિયાદ નિવારણ અર્થે રાજ્યમાં ગ્રાહક હેલ્પલાઈન નંબર 1800 2330 222 કાર્યરત

## ગ્રાહક સુરક્ષા માટે સરકાર પ્રતિબદ્ધ

વિજયવીર યાદવ | રાજ્યના કોઈપણ નાગરિક સાથે છેતરપીંડી ના થાય તેની ચિંતા રાજ્ય સરકારે હરહમેંશ કરી છે. નાગરિકોમાં ગ્રાહક સુરક્ષાની જાગૃતિ કેળવાય તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના નેતૃત્વમાં રાજ્ય સરકારે બહુઆયામી પ્રયાસ હાથ ધર્યા છે. રાજ્યમાં ગ્રાહકોની ફરિયાદ નિવારણ અર્થે રાજ્ય સરકાર દ્વારા ગ્રાહક હેલ્પલાઈન નંબર 18002330222 કાર્યરત છે. જેમાં ગ્રાહકોને પોતાની ફરિયાદો નોંધાવી શકે છે. જે અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં આ નંબર પરથી મળેલ ૪૭ હજારથી વધુ રજૂઆતોનું સુખદ નિવારણ કરાયું છે. હાલ રાજ્યભરમાં અંદાજે ૫૩ જેટલા ગ્રાહક સુરક્ષા મંડળો કાર્યરત છે. આ મંડળીઓ દ્વારા ગ્રાહકોને જાગૃત્ત કરવા છેલ્લા ત્રણ વર્ષમાં ૫૪૪ શિબિર-વર્કશોપ, ૪૬૮ સેમિનાર, પરિસંવાદ, વેબિનાર તેમજ ૪૯૮ ગ્રામ શેરીસભા યોજવવામાં આવી છે. જ્યારે ૪.૨૪ લાખથી વધુ ગ્રાહક જાગૃતિની પત્રિકા અને ૧.૫૩ લાખથી વધુ પાક્ષિક- માસિક પ્રસિદ્ધ કરી ગ્રાહકોમાં જાગૃતિ કેળવવાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું છે.

## અંબાજી અને નડિયાદના સંતરામ મંદિરમાં પોષી પૂનમની ભવ્ય ઉજવણી

### શ્રદ્ધાળુઓનું ઘોડાપુર, મંદિરમાં ભવ્ય ઉજવણી જોવા મળી

(એજન્સી) પાલનપુર | તા.13

પાલનપુર આજે પોષી પૂનમ નિમિત્તે અંબાજી તેમજ નડિયાદના સંતરામ મંદિરમાં ભવ્ય ઉજવણી જોવા મળી. સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે રવિવારે સાંજે શ્રી શંભુ પંચ દશનામ આહ્વાન અખાડા ભૈરવ ધૂની દ્વારા આયોજિત ત્રિ-દિવસીય શાહી સ્નાનના કાર્યક્રમનો પ્રારંભ થયો છે. આ મહા ઉત્સવમાં સહભાગી થવા મોટી સંખ્યામાં નાગા બાબા, સાધ સંતો, મહંતોએ અંબાજી તીર્થધામમાં આવી પહોંચ્યા હતા. તો નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરમાં પણ ભવ્ય ઉજવણી જોવા મળી છે. સંતરામ મંદિરમાં પોષી પૂનમને બોર પૂનમ તરીકે ઓળખવામાં આવે છે. જો બાળક બોલતું ના હોય તો સંતરામ મંદિરે બોર ઉછાળવાની બાધા રાખવાથી બાળકો બોલતું થાય છે. જેમાં ભક્તોની મનોકામના પૂર્ણ થતાં વહેલી સવારથી જ મંદિરમાં ભકતોની ભીડ જોવા મળી છે. સુપ્રસિદ્ધ અંબાજી નજીક કોટેશ્વર તીર્થસ્થાને અસ્ખલિત ગુપ્ત સરસ્વતીના ગૌમુખ કુંડમાં મકર સંક્રાંતિના શાહી સ્નાનનો કાર્યક્રમ યોજાયો છે.



### ત્રિ-દિવસીય ધાર્મિક ઉત્સવનો પ્રારંભ કરાયો

સુપ્રસિદ્ધ અંબાજી નજીક કોટેશ્વર તીર્થસ્થાને અસ્ખલિત ગુપ્ત સરસ્વતીના ગૌમુખ કુંડમાં મકર સંક્રાંતિના શાહી સ્નાનનો કાર્યક્રમ યોજાયો છે. જ્યાં ગઈ કાલે રવિવાર સાંજે શ્રી શંભુ પંચ દશનામ અખાડા ભૈરવ ધૂની માનસરોવર અંબાજી આયોજિત ત્રિ-દિવસીય ધાર્મિક ઉત્સવનો પ્રારંભ કરાયો હતો. મહંત વિજયગિરી મહારાજના જણાવ્યા પ્રમાણે માનસરોવર સ્થિત ભૈરવ ધૂની અતિ પ્રાચીન સમયની છે.


### પહેલા દિવસે ધર્મ ધ્વજા રોહણ કરાશે

આ કાર્યક્રમમાં પહેલા દિવસે ધર્મ ધ્વજા રોહણ સાથે સાંજે શ્રી સિદ્ધિ ગણેશ ભગવાનની આરતી કરવામાં આવશે. બીજા દિવસે ગૌ માતા પૂજન, ભૈરવ આરતી, કુમારી પૂજન સાથે બાલિકા ભોજન અને સાંજે સંધ્યા ટાણે માનસરોવર કુંડમાં ગંગા આરતી કરવામાં આવશે. ત્રીજા દિવસે નાગા સંન્યાસી તથા સંત સમુદાયની સવારે 9-00 કલાકે શાહી શોભાયાત્રા ભૈરવ ધૂણીથી કોટેશ્વર શાહી સ્નાન માટે પ્રસ્થાન કરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે, આ ત્રિ-દિવસીય આ કાર્યક્રમમાં શ્રી શંભુ પંચ દશનામ આહ્વાન અખાડા તેમજ શ્રી અંબાજી શત સેવા મંડળના અગ્રણી એવા મહંત વિજયગિરી મહારાજના નેતૃત્વમાં યોજાશે. તો અહીં સંતરામ મંદિરમાં બાળક બોલતું ના હોય તો બાધા રખાય છે.

(વધુ અહેવાલ માટે પાનાં નં: 6)

#### મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતો આણંદ-કરમસદ-સોજીત્રા રોડ ૧૩૨ કરોડના ખર્ચે ફોરલેન થશે

## મુખ્યમંત્રીનો નાગરિકોને યાતાયાત માટે વધુ સુવિધાયુક્ત માર્ગો આપવાનો લોકહિતકારી અભિગમ



### ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના માર્ગો ફોરલેન કરવા તથા મેજર બ્રિજ બનાવવા માટે એક જ દિવસમાં કુલ ૨૯૪ કરોડ રૂપિયા ફાળવ્યા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અવિરત વિકાસની ધોરીનસ સમાન રોડ-ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઉત્તરોત્તર વધુ સુદ્રઢ બનાવવા સાથે અંતરિયાળ આદિજાતિ વિસ્તારોને પણ લોકમાંગણી મુજબની રોડ કનેક્ટિવિટી મળે તેવો જનહિતકારી અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં રાજ્યના આદિજાતિ વિસ્તાર કપરાડા તાલુકામાં મેજર બ્રિજ નિર્માણ સહિત ઉત્તર ગુજરાતના વિસનગર, વિજાપુર માર્ગને ફોર લેન કરવા સાથે મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતા મહત્વપૂર્ણ સ્ટેટ હાઈવેને વધુ સુવિધા આપવા એક જ દિવસમાં સમગ્રતયા ૨૯૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના આદિજાતિ વિસ્તાર કપરાડાના ૧૬ જેટલા ગામોની ૨૩ હજારથી વધુ વસ્તીને અવરજવર માટે સગવડ મળે તે માટે દમણગંગા નદી પર મેજર બ્રિજના કામ માટે ૨૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.કપરાડાના ભૂરવડથી દમણગંગા નદીના સામા કાઠાંના ટુકવાડાને જોડતા બ્રિજનું નિર્માણ આ રકમ માંથી થશે. આના પરિણામે શાળાએ જનારા આદિજાતિ ગ્રામીણ વિદ્યાર્થીઓ, ખાનવેલ અને સેલવાસ જી.આઈ.ડી.સી.માં નોકરી-રોજગારી માટે જતા લોકોને અવરજવરમાં વધુ સુગમતા મળશે. મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત રાજ્યના વધુ બે માર્ગોને પણ ફોરલેનમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય કર્યો છે. તદઅનુસાર, મહેસાણા જિલ્લાના વિસનગરથી વિજાપુરના ૨૪ કિલોમીટરના માર્ગને હાલની ૭ મીટર પહોળાઈથી વધારીને ફોરલેન કરવા માટે ૧૩૬.૧૬ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી તેમણે આપી છે. વિસનગરથી વિજાપુર જતાં આ માર્ગ પરથી હિંમતનગર, મોડાસા, ઈડર અને મહિસાગરના લુણાવાડા તરફ જતા ભારે વાહનો પસાર થાય છે, તેના ટ્રાફિક-ભારણને તેમ જ અન્ય વાહનો માટે વધુ સુવિધાયુક્ત માર્ગ આપવાના આશયે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ નિર્ણય કર્યો છે. એટલું જ નહીં, મુખ્યમંત્રીશ્રીએ મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતા આણંદ, કરમસદ, સોજીત્રા તારાપુર રોડને પણ ૧૦ મીટર પહોળાઈથી વધારીને ચારમાર્ગીય કરવા માટે ૧૩૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે.